મહેન્દ્ર સંઘવીની આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014					
જુલાઈ 1	ખરીદ ખાતે	ઉ		9000	
	તે તરુણા ટ્રેડર્સ ખાતે				9000
	[બા.જે. : ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે તરુણા ટ્રેડર્સમાંથી ખરીદ્યો તેના.]				
5	રોકડ ખાતે	ઉ		6650	
	તે વેચાણ ખાતે				6650
	[બા.જે. : ₹ 7000નો માલ 5 % વેપારીવટાવે ગાંધી બ્રધર્સને રોકડેથી વેચ્યો તેના.]				
8	ખરીદ ખાતે	ઉ		10,800	
	તે રોકડ ખાતે				10,260
	તે મળેલ વટાવ ખાતે				540
	[બા.જે. : ₹ 12,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી ખરીદ્યો તેના.]				
10	રોકડ ખાતે	ઉ		9405	
	વટાવ ખાતે	ઉ		495	
	તે વેચાણ ખાતે				9900
	[બા.જે. : ₹ 11,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી વેચ્યો તેના.]				
12	ખરીદ ખાતે	ઉ		7200	
	તે રોકડ ખાતે				3240
	તે વટાવ ખાતે				360
	તે બિહારી બ્રધર્સ ખાતે				3600
	[બા.જે. : ₹ 8000નો માલ 10 % વેપારીવટાવે અને 10 % રોકડવટાવે બિહારી બ્રધર્સમાંથી ખરીદી અડધા નાણાં રોકડા ચૂકવ્યા તેના.]				
15	બિમલ ખાતે	ઉ		13,500	
	તે વેચાણ ખાતે				13,500
	[બા.જે. : ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે બિમલને વેચ્યો તેના.]				
18	બૅન્ક ખાતે	ઉ		6075	
	આપેલ વટાવ ખાતે	ઉ		675	
	તે બિમલ ખાતે				6750
	[બા.જે. : બિમલે અડધી રકમ ચેકથી ચૂકવી અને તેને 10 % રોકડવટાવ આપ્યો તેના.]				

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
22	રોકડ ખાતે ઉ તે બિમલ ખાતે [બા.જે. : બિમલે બાકીની લેણી રકમ ₹ 6750 ચૂકવી તેના.]		6750	6750
25	રોકડ ખાતે ઉ કસર ખાતે ઉ તે સુનીતા ખાતે [બા.જે. : ₹ 1020 સુનીતા પાસેથી લેણા પેટે ચૂકતે હિસાબે ₹ 1000 મળ્યા તેના.]		1000 20	1020
31	વૈશાલી ખાતે ઉ તે બૅન્ક ખાતે તે કસર ખાતે [બા.જે. : વૈશાલીને ₹ 810ના દેવા પેટે ₹ 800નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો તેના.]		810	800 10
	કુલ સરવાળો		**72,380**	**72,380**

11. ઊપજ-ખર્ચના વ્યવહારો (Transactions of Revenue and Expense)

ધંધામાં હિસાબી સમય દરમિયાન અનેક પ્રકારના ખર્ચા નિયમિત સ્વરૂપે થતા હોય છે તેમજ વિવિધ પ્રકારની ઊપજ નિયમિત સ્વરૂપે થતી હોય છે. ઊપજ-ખર્ચ ખાતાના નિયમ અનુસાર ખર્ચ કે નુકસાન ખાતું ઉધાર થાય છે અને ઊપજ કે લાભનું ખાતું જમા કરવામાં આવે છે.

ધંધો ચલાવવા માટે રોજબરોજ થતા કેટલાક ખર્ચા જેવા કે કાગળ, પેન્સિલ, રબર, શાહી, પેન, પત્રકો, રજિસ્ટર વગેરે ઑફિસ માટેની જરૂરી સામગ્રીને સ્ટેશનરી કહેવાય છે તેમજ ધંધાની જાળવણી અંગેના ખર્ચા જેવાકે રંગરોગાન, સમારકામ વગેરે મરામત ખર્ચ ગણી શકાય છે. ઉપરાંત પગાર, મજૂરી, ટેલિફોન ખર્ચ વગેરેનો પણ સમાવેશ થાય છે.

ધંધાના પરચૂરણ ખર્ચા જેવા કે ચા-પાણી-નાસ્તા ખર્ચ, સરભરા કે અન્ય મનોરંજન વગેરે પરચૂરણ ખર્ચ ખાતે ઉધાર કરવામાં આવે છે. ધંધાની વિવિધ ઊપજોમાં મળેલ વ્યાજ, કમિશન, ભાડું, દલાલી અને ડિવિડન્ડનો સમાવેશ થાય છે.

નીચેનાં ઉદાહરણ પરથી ઊપજ-ખર્ચના વ્યવહારોની સમજૂતી મેળવીએ.

ઉદાહરણ 9 : નીચેના વ્યવહારોની શ્રી અરુણ પારેખનાં ચોપડે આમનોંધ લખો.

2014

ઑગસ્ટ 1 દુકાન માટે જરૂરી હિસાબી ચોપડા ₹ 650ના ખરીદ્યા.

2 મજૂરીના ₹ 200 અને લારીભાડાનાં ₹ 100 રોકડા ચૂકવ્યા.

8 કમિશન ₹ 800 મળ્યું.

10 દુકાનમાં રંગરોગાનનો ખર્ચ ₹ 2500 ચૂકવ્યો.

20 વીજળી-બિલ ₹ 1800 ચેકથી ભર્યું.

25 દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ચા-પાણી નાસ્તાના ₹ 1200 ચૂકવ્યા.

30 દલાલીનો ₹ 900નો ચેક મળ્યો.

31 ₹ 50ની નોટ બકરી ખાઈ ગઈ.

શ્રી અરુણ પારેખની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014				
ઑગસ્ટ 1.	સ્ટેશનરી ખર્ચ ખાતે ઉ		650	
	તે રોકડ ખાતે			650
	[બા.જે. : ₹ 650ની સ્ટેશનરી ખરીદી તેના.]			
2.	મજૂરી ખર્ચ ખાતે ઉ		200	
	લારીભાડા ખાતે ઉ		100	
	તે રોકડ ખાતે			300
	[બા.જે. : ₹ 200 મજૂરી તથા ₹ 100 લારીભાડાના રોકડા ચૂકવ્યા તેના.]			
8.	રોકડ ખાતે ઉ		800	
	તે મળેલ કમિશન ખાતે			800
	[બા.જે. : ₹ 800 કમિશન મળ્યું તેના.]			
10.	મરામત ખર્ચ ખાતે ઉ		2500	
	તે રોકડ ખાતે			2500
	[બા.જે. : ₹ 2500 દુકાનમાં રંગરોગાન ખર્ચના ચૂકવ્યા તેના.]			
20.	વીજળી ખર્ચ ખાતે ઉ		1800	
	તે બૅન્ક ખાતે			1800
	[બા.જે. : ₹ 1800 વીજળી બિલ ચેકથી ભર્યું તેના.]			
25.	પરચૂરણ ખર્ચ ખાતે ઉ		1200	
	તે રોકડ ખાતે			1200
	[બા.જે. : ₹ 1200 ચા-પાણી-નાસ્તા ખર્ચના રોકડા ચૂકવ્યા તેના.]			
30.	બૅન્ક ખાતે ઉ		900	
	તે મળેલી દલાલી ખાતે			900
	[બા.જે. : ₹ 900 દલાલીનો ચેક મળ્યો તેના.]			
31.	પરચૂરણ ખર્ચ ખાતે ઉ		50	
	તે રોકડ ખાતે			50
	[બા.જે. : ₹ 50ની ચલણી નોટ બકરી ખાઈ ગઈ તેના.]			
	કુલ સરવાળો		**8200**	**8200**

યાદ રાખો : ધંધામાં કોઈ પણ વિશિષ્ટ કે ચોક્કસ ખાતે ઉધારી ન શકાય તેવા દુકાનને લગતા નજીવા ખર્ચાઓ પરચૂરણ ખર્ચ ખાતે નોંધવામાં આવે છે.

12. ઘાલખાધ (ડુબેલું લેણું) અને ઘાલખાધ પરતના વ્યવહારો (Transactions of Bad Debts and Bad Debts Recovered)

(1) ઘાલખાધ (ડુબેલું લેણું) (Bad debts) : ધંધામાં માલનું વેચાણ વધારવા ગ્રાહકોને ઉધારવેચાણ કરવામાં આવે છે. જ્યારે કોઈ ગ્રાહક નાદાર (દેવાળિયો) જાહેર થાય, ત્યારે ગ્રાહક પાસેથી લેણી નીકળતી રકમ પૂરેપૂરી કે અંશતઃ વસૂલ થઈ શકતી નથી. આવી વસૂલ નહિ થયેલ રકમને ઘાલખાધ કે ડૂબેલું લેણું કહે છે.

ઘાલખાધ એ ધંધાનું નુકસાન હોવાથી ઘાલખાધ ખાતે ઉધાર કરવામાં આવે છે અને નાણાં નહિ આપનાર જે-તે ગ્રાહક કે દેવાદારનું ખાતું જમા કરી તેનું ખાતું બંધ કરવામાં આવે છે. દા.ત., અનિલ નાદાર જાહેર થવાથી તેમની પાસેના લેણાં ₹ 500 માંડી વાળવાના છે. અહીં ઘાલખાધ ખાતે ₹ 500 ઉધારી અનિલ ખાતે ₹ 500 જમા કરવાથી તેમનું ખાતું બંધ થઈ જશે.

(2) ઘાલખાધ પરત (Bad debts recovered) : ભૂતકાળમાં ઘાલખાધ તરીકે માંડી વાળેલી રકમ ગ્રાહક કે દેવાદાર આર્થિક પરિસ્થિતિ સુધરતાં રકમ પરત કરે છે. આવી પરત રકમને ઘાલખાધ પરત કહેવાય છે. ઘાલખાધ પરત ધંધાની ઊપજ હોવાથી ઘાલખાધ પરત ખાતું જમા કરવામાં આવે છે અને રોકડ ધંધામાં આવતી હોવાથી રોકડ ખાતું ઉધારાય છે. કોઈ પણ સંજોગોમાં ગ્રાહક કે દેવાદારનું ખાતું જમા થતું નથી. કારણ કે ભૂતકાળમાં હિસાબી ચોપડે ગ્રાહકનું ખાતું બંધ કરવામાં આવેલ હોય છે.

નીચેના ઉદાહરણ પરથી આ વ્યવહારો વધુ સ્પષ્ટ થશે.

ઉદાહરણ 10 : નીચેના વ્યવહારો પરથી પ્રેરણાના ચોપડામાં આમનોંધ લખો.

2014

માર્ચ 1 વિશાલ નાદાર જાહેર થવાથી તેમની પાસેથી લેણી નીકળતી રકમ ₹ 2000 વસૂલ થઈ શકે તેમ નથી.

5 પરમ પાસેથી ₹ 3000 લેણા હતાં; પરંતુ તેઓ નાદાર જાહેર થતાં ફક્ત ₹ 1800 વસૂલ થયા. બાકીની રકમ માંડીવાળી.

10 ભૂતકાળમાં રોહનના માંડી વાળેલ ઘાલખાધના ₹ 1500 પરત મળેલ છે.

શ્રી પ્રેરણાની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014				
માર્ચ 1	ઘાલખાધ ખાતે ઉ		2000	
	તે વિશાલ ખાતે			2000
	[બા.જે. : વિશાલ નાદાર થતાં લેણી રકમ ₹ 2000 માંડીવાળી તેના.]			
5	રોકડ ખાતે ઉ		1800	
	ઘાલખાધ ખાતે ઉ		1200	
	તે પરમ ખાતે			3000
	[બા.જે. : પરમ પાસેના લેણાં ₹ 3000 પૈકી ₹ 1800 વસૂલ થયા બાકીની રકમ માંડી વાળી તેના.]			
10	રોકડ ખાતે ઉ		1500	
	તે ઘાલખાધ પરત ખાતે			1500
	[બા.જે. : ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધના ₹ 1500 પરત મળ્યા તેના.]			
	કુલ સરવાળો		**6500**	**6500**

બધા જ પ્રકારના વ્યવહારો :

ઉદાહરણ 11 : શ્રી ઓમકાર ટ્રેડર્સના નામે શરૂ કરેલા ધંધાના નીચેના વ્યવહારો તેમની આમનોંધમાં લખો :

2014

ઑક્ટો. 1 ₹ 40,000 રોકડા, ₹ 10,000નું ફર્નિચર, ₹ 8000નો માલ સ્ટૉક અને ₹ 20,000ની પ્રજ્ઞાની 8 ટકાની લોનથી ધંધો શરૂ કર્યો.

2 પેઢીનાં મૂહુર્ત વખતે આઇસક્રીમ તથા અન્ય ખર્ચ ₹ 3500 થયો.

3 બૅન્ક ઑફ બરોડામાં ₹ 25,000 ભરી ખાતું ખોલાવ્યું.

4 ઇલેક્ટ્રોનિક કાંટો ₹ 4000માં ખરીદ્યો.

5 નવકાર ટ્રેડર્સ પાસેથી ₹ 5000નું યંત્ર ખરીદ્યું અને યંત્ર ગોઠવણી ખર્ચના ₹ 500 ચૂકવ્યા.

8 'શિવમ્' ટ્રેડર્સમાંથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

10 ઘરભાડું ₹ 7000 રોકડેથી ચૂકવ્યું અને જિંદગીના વીમાનું પ્રીમિયમ ₹ 1200 ચેકથી ભર્યું.

12 આકાશ ટ્રેડર્સને ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે અને જો 10 દિવસમાં નાણાં ચૂકવે તો 10 % રોકડ વટાવની શરતે વેચ્યો.

15 આકાશ ટ્રેડર્સે તા. 12ના વ્યવહારનાં અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

18 આકાશ ટ્રેડર્સે ₹ 700નો માલ આપણને પરત કર્યો.

20 બૅન્ક ઑફ બરોડામાંથી દુકાન ખર્ચ માટે ₹ 2000 રોકડા ઉપાડ્યા.

21 અમર ટ્રેડર્સમાંથી ₹ 6000નો માલ 10 % વેપારી વટાવ અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. અડધા નાણાં રોકડા ચૂકવ્યા.

24 ₹ 500નો માલ મહિલા વિકાસગૃહમાં ધર્માદામાં આપ્યો.

25 નમૂના તરીકે ₹ 750નો માલ મફત વહેંચ્યો.

26 વિકાસ એજન્સીનો ₹ 3000નો માલ મોકલવાનો ઑર્ડર આપ્યો.

28 ધંધાના માલિક ₹ 2000નો માલ તથા પુત્રની ટ્યૂશન ફી ભરવા માટે ₹ 800 રોકડા ધંધામાંથી લઈ ગયા.

31 પ્રજ્ઞાની 8 ટકાની લોન પર ત્રણ માસનું વ્યાજ ચૂકવ્યું.

શ્રી ઓમકાર ટ્રેડર્સની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014				
ઑક્ટો 1.	રોકડ ખાતે ઉ		60,000	
	ફર્નિચર ખાતે ઉ		10,000	
	માલ સ્ટૉક ખાતે ઉ		8000	
	તે પ્રજ્ઞાની લોન ખાતે			20,000
	તે મૂડી ખાતે			58,000
	[બા.જે. : ₹ 40,000 રોકડ, ₹ 10,000 ફર્નિચર, ₹ 8000નો માલ સ્ટૉક અને ₹ 20,000 8 ટકાની પ્રજ્ઞાની લોન લઈ ધંધો શરૂ કર્યો તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	પરચૂરણ ખર્ચ ખાતે ઉ		3500	
	તે રોકડ ખાતે			3500
	[બા.જે. : ₹ 3500 પેઢીના મૂહુર્ત વખતે થયેલ ખર્ચના ચૂકવ્યા તેના.]			
3	બૅન્ક ખાતે ઉ		25,000	
	તે રોકડ ખાતે			25,000
	[બા.જે. : ₹ 25,000 બૅન્કમાં રોકડા ભરી ખાતું ખોલાવ્યું તેના.]			
4	ડેડસ્ટૉક ખાતે ઉ		4000	
	તે રોકડ ખાતે			4000
	[બા.જે. : ₹ 4000નો ઇલેક્ટ્રોનિક વજન કાંટો ખરીદ્યો તેના.]			
5	યંત્ર ખાતે ઉ		5500	
	તે નવકાર ટ્રેડર્સ ખાતે			5000
	તે રોકડ ખાતે			500
	[બા.જે. : ₹ 5000નું શાખ પર યંત્ર ખરીદી અને ગોઠવણી ખર્ચના ₹ 500 ચૂકવ્યા તેના.]			
8	ખરીદ ખાતે ઉ		9000	
	લારીભાડા ખાતે ઉ		50	
	તે શિવમ્ ટ્રેડર્સ ખાતે			9000
	તે રોકડ ખાતે			50
	[બા.જે. : ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદી અને ₹ 50 લારીભાડાનાં રોકડા ચૂકવ્યા તેના.]			
10	ઉપાડ ખાતે ઉ		8200	
	તે રોકડ ખાતે			7000
	તે બૅન્ક ખાતે			1200
	[બા.જે. : ₹ 7000 ઘરભાડું રોકડેથી તથા ₹ 1200 જીવન વીમાનું પ્રીમિયમ ચેકથી ચૂકવ્યું તેના.]			
12	આકાશ ટ્રેડર્સ ખાતે ઉ		4500	
	તે વેચાણ ખાતે			4500
	[બા.જે. : ₹ 5000નો માલ આકાશ ટ્રેડર્સને 10 % વેપારી વટાવે વેચ્યો તેના.]			
15	બૅન્ક ખાતે ઉ		2025	
	વટાવ ખાતે ઉ		225	
	તે આકાશ ટ્રેડર્સ ખાતે			2250
	[બા.જે. : આકાશ ટ્રેડર્સે અડધા નાણાં ₹ 2250 પેટે ₹ 2025નો ચેક આપ્યો અને 10 % વટાવ આપ્યો.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
18	વેચાણમાલ પરત ખાતે ઉ તે આકાશ ટ્રેડર્સ ખાતે [બા.જે. : ₹ 700નો માલ આકાશ ટ્રેડર્સે પરત કર્યો તેના.]		700	 700
20	રોકડ ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : ₹ 2000 દુકાન ખર્ચ માટે બૅન્કમાંથી ઉપાડ્યા તેના.]		2000	 2000
21	ખરીદ ખાતે ઉ તે રોકડ ખાતે તે મળેલ વટાવ ખાતે તે અમર ટ્રેડર્સ ખાતે [બા.જે. : ₹ 6000નો માલ 10 % વેપારીવટાવ અને 5 % રોકડવટાવે અમર ટ્રેડર્સ પાસેથી માલ ખરીદ્યો અડધા નાણાં રોકડા ચૂકવ્યા તેના.]		5400	 2565 135 2700
24	ધર્માદા ખર્ચ ખાતે ઉ તે ખરીદ ખાતે [બા.જે. : ₹ 500નો માલ ધર્માદામાં આપ્યો તેના.]		500	 500
25	જાહેરાત ખર્ચ ખાતે ઉ તે ખરીદ ખાતે [બા.જે. : ₹ 750નો માલ જાહેરાત માટે મફતમાં વહેંચ્યો તેના.]		750	 750
26	બિનઆર્થિક વ્યવહાર છે. નોંધ થશે નહિ.			
28	ઉપાડ ખાતે ઉ તે ખરીદ ખાતે તે રોકડ ખાતે [બા.જે. : ₹ 2000નો માલ અંગત વપરાશ માટે તથા ₹ 800 અંગત ઉપયોગ માટે રોકડ લઈ ગયા તેના.]		2800	 2000 800
31	લોનના વ્યાજ ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : ₹ 20,000ની 8 % પ્રજ્ઞાની લોન પર ત્રણ માસનું વ્યાજ ₹ 400 ચૂકવ્યું તેના.]		400	 400
	કુલ સરવાળો		**1,52,550**	**1,52,550**

વ્યવહારોની ટૂંકી સમજૂતી :

ઑક્ટો. 1 ધંધામાં આવતી કુલ મિલકતો : રોકડ ₹ 60,000, ફર્નિચર ₹ 10,000 અને માલસ્ટોક ₹ 8000 = કુલ મિલકતો ₹ 78,000. આ મિલકતો સાથે લીધેલી લોન ₹ 20,000.

∴ બાકીની મિલકતો ₹ 58,000 ની માલિકની કહેવાય જે તેની મૂડી દર્શાવેલ છે.

4 ધંધા માટે ખરીદેલ તોલમાપનાં સાધનો ડેડસ્ટૉક ખાતે લખાય છે.

5 યંત્ર ગોઠવણીની મજૂરી યંત્રની કિંમતમાં ઉમેરી યંત્ર ખાતે ઉધારાય છે.

8 માલની કુલ કિંમતમાંથી 10 % રોકડવટાવ બાદ કરી ચોખ્ખી રકમની નોંધ કરેલ છે.

15 આ વ્યવહારમાં ₹ 5000ના માલના વેપારી વટાવના ₹ 500 બાદ કરતાં ₹ 4500 ચોખ્ખી રકમ મળે તેમાંથી અડધી રકમ ₹ 2250ના 10 % રોકડવટાવ ₹ 225 વટાવ ખાતે ઉધારેલ છે.

20 આ વ્યવહારમાં દુકાન ખર્ચ માટે રોકડા ઉપાડ્યા છે. ખર્ચ થયો નથી તેથી રોકડ ખાતે ઉધાર કરેલ છે.

28 ધંધાનો માલિક અંગત વપરાશ માટે માલ તથા રોકડ લઈ જાય છે, તેથી ઉપાડ ખાતે ઉધારેલ છે.

31 આ વ્યવહારમાં લોનનું વ્યાજ નીચે મુજબ ગણેલ છે :

₹નું	માસનું	₹ વ્યાજ
100	12	8
20,000	3	?

$$= \frac{20,000 \times 3 \times 8}{100 \times 12}$$

= ₹ 400 વ્યાજ મળશે.

ઉદાહરણ 12 : નીચેના વ્યવહારો પરથી શ્રી રાજવીરના ચોપડામાં આમનોંધ લખો.

2014

ઑગસ્ટ 1 ₹ 50,000 રોકડા, ₹ 25,000નાં લેણાં, ₹ 10,000નાં દેવાં અને ₹ 15,000નો માલ સ્ટૉક ધંધામાં લાવી વેપાર શરૂ કર્યો.

2 શ્રીમતી પાસેથી ₹ 30,000ની લોન 10 % વ્યાજે લીધી.

3 જયવીર પાસેથી ₹ 20,000માં લેપટોપ રોકડેથી ખરીદ્યું તથા અન્ય ખર્ચનાં ₹ 500 ચૂકવ્યા.

4 દેના બૅન્કમાં ₹ 15,000 ભરી ખાતું ખોલાવ્યું.

5 રૉયલ સ્ટોર્સ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર ખરીદ્યો. તેમણે આપણા વતી રેલવેનૂરના ₹ 2000 અને મજૂરીનાં ₹ 1000 ચૂકવ્યા.

6 રૉયલ સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલ પૈકી ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે ભગવતીને વેચ્યો. તેમના વતી આપણે રેલવેનૂરના ₹ 1000 અને મજૂરીનાં ₹ 500 ચૂકવ્યા.

7 ₹ 50,000નો માલ કૃતિ પાસેથી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

8 ભગવતીને વેચેલ માલ પૈકી ₹ 540નો માલ પરત આવ્યો, જે આપણે રૉયલ સ્ટોર્સને પરત કર્યો.

9 નિરાલીને ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે વેચ્યો, અડધી રકમ રોકડમાં મળી.

10 ભૌતિકને ₹ 20,000નો માલ 30 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે (જો 10 દિવસમાં નાણાં ચૂકવે તો) વેચ્યો.

11 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ₹ 1500 ચૂકવ્યું.

12 અંગત ડિવિડન્ડ ₹ 800 મળ્યું, જે ધંધાના બૅન્ક ખાતામાં ભર્યું.

13 નિરાલીએ (તા. 9ના વેચાણ પૈકીનો) ₹ 650નો માલ પરત કર્યો.

14 મફત નમૂના તરીકે ₹ 400નો માલ મળ્યો તે માલ ગ્રાહકોને જાહેરાત માટે મફત વહેંચ્યો.

15 ભૌતિક પાસેથી અડધી રકમનો ચેક મળ્યો અને રોકડ વટાવ કાપી આપ્યો.

16 નિરાલીએ પરત કરેલ (તા. 13નો) માલ કૃતિને મોકલી આપ્યો.

17 ₹ 7000નું યંત્ર ખરીદ્યું અને યંત્ર ગોઠવણીની મજૂરીનાં ₹ 500 રોકડા ચૂકવ્યા.

18 નમૂના તરીકે ₹ 300નો માલ મફત મળ્યો.

19 રૉયલ સ્ટોર્સને ₹ 100 વટાવ કાપી ચૂકતેના હિસાબે ચેક આપ્યો.

20 નિરાલીએ ₹ 50 કસર કાપી હિસાબ ચૂકતે કર્યો.

21 ભૌતિકે હિસાબ પેટે ₹ 5000 રોકડા અને બાકીની રકમનો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

22 ₹ 4000નો માલ આગમાં નાશ પામ્યો જેનો વીમા કંપનીએ ₹ 3000નો દાવો મંજૂર કર્યો. નાશ પામેલ માલના વેચાણની ₹ 200 ઊપજ મળી.

23 વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે ₹ 5000ની મૂળકિંમતનો માલ રોકડેથી વેચ્યો.

24 શ્રીમતીની લોન પર એક માસનું વ્યાજ ચૂકવ્યું.

25 રેલવે અકસ્માતમાં ₹ 2500નો માલ નાશ પામ્યો.

26 અદાણી પાવર લિ.ના 50 શૅર ₹ 300ના શૅર દીઠ બજારભાવે ખરીદ્યા અને 2 % દલાલી સહિતનાં નાણાં ચેકથી ચૂકવ્યા.

27 ₹ 2500નું ધંધાનું કમ્પ્યૂટર ₹ 1000માં કરુણાને વેચ્યું.

28 પેઢીનું વીજળી બિલ ₹ 1800 અને ટેલિફોન બિલ ₹ 700 ચેકથી ચૂકવ્યું.

29 બૅન્કે વ્યાજના ₹ 200 જમા કર્યા છે તથા ₹ 100 બૅન્ક ચાર્જિસના ઉધાર કર્યા છે.

30 ₹ 500નો માલ ચોરાઈ ગયો અને ₹ 200નો માલ વરસાદમાં પલળી ગયો.

31 ₹ 1000ના છૂટા લીધા, જેમાં ₹ 100ની એક નોટ ખોટી આવી ગઈ, જેનું બજારમાં કશું ઊપજે તેમ નથી.

શ્રી રાજવીરની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014				
ઑગસ્ટ 1	રોકડ ખાતે ઉ		50,000	
	દેવાદારો ખાતે ઉ		25,000	
	માલ સ્ટૉક ખાતે ઉ		15,000	
	તે લેણદારો ખાતે			10,000
	તે મૂડી ખાતે			80,000
	[બા.જે. : ₹ 50,000 રોકડ, ₹ 25,000 લેણાં, ₹ 15,000નો માલ સ્ટૉક અને ₹ 10,000નાં દેવા લાવી ધંધો શરૂ કર્યો તેના.]			
2	રોકડ ખાતે ઉ		30,000	
	તે શ્રીમતીની લોન ખાતે			30,000
	[બા.જે. : ₹ 30,000ની શ્રીમતી પાસેથી 10 ટકાની લોન લીધી તેના.]			
3	લેપટોપ (મિલકત) ખાતે ઉ		20,500	
	તે રોકડ ખાતે			20,500
	[બા.જે. : ₹ 20,000નું લેપટોપ ખરીદ્યું અને અન્ય ખર્ચ ₹ 500 ચૂકવ્યો તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	બૅન્ક ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : ₹ 15,000 રોકડા ભરી દેના બૅન્કમાં ખાતું ખોલાવ્યું તેના.]		15,000	 15,000
5	ખરીદ ખાતે ઉ રેલવેનૂર ખાતે ઉ મજૂરી ખાતે ઉ તે રૉયલ સ્ટોર્સ ખાતે [બા.જે. : રૉયલ સ્ટોર્સમાંથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર ખરીદ્યો. તેમણે આપણા વતી રેલવેનૂર અને મજૂરીના ચૂકવ્યા તેના.]		27,000 2000 1000	 30,000
6	ભગવતી ખાતે ઉ તે વેચાણ ખાતે તે રોકડ ખાતે [બા.જે. : ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવીને 10 % વેપારી વટાવે શાખ પર વેચ્યો અને તેમના વતી રેલવેનૂર અને મજૂરીના ચૂકવ્યા તેના.]		17,700	 16,200 1500
7	ખરીદ ખાતે ઉ તે કૃતિ ખાતે તે બૅન્ક ખાતે તે મળેલ વટાવ ખાતે [બા.જે. : ₹ 50,000નો માલ કૃતિ પાસેથી 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે ખરીદી અડધી રકમનો ચેક આપ્યો તેના.]		45,000	 22,500 20,250 2250
8	વેચાણમાલ પરત ખાતે ઉ તે ભગવતી ખાતે [બા.જે. : ભગવતીને વેચેલ માલ પૈકી ₹ 540નો માલ પરત મળ્યો તેના.]		540	 540
8	રૉયલ સ્ટોર્સ ખાતે ઉ તે ખરીદમાલ પરત ખાતે [બા.જે. : ભગવતીએ પરત કરેલ માલ આપણે રૉયલ સ્ટોર્સને પરત કર્યો ₹ 500 મૂ.કિં.નો તેના.]		500	 500
9	નિરાલી ખાતે ઉ રોકડ ખાતે ઉ વટાવ ખાતે ઉ તે વેચાણ ખાતે [બા.જે. : નિરાલીને ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારીવટાવ તથા 10 % રોકડવટાવે વેચ્યો જે પેટે અડધી રકમ રોકડમાં મળી તેના.]		8100 7290 810	 16,200

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
10	ભૌતિક ખાતે ઉ		23,400	
	તે વેચાણ ખાતે			23,400
	[બા.જે. : ₹ 20,000નો માલ 30 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે વેચ્યો તેના.]			
11	જાહેરાત ખર્ચ ખાતે ઉ		1500	
	તે રોકડ ખાતે			1500
	[બા.જે. : ₹ 1500 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ચૂકવ્યું તેના.]			
12	બૅન્ક ખાતે ઉ		800	
	તે મૂડી ખાતે			800
	[બા.જે. : અંગત ડિવિડન્ડ ₹ 800 જે ધંધાના બૅન્ક ખાતામાં ભર્યું તેના.]			
13	વેચાણમાલ પરત ખાતે ઉ		650	
	તે નિરાલી ખાતે			650
	[બા.જે. : તા. 9ના વેચાણ પૈકીનો ₹ 650નો માલ નિરાલીએ પરત કર્યો તેના.]			
14	બિનઆર્થિક વ્યવહાર છે.			
15	બૅન્ક ખાતે ઉ		10,530	
	વટાવ ખાતે ઉ		1170	
	તે ભૌતિક ખાતે			11,700
	[બા.જે. : ₹ 23,400નાં લેણાં પેટે ભૌતિક પાસેથી અડધી રકમનો ₹ 10,530નો ચેક મળ્યો અને ₹ 1170 વટાવ કાપી આપ્યો તેના.]			
16	કૃતિ ખાતે ઉ		602	
	તે ખરીદમાલ પરત ખાતે			602
	[બા.જે. : નિરાલીએ પરત કરેલ માલ ₹ 602નો મૂળકિંમતે કૃતિને પરત કર્યો તેના.]			
17	યંત્ર ખાતે ઉ		7500	
	તે રોકડ ખાતે			7500
	[બા.જે. : ₹ 7000નું યંત્ર ખરીદી યંત્ર ગોઠવણીના ₹ 500 સહિત રોકડા ચૂકવ્યા તેના.]			
18	બિનઆર્થિક વ્યવહાર છે.			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
19	રૉયલ સ્ટોર્સ ખાતે ઉ તે બૅન્ક ખાતે તે વટાવ ખાતે [બા.જે. : ₹ 29,500નાં દેવા પેટે રૉયલ સ્ટોર્સને ₹ 100 કાપી ચૂકતે હિસાબે ચેક આપ્યો તેના.]		29,500	 29,400 100
20	રોકડ ખાતે ઉ વટાવ ખાતે ઉ તે નિરાલી ખાતે [બા.જે. : નિરાલીએ ₹ 50 કસર કાપી હિસાબ ચૂકતે કર્યો તેના.]		7400 50	 7450
21	રોકડ ખાતે ઉ બૅન્ક ખાતે ઉ તે ભૌતિક ખાતે [બા.જે. : ₹ 11,700નાં લેણાં પેટે ભૌતિકે ₹ 5000 રોકડા તથા બાકીની રકમનો ₹ 6700નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો તેના.]		5000 6700	 11,700
22	વીમાકંપની ખાતે ઉ રોકડ ખાતે ઉ આગથી થયેલ નુકસાન ખાતે ઉ તે ખરીદ ખાતે [બા.જે. : ₹ 4000નો માલ આગથી નાશ પામ્યો, જે પેટે વીમાકંપનીએ ₹ 3000 દાવો મંજૂર કર્યો તેમજ ભંગાર વેચાણના ₹ 200 ઊપજ્યા અને તફાવતની રકમ ₹ 800નું નુકસાન થયું તેના.]		3000 200 800	 4000
23	રોકડ ખાતે ઉ તે વેચાણ ખાતે [બા.જે. : વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે ₹ 5000નો માલ રોકડેથી વેચ્યો તેના.]		6250	 6250
24	લોનના વ્યાજ ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : લોન પર એક માસનું વ્યાજ ₹ 250 ચૂકવ્યું તેના.]		250	 250
25	અકસ્માતથી થયેલ નુકસાન ખાતે ઉ તે ખરીદ ખાતે [બા.જે. : ₹ 2500નો માલ રેલવે અકસ્માતમાં નાશ પામ્યો તેના.]		2500	 2500

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
26	અદાણી પાવર લિ. શૅરના રોકાણ ખાતે ઉ		15,300	
	તે બૅન્ક ખાતે			15,300
	[બા.જે. : ₹ 300ના ભાવનાં 50 શૅર ખરીદ્યા, 2 % દલાલી સહિત ચેકથી નાણાં ચૂકવ્યા તેના.]			
27	કરુણા ખાતે ઉ		1000	
	કમ્પ્યૂટર વેચાણના નુકસાન ખાતે ઉ		1500	
	તે કમ્પ્યૂટર ખાતે			2500
	[બા.જે. : ₹ 1000માં કરુણાને કમ્પ્યૂટર વેચી ₹ 1500 નુકસાન ઉધાર કર્યું તેના.]			
28	વીજળી ખર્ચ ખાતે ઉ		1800	
	ટેલિફોન ખર્ચ ખાતે ઉ		700	
	તે બૅન્ક ખાતે			2500
	[બા.જે. : ₹ 1800 વીજળી બિલ તથા ₹ 700 ટેલિફોન બિલ ચેકથી ચૂકવ્યું તેના.]			
29	બૅન્ક ખાતે ઉ		200	
	તે બૅન્ક વ્યાજ ખાતે			200
	[બા.જે. : ₹ 200 બૅન્કે વ્યાજના જમા કર્યા તેના.]			
29	બૅન્ક ચાર્જિસ ખાતે ઉ		100	
	તે બૅન્ક ખાતે			100
	[બા.જે. : ₹ 100 બૅન્કે બૅન્કચાર્જિસના ઉધાર કર્યા તેના.]			
30	ચોરીથી થયેલ નુકસાન ખાતે ઉ		500	
	તે ખરીદ ખાતે			500
	[બા.જે. : ₹ 500નો માલ ચોરાઈ ગયો તેનાં.]			
30	વરસાદથી થયેલ નુકસાન ખાતે ઉ		200	
	તે ખરીદ ખાતે			200
	[બા.જે. : ₹ 200નો માલ વરસાદમાં પલળી ગયો તેના.]			
31	પરચૂરણ નુકસાન ખાતે ઉ		100	
	તે રોકડ ખાતે			100
	[બા.જે. : ₹ 1000નાં છૂટા લેતાં ₹ 100ની એક નોટ બનાવટી નીકળી તેના.]			
	કુલ સરવાળો		**3,94,642**	**3,94,642**

વિશિષ્ટ વ્યવહારોની સમજૂતી નીચે મુજબ છે :

ઑગસ્ટ 1 ₹ 50,000 રોકડા + ₹ 25,000 દેવાદારો + ₹ 5000 માલ સ્ટૉક − ₹ 10,000 લેણદારો = ₹ 80,000 મૂડીની રકમ

5 રૉયલ સ્ટોર્સ પાસેથી ₹ 30,000ના માલમાંથી 10 % વેપારી વટાવ બાદ કરતાં ₹ 27,000ની ચોખ્ખી રકમ ખરીદ ખાતે ઉધાર કરી, રૉયલ સ્ટોર્સ ખાતે જમા કરેલ છે.

6 ભગવતીને વેચેલ માલની ગણતરી :

₹ 15,000ના માલ પર 20 % નફો ચઢાવતાં ધારો કે,

₹ મૂ.કિ.	₹ નફો
100	20
15,000	?

$= \frac{15,000 \times 20}{100}$

= ₹ 3000 નફો

વેચાણકિંમત = ₹ 15,000 + ₹ 3000

= ₹ 18,000

હવે વેચાણકિંમત પર 10 % વેપારીવટાવ બાદ કરતાં

ચોખ્ખી રકમ = ₹ 18,000 − ₹ 1800

= ₹ 16,200 વેચાણકિંમત

7 કૃતિ પાસેથી ખરીદેલ માલની ગણતરી :

₹	50,000	કુલ કિંમત
− ₹	5000	10 % વેપારીવટાવ
₹	45,000	ચોખ્ખી કિંમત
− ₹	22,500	અડધી રકમ ચૂકવતાં
₹	22,500	ના 10 % રોકડવટાવ (ચૂકવેલ અડધી રકમ)
− ₹	2250	રોકડ વટાવ
₹	20,250	નો ચેક આપેલ છે.

8 ભગવતીએ પરત કરેલ માલની ગણતરી :

ભગવતીને વેચેલો માલ ₹ 540 પરત આવેલ છે. જે વેચાણમાલ પરત ખાતે ઉધાર કરી, ભગવતી ખાતે જમા કરેલ છે. આ માલ આપણે રૉયલ સ્ટોર્સને મૂળકિંમતે પરત કરવો પડે, જેની ગણતરી નીચે મુજબ છે :

ધારો કે ₹ 100ની મૂ.કિં.નો માલ હોય તો ₹ 20 નફો ઉમેરતાં વેચાણકિંમત ₹ 120 મળે, તેમાંથી 10 % લેખે વેપારીવટાવ ₹ 12 બાદ કરતાં ₹ 108 વેચાણકિંમત મળશે. હવે ત્રિરાશી મૂકતાં...

પરત આવેલ માલ	મૂ.કિંમત
₹ 108	₹ 100
₹ 540	?

$= \frac{540 \times 100}{108}$

= ₹ 500 મૂળકિંમત ગણાય. તા. 8ની આમનોંધ જુઓ.

9 નિરાલીને વેચેલ માલની ગણતરી :

₹ 15,000 માલની કિંમત + 20 % નફો ₹ 3000 = ₹ 18,000 વેચાણકિંમત જેમાંથી 10 % વેપારીવટાવ ₹ 1800 બાદ કરતાં ₹ 16,200 જેમાંથી અડધી રકમ ₹ 8100 ચૂકવાય છે. તેથી તે રકમનાં 10 % લેખે રોકડવટાવ ₹ 810 બાદ કરતાં બાકીની રકમ ₹ 7290 રોકડ રકમ ગણેલ છે. તા. 9ની આમનોંધ જુઓ.

10 ભૌતિકને વેચેલ માલની ગણતરી :

₹	20,000	કુલ કિંમત
+ ₹	6000	30 % નફો $(\frac{20000 \times 30}{100})$
₹	26,000	વેચાણકિંમત
− ₹	2600	10% વેપારીવટાવ
₹	23,400	ચોખ્ખી વેચાણકિંમત

12 અંગત ડિવિડન્ડની રકમ ધંધાના બૅન્ક ખાતામાં ભરતાં મૂડી લાવ્યા ગણાય, તેથી મૂડી ખાતે રકમ જમા કરેલ છે.

13 નિરાલીએ ₹ 650નો માલ પરત કરેલ છે, જે વેચાણમાલ પરત ગણાય.

15 ભૌતિકને વેચેલ માલનો હિસાબ :

તા. 10ના વ્યવહાર મુજબ વેચેલ માલ ₹ 23,400 છે. જેમાંથી અડધી રકમ મળે તો ₹ 11,700 મળવાપાત્ર થાય. તેના પર શરત મુજબ 10 % રોકડવટાવ $\frac{11700 \times 10}{100}$ = ₹ 1170 બાદ કરતાં ₹ 10,530નો ચેક મળેલ છે. તા. 15ની આમનોંધ તપાસો.

16 નિરાલીએ ₹ 650નો માલ પરત કરેલ છે, જેમાં 20 % નફો સમાયેલ છે. તેથી તેની મૂળકિંમત નીચે મુજબ શોધાશે. ધારો કે ₹ 100નાં માલ પર 20 % નફો ચઢાવતાં ₹ 120 વેચાણકિંમત થાય, જેમાંથી 10 % વેપારીવટાવ બાદ કરતાં (₹ 120 − ₹ 12) = ₹ 108 ચોખ્ખી રકમ મળે.

પરત આવેલ માલ	મૂળકિંમત
₹ 108	₹ 100
₹ 650	?

$= \frac{650 \times 100}{108}$ = ₹ 601.85

∵ ₹ 602 મૂ.કિં. ગણવી, તા. 16ની આમનોંધ જુઓ.

17 યંત્રની કિંમત ₹ 7000 તથા યંત્ર ગોઠવણીની મજૂરીનાં ₹ 500 = ₹ 7500 રોકડા ચૂકવેલ છે.

19 રૉયલ સ્ટોર્સનો હિસાબ :

તા. 5 મુજબ ખરીદેલ માલ	₹	30,000
બાદ : પરત કરેલ માલ (તા. 8 ભગવતીનો વ્યવહાર)	₹	500
ચૂકવવા પાત્ર રકમ	₹	29,500
બાદ : વટાવ	₹	100
ચૂકવેલ રકમનો ચેક	₹	29,400

20 નિરાલીનો હિસાબ :

તા. 9ના રોજ વેચેલ માલની બાકી રકમ	₹	8100
બાદ : તા. 13નો વ્યવહાર માલ પરત	₹	650
મળવાપાત્ર બાકી રકમ	₹	7450
બાદ : કસર	₹	50
ચૂકતે હિસાબે મળેલ રકમ	₹	7400

21 ભૌતિકનો હિસાબ :

તા. 10ના રોજ વેચેલ માલ	₹	23,400
બાદ : અડધાનાં નાણાં મળ્યા તા. 15	₹	11,700
મળવાપાત્ર બાકી રકમ	₹	11,700

નોંધ : મુદત વીત્યા પછી ભૌતિક નાણાં ચૂકવતો હોવાથી રોકડ વટાવનો લાભ મળશે નહિ. અહીં ₹ 5000 રોકડા અને બાકીની રકમ ₹ 6700નો ચેક મળેલ છે.

22 આગથી ₹ 4000નો માલ નાશ પામ્યો. જે પેટે વીમા કંપનીએ ₹ 3000નો દાવો મંજૂર કર્યો અને માલ વેચાણની ઊપજ ₹ 200 મળી કુલ ઊપજ ₹ 3200 થાય છે. તેથી તફાવતની રકમ ₹ 800નું નુકસાન ગણી, આગથી થયેલ નુકસાન ખાતે ઉધારેલ છે.

23 વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે માલનું વેચાણ કરવું છે. ધારો કે વેચાણકિંમત ₹ 100 હોય, તેના પર 20 % નફો મળે છે. તેથી મૂ.કિં. = વે.કિં. – નફો (100 – 20) = ₹ 80 થશે. હવે,

₹ મૂ.કિં.	₹ વે.કિં.
80	100
5000	?

$= \frac{5000 \times 100}{80}$ = ₹ 6250 વેચાણકિંમત મળશે.

24 શ્રીમતીની લોન પર વ્યાજની ગણતરી :

રૂપિયાનું	માસનું	₹ વ્યાજ
100	12	10
30,000	1	?

$= \frac{30,000 \times 1 \times 10}{100 \times 12}$ = ₹ 250 વ્યાજ થશે.

26 અદાણી પાવર લિ.ના શૅર રોકાણની રકમ :

શૅર નંગ 50 × શૅરદીઠ ભાવ ₹ 300	= ₹ 15,000
+ શૅરદલાલી 2 % ($\frac{15,000 \times 2}{100}$)	= ₹ 300
ચેકથી ચૂકવેલ રકમ	= ₹ 15,300

29 બૅન્કે વ્યાજના જમા કરેલ છે, તે ધંધાની ઊપજ ગણાય અને બૅન્ક ચાર્જિસ ધંધા માટે ખર્ચ ગણાય છે.

31 ₹ 1000ના છૂટા લીધા જેમાં ₹ 100ની એક નોટ ખોટી હોવાથી ધંધાનું પરચૂરણ નુકસાન ગણી પરચૂરણ નુકસાન ખાતે ઉધારેલ છે અને રોકડ ધંધામાંથી જાય છે, માટે રોકડ ખાતે જમા કરેલ છે.

13. વસેક સહિતના વ્યવહારો (Transactions with GST)

પ્રકરણ 3માં વસ્તુઓ અને સેવાઓ કર (વસેક) અંગેની માહિતી મેળવવામાં આવી છે.

વસેકની ધંધાના વ્યવહારોમાં કયા પ્રકારની હિસાબી અસરો થાય તે અંગેનાં ઉદાહરણો દ્વારા સમજૂતી આપવામાં આવેલ છે. આ કર હેઠળ વસ્તુઓ અને સેવાઓ બંનેનો સમાવેશ કરવામાં આવેલ છે, તેથી વસેકની ગણતરી અને હિસાબી અસરો અહીં સમજાવવામાં આવેલ છે.

વસેકની અસરો સમજાવવા માટે વ્યવહારોનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવેલ છે :

(1) વસેક (GST) સાથેના માલ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 13)

(2) વસેક (GST) સાથેના ઉપજ-ખર્ચ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 14)

(3) વસેક (GST) સાથેના મિલકત અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 15)

(4) વસેક (GST) સાથેના સંયુક્ત વ્યવહારો (ઉદાહરણ નં. 16, 17)

(5) વસેક (GST)ની હિસાબી પતાવટ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 18, 19)

નોંધ : આ પુસ્તકમાં ઉદાહરણ અને સ્વાધ્યાયમાં આપવામાં આવેલ વસેકનાં દર સૈદ્ધાંતિક સમજૂતી માટે આપવામાં આવેલ છે. વસેકનાં વાસ્તવિક દર જુદા હોઈ શકે.

(1) વસેક (GST) સાથેના માલ અંગેના વ્યવહારો :

ઉદા.13 : નીચેના વ્યવહારો પરથી અમદાવાદના શ્રી અશ્વિન પટેલના ચોપડે જાન્યુઆરી, 2019ની આમનોંધ લખો. શ્રી અશ્વિન પટેલનાં ધંધાના વ્યવહારોને કેન્દ્રીય વસેક (CGST) 6 % લેખે તેમજ રાજ્ય વસેક (SGST) 6 % લેખે લાગુ પડે છે. તેમજ સંકલિત વસેક (IGST) માટે 12 % દર લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. 1 સુરતના સુરેશભાઈ પાસેથી ₹ 10,000નો માલ ખરીદ્યો. આપણે રેલવેનૂરના ₹ 2000 અને મજૂરીનાં ₹ 500 સહિતની રકમ ચેકથી ચૂકવી.

4 આણંદના અમૂલભાઈ પાસેથી ₹ 8000નો માલ ખરીદ્યો.

7 જયપુર (રાજસ્થાન)ના રાજેશભાઈ પાસેથી ₹ 15,000નો માલ ચેકથી ખરીદ્યો.

9 મુંબઈ (મહારાષ્ટ્ર)ના મનોજભાઈ પાસેથી ₹ 12,000નો માલ ખરીદ્યો.

10 આણંદના અમૂલભાઈને ₹ 2000નો માલ પરત કર્યો.

12 મુંબઈ (મહારાષ્ટ્ર)ના મનોજભાઈને ₹ 3000નો માલ પરત કર્યો.

15 કેશોદના કેવલભાઈને ₹ 15,000નો માલ ચેકથી વેચ્યો.

17 વલસાડના વિનોદભાઈને ₹ 20,000નો માલ વેચ્યો. તેમના વતી આપણે રેલવેનૂરના ₹ 1000 અને મજૂરીનાં ₹ 1000 રોકડા ચૂકવ્યા.

20 દિલ્હીના દિનેશભાઈને ₹ 12,000નો માલ ચેકથી વેચ્યો.

22 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભાવેશભાઈને ₹ 18,000નો માલ વેચ્યો.

25 વલસાડના વિનોદભાઈએ ₹ 2500ની મૂળકિંમતનો માલ પરત કર્યો. (અહીં, મૂળકિંમત એટલે વસેક સિવાયની માલની કિંમત ગણવી.)

31 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભાવેશભાઈએ ₹ 3000નો માલ પરત કર્યો.

નોંધ : જ્યારે પ્રશ્નમાં ધંધાના સ્થળ (location) અંગે ઉલ્લેખ ન હોય ત્યારે જે-તે વ્યવહાર જે-તે રાજ્યની અંદર થયો છે તેમ સમજીને CGST અને SGST ની ગણતરી કરવી. રાજ્ય બહારના વ્યવહારમાં સ્થળ અચૂક લખવું અને કૌંસમાં રાજ્યનો ઉલ્લેખ કરવો.

શ્રી અશ્વિન પટેલની આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2019					
જાન્યુ. 1	ખરીદ ખાતે	ઉ		10,000	
	રેલવેનૂર ખાતે	ઉ		2000	
	મજૂરી ખાતે	ઉ		500	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		750	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		750	
	તે બૅન્ક ખાતે				14,000
	[બા.જે. : વસેક સાથે માલ ખરીદ્યો તેના.]				

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	ખરીદ ખાતે	ઉ		8000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		480	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		480	
	તે અમૂલભાઈ ખાતે				8960
	[બા.જે. : વસેક સાથે માલ ખરીદ્યો તેના.]				
7	ખરીદ ખાતે	ઉ		15,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		1800	
	તે બૅન્ક ખાતે				16,800
	[બા.જે. : વસેક સાથે માલ ચેકથી ખરીદ્યો તેના.]				
9	ખરીદ ખાતે	ઉ		12,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		1440	
	તે મનોજભાઈ ખાતે				13,440
	[બા.જે. : વસેક સાથે માલ ઉધાર ખરીદ્યો તેના.]				
10	અમૂલભાઈ ખાતે	ઉ		2240	
	તે ખરીદમાલ પરત ખાતે				2000
	તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				120
	તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				120
	[બા.જે. : ખરીદેલ માલ પરત કર્યો તેના.]				
12	મનોજભાઈ ખાતે	ઉ		3360	
	તે ખરીદમાલ પરત ખાતે				3000
	તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				360
	[બા.જે. : ખરીદેલ માલ વસેક સાથે પરત કર્યો તેના.]				
15	બૅન્ક ખાતે	ઉ		16,800	
	તે વેચાણ ખાતે				15,000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				900
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				900
	[બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.]				
17	વિનોદભાઈ ખાતે	ઉ		24,640	
	તે વેચાણ ખાતે				20,000
	તે રોકડ ખાતે				2000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				1320
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				1320
	[બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.]				
20	બૅન્ક ખાતે	ઉ		13,440	
	તે વેચાણ ખાતે				12,000
	તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				1440
	[બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.]				

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
22	ભાવેશભાઈ ખાતે ઉ		20,160	
	તે વેચાણ ખાતે			18,000
	તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે			2160
	[બા.જે. : વસેક વસૂલ કરી રાજ્ય બહાર માલ વેચ્યો તેના.]			
25	વેચાણ માલ પરત ખાતે ઉ		2500	
	જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ		150	
	જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ		150	
	તે વિનોદભાઈ ખાતે			2800
	[બા.જે. : વસેક સાથે માલ પરત મળ્યો તેના.]			
31	વેચાણ માલ પરત ખાતે ઉ		3000	
	જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ		360	
	તે ભાવેશભાઈ ખાતે			3360
	[બા.જે. : વસેક સાથે માલ પરત મળ્યો તેના.]			
	કુલ સરવાળો		**1,40,000**	**1,40,000**

નોંધ : તારીખ 25ના રોજ વિનોદભાઈને વેચેલ માલ તેમના દ્વારા પરત કરવામાં આવેલ છે. આ અંગેની અશ્વિનભાઈ દ્વારા વિનોદભાઈને જમાચિઠ્ઠી આપવામાં આવશે. તેમજ વિનોદભાઈ દ્વારા અશ્વિનભાઈને ઉધારચિઠ્ઠી આપવામાં આવશે. તેના આધારે જે-તે જાવકપૂર્તિ વસેકની રકમ ઉધારી વિનોદભાઈ ખાતે જમા થશે.

(2) વસેક (GST) સાથેના ઉપજ-ખર્ચ અંગેના વ્યવહારો :

ઉદા.14 : નીચેના વ્યવહારો પરથી શ્રેયા ટ્રેડિંગ – અમદાવાદના ચોપડે લીધેલ સેવાઓ અંગે આમનોંધ લખો.

શ્રેયા ટ્રેડિંગને કેન્દ્રીય વસેક (CGST) 2.5 % લેખે, રાજ્ય વસેક (SGST) 2.5 % લેખે તેમજ સંકલિત વસેક (IGST) 5 % લેખે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. 1 ટ્રાન્સપૉર્ટ ખર્ચના ₹ 1800 ચેકથી ચૂકવ્યા.

4 આંગડિયા ખર્ચના ₹ 3000 ચૂકવ્યા.

8 વીમા-પ્રીમિયમ ₹ 4000 ચેકથી ચૂકવ્યા.

10 જાહેરાત ખર્ચના ₹ 6000 ચેકથી ચૂકવ્યા.

18 ભાડું ₹ 5000 ચેકથી મળ્યું.

20 મુંબઈ (મહારાષ્ટ્ર)માં રજિસ્ટર્ડ ઑફિસ ધરાવતી ટ્રાન્સપૉર્ટ કંપનીને આવકમાલ ગાડાભાડાના ₹ 8000 ચેકથી ચૂકવ્યા.

શ્રેયા ટ્રેડિંગ - અમદાવાદના ચોપડે આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2019				
જાન્યુ. 1	ટ્રાન્સપૉર્ટ ખર્ચ ખાતે ઉ		1800	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ		45	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ		45	
	તે બૅન્ક ખાતે			1890
	[બા.જે. : ટ્રાન્સપૉર્ટ ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.]			

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	આંગડિયા ખર્ચ ખાતે	ઉ		3000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		75	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		75	
	તે રોકડ ખાતે				3150
	[બા.જે. : આંગડિયા ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.]				
8	વીમા-પ્રીમિયમ ખાતે	ઉ		4000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		100	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		100	
	તે બૅન્ક ખાતે				4200
	[બા.જે. : વીમા-પ્રીમિયમના વસેક સહિત ચૂકવ્યા.]				
10	જાહેરાત ખર્ચ ખાતે	ઉ		6000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		150	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		150	
	તે બૅન્ક ખાતે				6300
	[બા.જે. : જાહેરાત ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.]				
18	બૅન્ક ખાતે	ઉ		5250	
	તે મળેલ ભાડા ખાતે				5000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				125
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				125
	[બા.જે. : મળેલ ભાડાની રકમ વસેક સહિત નોંધ કરી તેના.]				
20	આવકમાલ ગાડાભાડા ખાતે	ઉ		8000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		400	
	તે બૅન્ક ખાતે				8400
	[બા.જે. : આવકમાલ ગાડાભાડું વસેક સહિત ચૂકવ્યું.]				
	કુલ સરવાળો			**29,190**	**29,190**

(3) વસેક (GST) સાથેના મિલકત અંગેના વ્યવહારો :

ઉદા.15 : નીચેના વ્યવહારો પરથી વડોદરાના શ્રી વિપુલ પટેલના ચોપડે આમનોંધ લખો :

શ્રી વિપુલ પટેલના ધંધાના વ્યવહારોને કેન્દ્રીય વસેક (CGST) 9 %, રાજ્ય વસેક (SGST) 9 % તેમજ સંકલિત વસેક (IGST) 18 % ના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. (1) સુરતના સુરતી ફર્નિચર માર્ટમાંથી ₹ 20,000નું ફર્નિચર ચેકથી ખરીદ્યું.

(2) જામનગરના 'જેમ્સ કમ્પ્યૂટર'માંથી ₹ 30,000નું કમ્પ્યૂટર ખરીદ્યું.

(3) દિલ્હીના રાજ મશીનરી સ્ટોર્સમાંથી ₹ 1,00,000નું યંત્ર ચેકથી ખરીદ્યું.

(4) અમદાવાદના સહજાનંદ એન્ટરપ્રાઇઝમાંથી ₹ 3,00,000નાં એરકન્ડીશનર્સ ધંધા માટે ચેકથી ખરીદ્યાં.

વડોદરાના શ્રી વિપુલ પટેલના ચોપડે આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2019				
જાન્યુ. 1	ફર્નિચર ખાતે ઉ		20,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ		1800	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ		1800	
	તે બૅન્ક ખાતે			23,600
	[બા.જે. : ફર્નિચર ચેકથી ખરીદ્યું, વસેક સાથે તેની નોંધ કરી તેના.]			
2	કમ્પ્યૂટર ખાતે ઉ		30,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ		2700	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ		2700	
	તે જેમ્સ કમ્પ્યૂટર ખાતે			35,400
	[બા.જે. : કમ્પ્યૂટરની ઉધાર ખરીદી કરી, વસેક સાથે તેની નોંધ કરી તેના.]			
3	યંત્ર ખાતે ઉ		1,00,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ		18,000	
	તે બૅન્ક ખાતે			1,18,000
	[બા.જે. : દિલ્હીથી યંત્ર રોકડેથી ખરીદ્યું, વસેક સાથે તેની નોંધ કરી તેના.]			
4	એરકન્ડીશનર્સ ખાતે ઉ		3,00,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ		27,000	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ		27,000	
	તે બૅન્ક ખાતે			3,54,000
	[બા.જે. : ધંધા માટે એરકન્ડીશનર્સ ચેક આપી ખરીદ્યાં, વસેક સાથે તેની નોંધ કરી તેના.]			
	કુલ સરવાળો		**5,31,000**	**5,31,000**

(4) વસેક (GST) સાથેના સંયુક્ત વ્યવહારો :

ઉદા.16 : નીચેના વ્યવહારો પરથી વાપીના શ્રી વિષ્ણુભાઈના ચોપડે આમનોંધ લખો :

શ્રી વિષ્ણુભાઈના ધંધાનાં વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

વસેકની વિગત	વસ્તુ પર	સેવા પર
કેન્દ્રીય વસેક : CGST	6 %	2.5 %
રાજ્ય વસેક : SGST	6 %	2.5 %
સંકલિત વસેક : IGST	12 %	5.0 %

2019

જૂન 1 જામનગરના જયેશભાઈ પાસેથી ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. નાણાં ચેકથી ચૂકવ્યા.

3 ભૂવનેશ્વર (ઓરિસ્સા)ના ભદ્રેશભાઈ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો.

5 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભૌમિકભાઈને ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

8 અમરેલીના અનિલભાઈને ₹ 40,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે શાખ પર વેચ્યો.

10 ભૂવનેશ્વર (ઓરિસ્સા)ના ભદ્રેશભાઈને $\frac{1}{3}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

15 અમરેલીના અનિલભાઈએ $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે આપી.

20 અમૃતસર (પંજાબ)ના રામ ઍન્ડ સન્સમાંથી ₹ 50,000નું યંત્ર ખરીદ્યું.

22 દુકાનભાડાના ₹ 10,000 ચેકથી મળ્યા.

25 મુંબઈ (મહારાષ્ટ્ર)ના વેપારી પાસેથી ₹ 20,000 નું કમિશન ચેકથી મળ્યું.

વાપીના શ્રી વિષ્ણુભાઈના ચોપડે આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2019					
જૂન 1	ખરીદ ખાતે	ઉ		18,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		1080	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		1080	
	તે બૅન્ક ખાતે				20,160
	[બા.જે. : જામનગરથી વસેક સાથે રોકડેથી માલની ખરીદી કરી તેના.]				
3	ખરીદ ખાતે	ઉ		27,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		3240	
	તે ભદ્રેશભાઈ ખાતે				30,240
	[બા.જે. : ભૂવનેશ્વરથી વસેક સાથે માલની ઉધાર ખરીદી કરી તેના.]				
5	બૅન્ક ખાતે	ઉ		25,200	
	તે વેચાણ ખાતે				22,500
	તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				2700
	[બા.જે. : ભોપાલના ગ્રાહકને વસેક સાથે માલનું રોકડેથી વેચાણ કર્યું તેના.]				
8	અનિલભાઈ ખાતે	ઉ		40,320	
	તે વેચાણ ખાતે				36,000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				2160
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				2160
	[બા.જે. : અમરેલીના ગ્રાહકને વસેક સાથે ઉધાર વેચાણ કર્યું તેના.]				

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
10	ભદ્રેશભાઈ ખાતે	ઉ		10,080	
	તે ખરીદ પરત ખાતે				9000
	તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				1080
	[બા.જે. : ભૂવનેશ્વરના વેપારીને માલ પરત કર્યો. પ્રમાણસર વસેકની રકમ મજરે મળી તેના.]				
15	વેચાણ પરત ખાતે	ઉ		9000	
	જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		540	
	જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		540	
	તે અનિલભાઈ ખાતે				10,080
	[બા.જે. : અમરેલીના ગ્રાહક પાસેથી વસેક સાથે માલ પરત મળ્યો તેના.]				
20	યંત્ર ખાતે	ઉ		50,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		6000	
	તે રામ ઍન્ડ સન્સ ખાતે				56,000
	[બા.જે. : અમૃતસરથી યંત્ર ખરીદ્યું. વસેક સાથે તેની નોંધ કરી તેના.]				
22	બૅન્ક ખાતે	ઉ		10,500	
	તે મળેલ દુકાનભાડા ખાતે				10,000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				250
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				250
	[બા.જે. : મળેલ દુકાનભાડાની વસેક સાથે નોંધ કરી તેના.]				
25	બૅન્ક ખાતે	ઉ		21,000	
	તે મળેલ કમિશન ખાતે				20,000
	તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				1000
	[બા.જે. : મળેલ કમિશનની વસેક સાથે નોંધ કરી તેના.]				
	કુલ સરવાળો			**2,23,580**	**2,23,580**

ઉદા.17 : નીચેના વ્યવહારો પરથી અંકલેશ્વરના શ્રી અજિતભાઈ શાહના ચોપડે આમનોંધ લખો :

શ્રી અજિતભાઈના ધંધાનાં વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

વસેકની વિગત	વસ્તુ પર	સેવા પર
કેન્દ્રીય વસેક : CGST	9 %	2.5 %
રાજ્ય વસેક : SGST	9 %	2.5 %
સંકલિત વસેક : IGST	18 %	5.0 %

2019

જુલાઈ 1 આણંદના આશિષભાઈ પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

4 રાંચીના (ઝારખંડ) રણછોડભાઈ પાસેથી ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. રકમ ચેકથી ચૂકવી આપી.

7 પાલનપુરના પિયૂષભાઈને ₹ 15,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

10 ઈન્દોરના (મ.પ્ર.) ઈન્દ્રજિતને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર વેચ્યો.

14 આણંદના આશિષભાઈને ₹ 2000નો માલ પરત કર્યો.

18 ઈન્દોરના ઈન્દ્રજિત પાસેથી ₹ 5000નો માલ પરત મળ્યો.

20 દિલ્હીના નોબલ ઈન્ફોટેકમાંથી ₹ 50,000નું કમ્પ્યૂટર ખરીદ્યું. નાણાં ચેકથી ચૂકવ્યા.

24 ટેલિફોન બિલના ₹ 5000 ચેકથી ચૂકવ્યા.

અંકલેશ્વરના શ્રી અજિતભાઈના ચોપડે આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2019					
જુલાઈ 1	ખરીદ ખાતે	ઉ		9000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		810	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		810	
	તે આશિષભાઈ ખાતે				10,620
	[બા.જે. : આણંદથી વસેક સાથે માલની ઉધાર ખરીદી કરી તેના.]				
4	ખરીદ ખાતે	ઉ		18,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		3240	
	તે બૅન્ક ખાતે				21,240
	[બા.જે. : રાંચીથી વસેક સાથે માલની ચેકથી ખરીદી કરી તેના.]				
7	બૅન્ક ખાતે	ઉ		15,930	
	તે વેચાણ ખાતે				13,500
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				1215
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				1215
	[બા.જે. : પાલનપુરના ગ્રાહકને વસેક સાથે રોકડેથી માલનું વેચાણ કર્યું.]				
10	ઈન્દ્રજિત ખાતે	ઉ		21,240	
	તે વેચાણ ખાતે				18,000
	તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે				3240
	[બા.જે. : ઈન્દોરના ગ્રાહકને વસેક સાથે માલનું ઉધાર વેચાણ કર્યું તેના.]				

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
14	આશિષભાઈ ખાતે	ઉ		2360	
	તે ખરીદ પરત ખાતે				2000
	તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				180
	તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				180
	[બા.જે. : આશિષભાઈને વસેક સાથે માલ પરત કર્યો તેના.]				
18	વેચાણ પરત ખાતે	ઉ		5000	
	જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		900	
	તે ઈન્દ્રજિત ખાતે				5900
	[બા.જે. : વેચેલો માલ પરત મળ્યો. વસેક સાથે નોંધ કરી તેના.]				
20	કમ્પ્યૂટર ખાતે	ઉ		50,000	
	આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે	ઉ		9000	
	તે બૅન્ક ખાતે				59,000
	[બા.જે. : ધંધા માટે કમ્પ્યૂટર ખરીદ્યું. વસેક સાથે નોંધ કરી તેના.]				
24	ટેલિફોન બિલ ખાતે	ઉ		5000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		125	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		125	
	તે બૅન્ક ખાતે				5250
	[બા.જે. : ટેલિફોન બિલની વસેક સાથે નોંધ કરી તેના.]				
	કુલ સરવાળો			**1,41,540**	**1,41,540**

(5) વસેક (GST)ની હિસાબી પતાવટ અંગેના વ્યવહારો :

(**નોંધ :** વસેકની હિસાબી પતાવટ અંગેના ઉદાહરણ નં. 18 અને 19 વિદ્યાર્થીઓની જાણકારી માટે છે. જે પરીક્ષા માટે અપેક્ષિત નથી.)

(I) જો આવકપૂર્તિ વસેકની રકમ જાવકપૂર્તિ વસેકની રકમ કરતાં ઓછી હોય

(જો ખરીદી અંગેની વસેકની રકમ વેચાણ અંગેની વસેકની રકમ કરતાં ઓછી હોય.)

ઉદા.18 : અમદાવાદના અવિનાશે રાજકોટના રાજેશ પાસેથી ₹ 2,00,000 નો માલ ચેકથી ખરીદ્યો. આ બધો જ માલ તેમણે ભાવનગરના ભાવેશને ₹ 2,40,000 માં ચેકથી વેચ્યો.

આ વ્યવહારો અંગે કુલ 12 % વસેક દર લાગુ પડે છે. જેમાં કેન્દ્રીય વસેક 6 % અને રાજ્ય વસેક 6 % છે.

ઉપરોક્ત વ્યવહારો અંગે અવિનાશના ચોપડે વસેકની હિસાબી પતાવટ સુધીની આમનોંધ લખો :

અવિનાશના ચોપડે આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	ખરીદ ખાતે	ઉ		2,00,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		12,000	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		12,000	
	તે બૅન્ક ખાતે				2,24,000
	[બા.જે. : વસેક સાથે માલની ખરીદી કરી તેના.]				
2	બૅન્ક ખાતે	ઉ		2,68,800	
	તે વેચાણ ખાતે				2,40,000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				14,400
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				14,400
	[બા.જે. : વસેક સાથે માલનું વેચાણ કર્યું તેના.]				
3	જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		14,400	
	જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		14,400	
	તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				12,000
	તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				12,000
	તે બૅન્ક ખાતે				4,800
	[બા.જે. : વસેકની હિસાબી પતાવટ કરી ચૂકવણી કરી તેનાં.]				
	કુલ સરવાળો			**5,21,600**	**5,21,600**

(II) જો આવકપૂર્તિ વસેકની રકમ જાવકપૂર્તિ વસેકની રકમ કરતાં વધુ હોય

(જો ખરીદી અંગેની વસેકની રકમ વેચાણ અંગેની વસેકની રકમ કરતાં વધુ હોય.)

ઉદા.19 : અમદાવાદના અવિનાશે રાજકોટના રાજેશ પાસેથી ₹ 2,00,000 નો માલ ચેકથી ખરીદ્યો. આ માલમાંથી ₹ 1,30,000 નો માલ ₹ 1,60,000 માં ભાવનગરના ભાવેશને ચેકથી વેચ્યો.

આ વ્યવહારો અંગે કુલ 12 % વસેક દર લાગુ પડે છે. જેમાં કેન્દ્રીય વસેક 6 % અને રાજ્ય વસેક 6 % છે.

ઉપરોક્ત વ્યવહારો અંગે અવિનાશના ચોપડે વસેકની હિસાબી પતાવટ સુધીની આમનોંધ લખો :

અવિનાશના ચોપડે આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	ખરીદ ખાતે	ઉ		2,00,000	
	આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		12,000	
	આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		12,000	
	તે બૅન્ક ખાતે				2,24,000
	[બા.જે. : વસેક સાથે માલની ખરીદી કરી તેના.]				

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	બૅન્ક ખાતે	ઉ		1,79,200	
	તે વેચાણ ખાતે				1,60,000
	તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				9600
	તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				9600
	[બા.જે. : વસેક સાથે માલનું વેચાણ કર્યું તેના.]				
3	જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે	ઉ		9600	
	જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે	ઉ		9600	
	તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે				9600
	તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે				9600
	[બા.જે. : વસેકની હિસાબી પતાવટ કરી તેનાં.]				
	કુલ સરવાળો			**4,22,400**	**4,22,400**

નોંધ : આ પ્રશ્નમાં ખરીદી વખતે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 12,000 અને આવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 12,000 (કુલ ₹ 24,000) ચૂકવવામાં આવ્યા છે. વેચાણ વખતે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 9600 અને જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 9600 (કુલ ₹ 19,200) જમા લીધેલ છે. તેથી ₹ 4800 (₹ 2400 આવકપૂર્તિ કેન્દ્રીય વસેક + ₹ 2400 આવકપૂર્તિ રાજ્ય વસેક) સરકારના ચોપડે વેપારીના ખાતે જમા દર્શાવશે. ભવિષ્યના વેચાણ વખતે આ રકમ મજરે લઈ શકાશે.

સ્વાધ્યાય

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) આમનોંધ એ હિસાબી વ્યવહારોનો .... છે
- (અ) મૂળભૂત ચોપડો (બ) મુખ્ય ચોપડો
- (ક) આખરી ચોપડો (ડ) અન્ય ચોપડો

(2) બૅન્કમાંથી અંગત ખર્ચ માટે ઉપાડેલ રકમ .... ખાતે ઉધાર થાય છે.
- (અ) બૅન્ક (બ) રોકડ
- (ક) ઉપાડ (ડ) વ્યક્તિ

(3) મિલકત ખરીદતાં થયેલ ખર્ચ .... ખાતે ઉધાર થાય છે.
- (અ) ખર્ચ (બ) મિલકત
- (ક) રોકડ (ડ) પરચૂરણ

(4) આમનોંધનાં ઉધાર-જમા બંને બાજુના સરવાળા .... થાય છે.
- (અ) અસમાન (બ) સમાન
- (ક) ઉધાર (ડ) જમા

(5) નમૂના તરીકે માલ જાય તો .... ખાતે ઉધારાય છે.
- (અ) જાહેરાત ખર્ચ (બ) નમૂનાથી ગયેલ માલ
- (ક) ખરીદ (ડ) વેચાણ

2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :

(1) આમનોંધ એટલે શું ?

(2) વટાવના પ્રકાર જણાવો.

(3) સંયુક્ત આમનોંધ ક્યારે લખવામાં આવે છે ?

(4) ખરીદેલ માલ વેપારીને પરત કરવામાં આવે તો કયા ખાતે જમા થાય છે ?

(5) અન્ય રીતે માલની જાવકનાં ત્રણ ઉદાહરણ આપો.

(6) ધંધામાં બૅન્ક સાથે થતી નાણાકીય લેવડ-દેવડના મુખ્ય પ્રકાર જણાવો.

(7) ભૂતકાળમાં નાદાર જાહેર થયેલ દેવાદારની ઘાલખાધની પરત રકમ કોના ખાતે જમા થાય છે ?

3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) એકાકી પેઢીનો આવકવેરો ધંધાનો ખર્ચ હોવાથી આવકવેરા ખાતે ઉધાર થાય છે.

(2) ગ્રાહક પાસેથી મળેલ ચેક બૅન્ક ખાતે ઉધારાય છે.

(3) ઘરભાડું અને દુકાનભાડું બંને ધંધાના ખર્ચ છે.

4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

(1) આમનોંધનાં લક્ષણો જણાવો.

(2) રોકડવટાવ અને વેપારીવટાવ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(3) આમનોંધને નામાનો પ્રથમ ચોપડો શા માટે કહે છે ?

(4) આમનોંધનું મહત્ત્વ લખો.

(5) કોઈ પણ બે કાલ્પનિક વ્યવહારો લઈ આમનોંધ લખો.

5. નીચેના વ્યવહારો પરથી પ્રાંજલના ચોપડે આમનોંધ લખો :

(1) ₹ 10,000 રોકડ લાવી ધંધો શરૂ કર્યો.

(2) ₹ 5000નો માલ રોકડેથી ખરીદ્યો.

(3) ₹ 8000નો માલ રાજન પાસેથી શાખ પર ખરીદ્યો.

(4) ₹ 2000નો માલ ધર્માદામાં આપ્યો.

(5) શિવાનીને ₹ 3000નો માલ મોકલવાનો ઑર્ડર આપ્યો.

(6) શિવાનીએ ઑર્ડર મુજબનો માલ મોકલી આપ્યો.

(7) ₹ 2500 જીવન વીમા પ્રીમિયમના ભર્યા.

6. મૂડી અને ઉપાડના વ્યવહારો : નીચેના વ્યવહારોની નોંધ શુભમ્‌ની આમનોંધમાં લખો :

2014

જાન્યુ. 1 ₹ 10,000નો માલ સ્ટૉક, ₹ 15,000 રોકડા, ₹ 5000નું ફર્નિચર અને ₹ 10,000 દેવાદારો લાવી ધંધો શરૂ કર્યો.

12 અંગત મોટરકાર ₹ 80,000માં વેચી ₹ 50,000 રોકડા ધંધામાં લાવ્યા.

13 ઘરખર્ચ માટે ₹ 1000 રોકડા બૅન્કમાંથી ઉપાડ્યા.

15 એકાકી પેઢીના માલિકનું આવકવેરા રિફંડ ₹ 500 ધંધાના બૅન્કખાતામાં ભર્યું.

20 ધંધામાંથી અંગત વપરાશ માટે ₹ 1000નો માલ તથા ₹ 400 રોકડા લઈ ગયા.

21 પુત્રીની પ્રવાસ ફીનાં ₹ 1500 ધંધામાંથી ચૂકવ્યા.

28 ગંગા ફર્નિચર માર્ટમાંથી ₹ 2000નું ફર્નિચર ઘર માટે ખરીદ્યું.

31 જિદંગીનું વીમા પ્રીમિયમ ₹ 500 ચેકથી ભર્યું.

7. લોન અને વ્યાજના વ્યવહારો :

નીચેના વ્યવહારો પુષ્કરની આમનોંધમાં લખો :

2014

ફેબ્રુઆરી 1 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી રામ પાસેથી ₹ 20,000ની 12 ટકાની લોન લીધી.

3 લક્ષ્મણને ₹ 5000 ઉછીના 8 % વ્યાજે આપ્યા.

8 ભરતને આપેલી લોનના ₹ 800 અને વ્યાજના ₹ 200 રોકડા મળ્યા.

10 સીતા પાસેથી લીધેલી લોન પૈકી ₹ 5000 પરત કર્યા તથા ₹ 400 વ્યાજ ચૂકવ્યું.

12 કૌશલને ધીરેલી લોન પર ₹ 200 વ્યાજ મળ્યું.

15 રામ પાસેથી લીધેલી લોન પર એક માસનું વ્યાજ ચૂકવ્યું.

18 લક્ષ્મણની લોન પર વ્યાજના ₹ 75 લેણાં થયા.

8. બૅન્કના વ્યવહારો :

નીચેના વ્યવહારોની ક્રિશ્નાની આમનોંધ લખો :

2014

માર્ચ 1 ₹ 20,000 બૅન્કમાં ભરી ખાતું ખોલાવ્યું.

5 શ્રી હરિ પાસેથી ₹ 5000નો ચેક મળ્યો જે તરત જ બૅન્કમાં ભર્યો.

6 રમણલાલ પાસેથી ઉઘરાણી પેટે ₹ 2000નો ચેક મળ્યો.

10 રૂપાલીને વેચેલ માલ ₹ 14,000 જે પૈકી અડધી રકમનો ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો.

12 દીપકલામાંથી ₹ 10,000નો માલ ખરીદી અડધી રકમ ચેકથી ચૂકવી.

15 ઘરખર્ચ માટે ₹ 400 અને ઑફિસ ખર્ચ માટે ₹ 800 બૅન્કમાંથી ચેકથી ઉપાડ્યા.

18 જીવન વીમા પ્રીમિયમ ₹ 300 તથા આગના વીમાનું પ્રીમિયમ ₹ 450 ચેકથી ચૂકવ્યું.

20 બૅન્કે ₹ 25,000નો ઓવરડ્રાફ્ટ મંજૂર કર્યો.

25 બૅન્કે વ્યાજ ₹ 250 જમા કર્યું છે તથા બૅન્ક ચાર્જિસના ₹ 100 ઉધારેલ છે.

31 માલિકના પુત્રના વિદેશ પ્રવાસ માટે ₹ 5000નો ચેક ધંધામાંથી આપ્યો.

9. માલના વ્યવહારો :

નીચેના વ્યવહારોની 'રમેશ'ના ચોપડે આમનોંધ લખો :

2014

એપ્રિલ 1 રોકડ ખરીદી ₹ 15000 અને રોકડ વેચાણ ₹ 14000

5 ₹ 10000નો અંગત માલ સ્ટૉક ધંધામાં લાવ્યા.

7 ₹ 12,000નો માલ હર્ષ પાસેથી ખરીદ્યો.

10 હર્ષ પાસેથી ખરીદેલ માલ પૈકી અડધા ભાગનો માલ ખામીવાળો હોઈ પરત કર્યો.

12 રમીલા પાસેથી ₹ 10,000નો માલ ખરીદ્યો તેના અડધા નાણાં ચેકથી ચૂકવ્યા.

15 રમીલા પાસેથી ખરીદેલ માલ 30 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે મિતાને વેચ્યો.

18 મિતાએ ₹ 1000નો માલ પરત કર્યો.

20 કલ્પનાને ₹ 20,000નો માલ 10 % વેપારીવટાવ અને 5 % રોકડવટાવે વેચ્યો.

22 આગમાં ₹ 2000નો માલ બળી ગયો, જેનો વીમા કંપનીએ ₹ 1000નો દાવો મંજૂર કર્યો.

25 ₹ 500નો માલ વરસાદમાં પલળી ગયો જે વેચતાં ₹ 200 ઊપજ્યા.

27 ₹ 300નો માલ મફત નમૂના તરીકે મળ્યો.

29 ₹ 250નો મફત નમૂના તરીકે મળેલ માલ ₹ 400માં વેચ્યો.

30 ₹ 1000ની મૂળકિંમતના માલના બદલામાં ₹ 1500નો મોબાઈલ ખરીદ્યો.

10. મિલકતને લગતા વ્યવહારો :

શ્રી લક્ષ્મણ ચંડેરાના ચોપડામાં નીચેના વ્યવહારોની આમનોંધ લખો :

(1) ₹ 20,000નું યંત્ર ચેકથી ખરીદ્યું તથા યંત્ર ગોઠવણી ખર્ચના ₹ 500 રોકડા ચૂકવ્યા.

(2) ₹ 3000નું ફર્નિચર કાવેરી ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું તથા લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

(3) મહાલક્ષ્મી મિલના 50 શૅર, શૅરદીઠ ₹ 100ના ભાવે ખરીદી અને શૅરદીઠ 20 પૈસા દલાલી સહિત નાણાં ચેકથી ચૂકવ્યા.

(4) ₹ 5000ના ફર્નિચરના બદલામાં ₹ 4000નો માલ આપ્યો.

(5) ₹ 6000નું જૂનું યંત્ર ₹ 5000માં વેચ્યું.

(6) ₹ 50,000માં જમીન ખરીદી અને ₹ 2000 દસ્તાવેજ તથા કાનૂની ખર્ચનાં થયા. નાણાં રોકડા ચૂકવ્યા.

11. ઊપજ-ખર્ચના વ્યવહારો :

નીચે આપેલા મે 2014ના વ્યવહારો શશાંકના ચોપડે આમનોંધમાં નોંધો :

તારીખ

1 દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે ચા-પાણી અને નાસ્તા ખર્ચના ₹ 500 ચૂકવ્યા.

2 દુકાન માટે જરૂરી હિસાબી ચોપડા ₹ 400ના ખરીદ્યા.

3 મજૂરીના ₹ 200 અને લારીભાડાનાં ₹ 100 રોકડા ચૂકવ્યા.

5 દુકાન ભાડાનાં ₹ 500 અને ઘરભાડાનાં ₹ 300 ચૂકવ્યા.

10 કમિશનના ₹ 400 મળ્યા.

12 દલાલીના ₹ 800નો ચેક મળ્યો.

15 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ₹ 300 ચૂકવ્યું.

20 ઇક્વિટી શૅર ડિવિડન્ડ ₹ 500 મળ્યું.

24 એસ્સાર કંપનીએ ડિબેન્ચરનું ₹ 1000 વ્યાજ ચેકથી ચૂકવ્યું.

25 દુકાન માટે ₹ 3000ની કિંમતનું સાઈનબોર્ડ બનાવડાવ્યું.

12. વેપારી વટાવ, રોકડ વટાવ અને ઘાલખાધના વ્યવહારો

નીચેના વ્યવહારો પરમેશ્વરના ચોપડે આમનોંધમાં લખો :

2014

જૂન 1 ₹ 50,000 રોકડા, ₹ 10,000નો માલ સ્ટૉક તથા ₹ 15,000ના દેવાદારો લાવી ધંધો શરૂ કર્યો.

2 શ્રીમતી શારદા પાસેથી ₹ 20,000ની લોન 10 % વ્યાજે લીધી.

3 રામેશ્વર સ્ટોર્સમાંથી ₹ 8000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

5 ગાયત્રી સ્ટોર્સને ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

7 રાધા-કિશન સ્ટોર્સમાંથી ₹ 15,000નો માલ 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો, અડધી રકમનો ચેક આપ્યો.

10 વિભૂતિ પાસેથી ₹ 5000નો માલ મોકલવાનો ઑર્ડર મળ્યો.

12 વિભૂતિના ઑર્ડર મુજબનો માલ 10 % વેપારી વટાવે મોકલ્યો. લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

15 વિભૂતિ નાદાર જાહેર થતાં ₹ 300 ઘાલખાધ પડી, બાકીની રકમનો ચેક મળ્યો.

16 અનુપમના ₹ 1050ના બાકી લેણાં પેટે ₹ 1000નો ચેક આપી હિસાબ ચૂક્તે કર્યો.

20 ઈમાનદાર પાસેથી માંડીવાળેલ ઘાલખાધના ₹ 1500 રોકડા પરત મળ્યા.

13. બધા જ પ્રકારના વ્યવહારો :

શ્રી મૌલિક શાહે શરૂ કરેલ શાહ ટ્રેડર્સના ધંધાના વ્યવહારો પરથી આમનોંધ લખો :

2014

જુલાઈ 1 ₹ 50,000 રોકડા, ₹ 20,000ના દેવાદારો, ₹ 10,000નો માલ સ્ટૉક તથા ₹ 5000ના લેણદારો લાવી ધંધો શરૂ કર્યો.

2 વિજયા બૅન્કમાં ₹ 20,000 રોકડ ભરી ખાતું ખોલાવ્યું.

3 ₹ 20,000નો માલ સુમૂલ પાસેથી 10 % વેપારી વટાવ અને 10 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

4 ₹ 15,000નું ફર્નિચર 'પુનિત ફર્નિચર માર્ટ'માંથી શાખ પર ખરીદ્યું. લારીભાડું ₹ 100 રોકડેથી ચૂકવ્યું.

5 ₹ 3000નો માલ નુકસાનીવાળો હોવાથી સુમૂલને પરત કર્યો.

6 રાજશ્રીને ₹ 12,000નો માલ 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે વેચ્યો. અડધી રકમનો ચેક મળ્યો.

8 મહેન્દ્રને ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે રોકડેથી વેચ્યો.

10 ઘર વપરાશ માટે ₹ 300નો માલ તથા ₹ 200 રોકડા લઈ ગયા.

11 માલના પેકિંગ માટે પ્લાસ્ટિકની બૅગ ખરીદી ₹ 200 ચૂકવ્યા.

12 પગાર-મજૂરીનાં ₹ 2000 ચેકથી ચૂકવ્યા.

13 રાજશ્રી પાસે બાકી લેણાં પૈકી ₹ 300 ઘાલખાધ પડી અને બાકીની રકમ મળી.

14 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી AXIS બૅન્કમાંથી ₹ 25,000ની 12 % વ્યાજની લોન લીધી.

15 આગમાં ₹ 2000નો માલ નાશ પામ્યો, જેનો વીમા કંપનીએ ₹ 1500નો દાવો મંજૂર કર્યો. આગથી બળી ગયેલ માલના ₹ 200 ઊપજ્યા.

16 પુત્રના જિંદગીના વીમા પ્રીમિયમ ₹ 450 અને આગના વીમાનું પ્રીમિયમ ₹ 550 બંને ચેકથી ચૂકવ્યા.

18 નિરમા કંપનીએ 30 નંગ સાબુની ગોટી નમૂના તરીકે મફત આપી, જે ₹ 250માં વેચી દીધી.

20 રાજશ્રી પાસેથી ઘાલખાધ પરતના ₹ 100 મળ્યા.

25 AXIS બૅન્કની લોન પર ₹ 250 વ્યાજ બૅન્કે વસૂલ કર્યું.

28 અંગત મકાન ધોળવાનો ખર્ચ ₹ 2000 તથા દુકાન ધોળવાનો ખર્ચ ₹ 1000 થયો.

29 ઈન્ટરનેટ જોડાણની ડિપૉઝિટ ₹ 2000 ચેકથી ભરી.

14. એક શિખાઉ વિદ્યાર્થીએ નીચે મુજબ આમનોંધ લખી છે, જે આમનોંધ ખોટી હોય તે સુધારીને ફરીથી લખો :

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2014 ઑગસ્ટ 1	વીમા પ્રીમિયમ ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : ₹ 700 જિંદગીના વીમા પ્રીમિયમના ચૂકવ્યા તેના.]		700	 700
5	રોકડ ખાતે ઉ તે જય ખાતે તે અજય ખાતે [બા.જે. : જય પાસેથી દલાલીના ₹ 200 તથા અજય પાસેથી કમિશનના ₹ 100 મળ્યા તેના.]		300	 200 100
7	ખરીદ ખાતે ઉ તે વિવેક ખાતે [બા.જે. : વિવેક પાસેથી ₹ 5000નો માલ 10 % રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો તેના.]		4500	 4500
10	બૅન્ક ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : બૅન્કે ₹ 7000નો ઓવરડ્રાફ્ટ મંજૂર કર્યો તેના.]		7000	 7000
11	વિવેક ખાતે ઉ તે ખરીદમાલ-પરત ખાતે [બા.જે. : વિવેકને 20 % માલ પરત કર્યો અને રકમ વિવેક પાસેથી મળી તેના.]		1000	 1000
12	રોકડ ખાતે ઉ તે દેવાદાર ખાતે [બા.જે. : દેવાદાર પાસેથી ભૂતકાળમાં માંડી વાળેલ રકમ ₹ 500 મળી તેના.]		500	 500
13	મરામત ખર્ચ ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : દુકાન મરામત ખર્ચ ₹ 500 તથા ઘરની મરામતના ₹ 1000 રોકડા ચૂકવ્યા તેના.]		1500	 1500
15	મજૂરી ખાતે ઉ તે રોકડ ખાતે [બા.જે. : ₹ 800 યંત્ર ગોઠવણીના રોકડા ચૂકવ્યા તેના.]		800	 800
	કુલ સરવાળો		**16,300**	**16,300**

15. એક હિસાબનીશે નીચે મુજબ બા.જે. વગરની આમનોંધ લખી છે. તમારે નીચેની આમનોંધ પરથી વ્યવહારોની માહિતી આપવાની છે.

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	વીમા કંપની ખાતે	ઉ		2000	
	અકસ્માતથી થયેલ માલના નુકસાન ખાતે	ઉ		400	
	તે ખરીદ ખાતે				2400
2	બૅન્ક ખાતે	ઉ		500	
	તે વ્યાજ ખાતે				500
3	રોકડ ખાતે	ઉ		1600	
	તે સાઈકલ ખાતે				1600
4	બૅન્ક ખાતે	ઉ		700	
	તે ડિવિડન્ડ ખાતે				700
5	રોકડ ખાતે	ઉ		7200	
	વટાવ ખાતે	ઉ		800	
	તે વેચાણ ખાતે				8000
6	ધર્માદા ખાતે	ઉ		2500	
	તે રોકડ ખાતે				1000
	તે ખરીદ ખાતે				1500
	કુલ સરવાળો			**15,700**	**15,700**

16. નીચેના વ્યવહારો પરથી દાહોદના શ્રી દિનેશભાઈના ચોપડે આમનોંધ લખો :

શ્રી દિનેશભાઈના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

વસેકની વિગત	વસ્તુ પર	સેવા પર
કેન્દ્રીય વસેક : CGST	6 %	2.5 %
રાજ્ય વસેક : SGST	6 %	2.5 %
સંકલિત વસેક : IGST	12 %	5.0 %

2019

એપ્રિલ 1 સુરેન્દ્રનગરના સુરેશભાઈ પાસેથી ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. રકમ ચેકથી ચૂકવી.

4 વારાણસીના (ઉ.પ્ર.) વિષ્ણુભાઈ પાસેથી ₹ 40,000નો માલ 10 % રોકડ વટાવે ખરીદ્યો.

7 હિંમતનગરના હિમાંશુભાઈને ₹ 60,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

11 સિમલાના (હિ.પ્ર.) શશીકાન્તભાઈને ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

15 વિષ્ણુભાઈને $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

18 હિમાંશુભાઈએ $\frac{1}{3}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે આપી.

25 અમદાવાદના સહજાનંદ ફર્નિચર માર્ટમાંથી ₹ 20,000નું એક કબાટ ઑફિસ માટે ખરીદ્યું.

28 દુકાનભાડાના ₹ 8000 ચૂકવ્યા.

17. નીચેના વ્યવહારો પરથી કેશોદના કિયાંશ પટેલના ચોપડે આમનોંધ લખો :

શ્રી કિયાંશ પટેલના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

વસેકની વિગત	વસ્તુ પર	સેવા પર
કેન્દ્રીય વસેક : CGST	9 %	2.5 %
રાજ્ય વસેક : SGST	9 %	2.5 %
સંકલિત વસેક : IGST	18 %	5.0 %

2019

મે 1 સુરતના સાવન પટેલ પાસેથી ₹ 40,000નો માલ 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો.

3 અમરાવતી (મહારાષ્ટ્ર)ના આયુષ શાહ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. નાણાં ચેકથી ચૂકવ્યા.

5 અમદાવાદના અંશ અવસ્થીને ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો. અડધી રકમ ચેકથી મળી.

8 નાગપુર (મહારાષ્ટ્ર)ના નીલ મહેતાને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે વેચ્યો.

11 સુરતના સાવન પટેલને $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

16 નાગપુરના નીલ મહેતા પાસેથી $\frac{1}{5}$ ભાગનો માલ પરત મળ્યો. વસેક સાથેની પ્રમાણસર રકમ મજરે આપી.

24 ઑફિસ માટે ₹ 40,000નું કમ્પ્યૂટર શુભ ઇન્ફોટેકમાંથી ખરીદ્યું. નાણાં ચેકથી ચૂકવી આપ્યા.

30 ઑફિસભાડાના ₹ 10,000 ચેકથી ચૂકવ્યા.

31 ગોડાઉન ભાડાનાં ₹ 20,000 ચેકથી મળ્યા.

31 ભોપાલ (મધ્યપ્રદેશ)નાં વેપારી પાસેથી કમિશનનાં ₹ 25,000 ચેકથી મળ્યા.

◆

5

હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો
(Accounting Equation and Business Transactions)

1. પ્રસ્તાવના 2. હિસાબી સમીકરણ અને વ્યવહારો

1. પ્રસ્તાવના (Introduction)

નાણાકીય હિસાબી પદ્ધતિનો મહત્ત્વનો ઉદ્દેશ નાણાકીય હિસાબો તૈયાર કરવાનો છે. હિસાબોમાં વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું અને પાકા સરવૈયાનો સમાવેશ કરવામાં આવે છે. કંપનીના સ્વરૂપમાં વેપાર ખાતા અને નફા-નુકસાન ખાતાનાં સ્થાને આવકનું પત્રક તૈયાર કરવામાં આવે છે. વર્ષના અંતે નફા-નુકસાન ખાતું બંધ કરીને પાકા સરવૈયામાં લઈ જવામાં આવે છે. (આ અંગેની વિગતવાર સમજૂતી હવે પછીના પ્રકરણમાં કરવામાં આવેલ છે.) સામાન્ય રીતે વર્ષના અંતે પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. પાકા સરવૈયાનાં બે અંગો છે :

(1) મૂડી અને દેવાં (Capital and Liability) (2) મિલકતો (Assets)

ધંધાના દરેક વ્યવહારની આખરી અસર તો પાકા સરવૈયાનાં ઉપર દર્શાવેલ અંગો મૂડી અને દેવાં તેમજ મિલકતો પર પડે છે. દ્વિનોંધી નામા પદ્ધતિ પ્રમાણે ઉપરનાં બંને અંગોનો સરવાળો હંમેશાં સરખો હોય છે. હિસાબી પદ્ધતિની ભાષામાં આ અંગોને મૂડી દેવા બાજુ અને મિલકત-લેણા બાજુ તરીકે ઓળખવામાં આવે છે. આ અંગે સમીકરણ સ્વરૂપે નીચે પ્રમાણે રજૂઆત કરી શકાય :

મિલકતો = મૂડી + દેવું

Assets = Capital + Liabilities

ટૂંકમાં, A = C + L

આ હિસાબી વ્યવહારો રજૂ કરવાની અમેરિકન પદ્ધતિ છે. આ આધુનિક અભિગમ છે.

પ્રણાલિકાગત અભિગમમાં વ્યક્તિનાં ખાતાં, માલ-મિલકતનાં ખાતાં અને ઊપજ-ખર્ચ ખાતાંના નિયમોનો ઉપયોગ કરવામાં આવે છે. આ અભિગમમાં ઉપરના નિયમોના આધારે આમનોંધથી શરૂ કરીને છેલ્લે નાણાકીય હિસાબો તૈયાર કરવામાં આવે છે અને જેમાં છેલ્લે પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. હિસાબી સમીકરણમાં વ્યવહારની સીધી અસર પાકા સરવૈયામાં આવે છે.

2. હિસાબી સમીકરણ અને વ્યવહારો (Accounting Equation and Transactions)

આ સમીકરણના અભિગમમાં વ્યવહારની અસર સીધી રીતે મિલકતો અને મૂડી-દેવા પર દર્શાવવામાં આવે છે. આ અગાઉ ખાતાંના પ્રકાર અને તેના નિયમોનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ આમનોંધ કેવી રીતે લખાય તે અંગેની જાણકારી મેળવી. ઉપરના નિયમો ધ્યાનમાં લઈને સમીકરણની પદ્ધતિની જાણકારી મેળવીએ. સમીકરણ પદ્ધતિના અમલ વખતે ધંધાના વ્યવહારોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી દેવામાં આવે તો સમીકરણ પદ્ધતિ સરળતાથી સમજી શકાય છે.

(1) માલને લગતા વ્યવહારો : માલની ખરીદ, વેચાણ, ખરીદપરત, વેચાણપરત અને અન્ય રીતે ગયેલ માલ.

(2) ઊપજ-ખર્ચના વ્યવહારો : ઊપજમાં મળેલ ભાડું, મળેલ કમિશન, ડિવિડન્ડ વગેરેનો સમાવેશ થાય છે. ખર્ચાઓમાં પગાર, મજૂરી, જાહેરાત ખર્ચ, વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

(3) મિલકતની ખરીદ-વેચાણના વ્યવહારો

(4) 'નાણાં ઉછીના લેવા'ને લગતા અને ઉછીનાં નાણાં પરતને લગતા વ્યવહારો

ઉપરના વ્યવહારોની A = C + L પર નીચે મુજબની અસરો થઈ શકે છે :

(1) ફક્ત Aમાં વધારો અને ઘટાડો (એક મિલકત વધે અન્ય મિલકત ઘટે)

(2) A અને Cમાં વધારો / ઘટાડો

(3) A અને Lમાં વધારો / ઘટાડો

(4) C અને Lમાં વધારો–ઘટાડો

આ બાબતોને નીચેનાં ઉદાહરણ દ્વારા સમજીએ :

ઉદાહરણ 1 : નીચે વ્યવહારોની આમનોંધ લખીને તે વ્યવહારોની અસર સમીકરણમાં સમજાવેલ છે.

ક્રમ	વ્યવહાર અને આમનોંધ		ઉધાર (₹)	જમા (₹)	અસર
1.	₹ 50,000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો. રોકડ ખાતે તે મૂડી ખાતે	 ઉ.	 50,000	 50,000	 રોકડ વધી. મૂડી વધી.
2.	₹ 10,000નું ફર્નિચર ખરીદ્યું. ફર્નિચર ખાતે તે રોકડ ખાતે	 ઉ.	 10,000	 10,000	 ફર્નિચર આવ્યું. રોકડ ઘટી.
3.	₹ 12,000નો માલ રોકડેથી ખરીદ્યો. ખરીદ ખાતે તે રોકડ ખાતે	 ઉ.	 12,000	 12,000	 માલ આવ્યો. રોકડ ઘટી.
4.	₹ 8000નો માલ 'બ' પાસેથી ખરીદ્યો. ખરીદ ખાતે તે 'બ' ખાતે	 ઉ.	 8000	 8000	 માલ આવ્યો. દેવું વધ્યું.
5.	₹ 7000નો માલ ₹ 10,000માં રોકડેથી વેચ્યો. રોકડ ખાતે તે વેચાણ ખાતે	 ઉ.	 10,000	 10,000	 રોકડ વધી. માલ ઘટ્યો.
6.	₹ 6000 મજૂરીનાં ચૂકવ્યા. મજૂરી ખાતે તે રોકડ ખાતે	 ઉ.	 6000	 6000	 મજૂરી ખર્ચથી મૂડી ઘટે. રોકડ ઘટશે.
7.	₹ 1000 મજૂરીનાં ચૂકવવાનાં બાકી મજૂરી ખાતે તે બાકી મજૂરી ખાતે	 ઉ.	 1000	 1000	 મજૂરી ખર્ચથી મૂડી ઘટે. દેવું વધે.

		A (મિલકતો) =	C (મૂડી)		+ L (દેવાં)	
રોકડ		50,000	= મૂડી	50,000	+	0
		50,000		50,000		0
રોકડ	50,000		મૂડી	50,000		0
ફર્નિચર ખરીદ	10,000 →	40,000				
ફર્નિચર		10,000			+	
		50,000	=	50,000	+	0
રોકડ	40,000		મૂડી	50,000		0
– ખરીદી	12,000 →	28,000				
ફર્નિચર		10,000				
સ્ટૉક		12,000				
		50,000	=	50,000	+	0
રોકડ		28,000	મૂડી	50,000	દેવું (બ)	8000
સ્ટૉક	12,000					
+ ખરીદી	8000 →	20,000				
ફર્નિચર		10,000				
		58,000	=	50,000	+	8000
રોકડ	28,000		મૂડી	50,000	દેવું (બ)	8000
+ વેચાણ (વે.કિં.)	10,000 →	38,000	+ વેચાણ નફો	3000		
સ્ટૉક	20,000		(10,000 - 7000)			
– વેચાણ (મૂ.કિં.)	7000 →	13,000				
ફર્નિચર		10,000				
		61,000	=	53,000	+	8000
રોકડ	38,000		મૂડી	53,000	દેવું (બ)	8000
– મજૂરી	6000 →	32,000	– મજૂરી	6000		
સ્ટૉક		13,000				
ફર્નિચર		10,000				
		55,000	=	47,000	+	8000
રોકડ		32,000	મૂડી	47,000	દેવું (બ)	8000
સ્ટૉક		13,000	– મજૂરી	1000	+ દેવું (મજૂરી બાકી)	1000
ફર્નિચર		10,000				
		55,000	=	46,000	+	9000

ક્રમ	વ્યવહાર અને આમનોંધ	ઉધાર (₹)	જમા (₹)	અસર
8.	કમિશનનાં ₹ 4000 રોકડા મળ્યા. રોકડ ખાતે ઉ. તે કમિશન ખાતે	4000	4000	રોકડ વધી. કમિશન આવકથી મૂડી વધશે.
9.	ડિવિડન્ડનાં ₹ 9000 મળવાનાં બાકી છે. મળવાનાં બાકી ડિવિડન્ડ ખાતે ઉ તે ડિવિડન્ડ ખાતે	9000	9000	લેણું વધ્યું. ડિવિડન્ડ આવકથી મૂડી વધશે.
10.	₹ 8000નું યંત્ર ખરીદ્યું. યંત્ર ખાતે ઉ. તે રોકડ ખાતે	8000	8000	મિલકત વધી. રોકડ ઘટી.
11.	₹ 25,000ની જમીન રાધા પાસેથી ખરીદી. જમીન ખાતે ઉ. તે રાધા ખાતે	25,000	25,000	મિલકત વધી. દેવું વધ્યું.
12.	₹ 20,000ની બૅન્ક લોન લીધી અને રોકડા ઉપાડ્યા. રોકડ ખાતે ઉ. તે બૅન્ક લોન ખાતે	20,000	20,000	રોકડ વધશે. દેવું વધશે.

		A (મિલકતો) =		C (મૂડી)		+ L (દેવાં)
રોકડ	32,000		મૂડી	46,000	દેવું (બ)	8000
+ કમિશન	4000 →	36,000	કમિશન	4000	દેવું (મજૂરી બાકી)	1000
સ્ટૉક		13,000				
ફર્નિચર		10,000				
		59,000	=	50,000	+	9000
રોકડ		36,000	મૂડી	46,000	દેવું (બ)	8000
સ્ટૉક		13,000	કમિશન	4000	દેવું (મજૂરી બાકી)	1000
ફર્નિચર		10,000	ડિવિડન્ડ	9000		
ડિવિડન્ડ મળવાનું બાકી		9000				
		68,000	=	59,000	+	9000
રોકડ	36,000		મૂડી	46,000	દેવું (બ)	8000
– યંત્ર	8000 →	28,000	કમિશન	4000	દેવું (મજૂરી બાકી)	1000
સ્ટૉક		13,000	ડિવિડન્ડ	9000		
ફર્નિચર		10,000				
ડિવિડન્ડ મળવાનું બાકી		9000				
યંત્ર		8000				
		68,000	=	59,000	+	9000
રોકડ		28,000	મૂડી	46,000	દેવું (બ)	8000
સ્ટૉક		13,000	કમિશન	4000	દેવું (મજૂરી બાકી)	1000
ફર્નિચર		10,000	ડિવિડન્ડ	9000	દેવું (રાધા)	25,000
ડિવિડન્ડ મળવાનું બાકી		9000				
યંત્ર		8000				
જમીન		25,000				
		93,000	=	59,000	+	34,000
રોકડ	28,000		મૂડી	46,000	દેવું (બ)	8000
+ લોન	20,000 →	48,000	કમિશન	4000	દેવું (મજૂરી બાકી)	1000
સ્ટૉક		13,000	ડિવિડન્ડ	9000	દેવું (રાધા)	25,000
ફર્નિચર		10,000			બૅન્ક લોન	20,000
ડિવિડન્ડ મળવાનું બાકી		9000				
યંત્ર		8000				
જમીન		25,000				
		1,13,000	=	59,000	+	54,000

નોંધ : ઉપરના વ્યવહારોની અસર આપ્યા પછી મિલકતો બાજુનો સરવાળો (A બાજુનો) અને મૂડી-દેવાં બાજુનો સરવાળો (C + L નો) હંમેશાં સરખો રહે છે. જે A = 1,13,000 અને C = 59,000 + L = 54,000 = 1,13,000 છે.

સમીકરણ પદ્ધતિનો ઉપયોગ કરવાથી નીચે મુજબનાં તારણો મેળવી શકાય :

ક્રમ	વ્યવહાર	મિલકત (A) =	મૂડી (C) +	દેવું (L)
1(અ)	માલિક ધંધામાં મૂડી લાવે.	વધે	વધે	–
1(બ)	માલિક ધંધામાંથી ઉપાડ કરે.	ઘટે	ઘટે	–
2.	માલની રોકડમાં ખરીદી.	એક વધે અન્ય ઘટે	–	–
3.	માલની ઉધાર ખરીદી.	વધે	–	વધે
4.	માલનું રોકડમાં વેચાણ	એક વધે અન્ય ઘટે	વધે (નફામાં)	–
5.	માલનું ઉધાર વેચાણ	એક વધે અન્ય ઘટે	વધે (નફામાં)	–
6.	મહેસૂલી ખર્ચાની રોકડમાં ચુકવણી	ઘટે	ઘટે	–
7.	મહેસૂલી ખર્ચા ચૂકવવાનાં બાકી	–	ઘટે	વધે
8.	મહેસૂલી આવકની રોકડમાં ઊપજ	વધે	વધે	–
9.	મહેસૂલી આવક મળવાની બાકી	વધે	વધે	–
10.	મિલકતની રોકડમાં ખરીદી	એક વધે, અન્ય ઘટે	–	–
11.	મિલકતની શાખ પર ખરીદી	વધે	–	વધે
12.	મિલકતનું રોકડમાં વેચાણ	એક વધે, અન્ય ઘટે	–	–
13.	મિલકતનું શાખ પર વેચાણ	એક વધે, અન્ય ઘટે	–	–
14.	નાણાં ઉછીના લીધા હોય ત્યારે	વધે	–	વધે
15.	માલની જાવક દા.ત., આગથી નાશ પામે ત્યારે	ઘટે	ઘટે	–

નોંધ : ઉપરનું (4) અને (5)માં દર્શાવેલ વેચાણ નફાથી થયેલ હોય તો મૂડી વધશે અને વેચાણ નુકસાનથી થયેલ હોય તો મૂડી ઘટે.

ઉદાહરણ 2 : નીચેના વ્યવહારોની આમનોંધ લખો અને તેની સમીકરણ આધારિત હિસાબી અસરો સમજાવો.

(1) રમેશ દ્વારા ₹ 20,000 રોકડા, ₹ 10,000નું ફર્નિચર લાવી ધંધો શરૂ કરવામાં આવ્યો.

(2) ₹ 5000 બૅન્કમાં ભરીને ખાતું ખોલાવ્યું.

(3) ₹ 8000નો માલ રાજેશ પાસેથી ખરીદ્યો.

(4) ₹ 6000નો માલ રોકડેથી ખરીદ્યો.

(5) ₹ 5000નો માલ ₹ 9000માં રમણને ઉધાર વેચ્યો.

(6) ₹ 3000નો માલ ₹ 6000માં રોકડેથી વેચ્યો.

(7) ₹ 1000નો માલ રાજેશને પરત કર્યો. (ખરીદપરત)

(8) ₹ 2000નો માલ રમણે પરત કર્યો. (વેચાણપરત)

(9) ₹ 1000નો માલ આગથી નાશ પામ્યો.

(10) ₹ 2000નો પગાર ચૂકવ્યો.

(11) ₹ 1000નો પગાર ચૂકવવાનો બાકી છે.

(12) ₹ 4000 કમિશન મળ્યું.

(13) ₹ 2000 ડિવિડન્ડ મળવાનું બાકી છે.

(14) ₹ 500 દુકાનનું વીમા પ્રીમિયમ ભર્યું.

(15) ₹ 8000માં શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર કાં.માંથી કમ્પ્યૂટર ખરીદ્યું.

(16) ₹ 1000 ધંધામાંથી માલિકે ઉપાડ્યા.

(17) રાજેશને હિસાબ ચૂકતે કર્યો.

(18) રમણે હિસાબ ચૂકતે કર્યો.

જવાબ : પાછળના પાન પર છે.

ક્રમ	આમનોંધ		ઉધાર (₹)	જમા (₹)	અસર
1.	રોકડ ખાતે	ઉ.	20,000		રોકડ વધી. (આવી)
	ફર્નિચર ખાતે	ઉ.	10,000		ફર્નિચર વધ્યું.
	તે મૂડી ખાતે			30,000	મૂડી વધી.
2.	બૅન્ક ખાતે	ઉ.	5000		બૅન્ક સિલક વધી.
	તે રોકડ ખાતે			5000	રોકડ ઘટી.
3.	ખરીદ ખાતે	ઉ.	8000		માલ (સ્ટૉક) વધ્યો.
	તે રાજેશ ખાતે			8000	દેવું વધ્યું.
4.	ખરીદ ખાતે	ઉ.	6000		માલ (સ્ટૉક) વધ્યો.
	તે રોકડ ખાતે			6000	રોકડ ઘટી.
5.	રમણ ખાતે	ઉ.	9000		લેણું વધ્યું.
	તે વેચાણ ખાતે			9000	માલ ઘટ્યો (સ્ટૉક).
6.	રોકડ ખાતે	ઉ.	6000		રોકડ વધી.
	તે વેચાણ ખાતે			6000	માલ ઘટ્યો (સ્ટૉક).

A (મિલકતો) =			C (મૂડી)		+ L (દેવાં)	
રોકડ		20,000	મૂડી	30,000		0
ફર્નિચર		10,000				
		30,000	=	30,000	+	0
રોકડ	20,000		મૂડી	30,000		0
– બૅન્કમાં ભર્યા	5000 →	15,000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		30,000	=	30,000		0
રોકડ		15,000	મૂડી	30,000	દેવું (રાજેશ)	8000
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
સ્ટૉક (ખરીદી)		8000				
		38,000	=	30,000	+	8000
રોકડ	15,000		મૂડી	30,000	દેવું (રાજેશ)	8000
– ખરીદી	6000 →	9000				
સ્ટૉક	8000					
+ નવી ખરીદી	6000 →	14,000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		38,000	=	30,000	+	8000
રોકડ		9000	મૂડી	30,000	દેવું (રાજેશ)	8000
સ્ટૉક	14,000		+ વેચાણ નફો	4000		
– વેચાણ (મૂ.કિં.)	5000 →	9000	(9000 – 5000)			
લેણું (રમણ)(દેવાદારો)(વે.કિં.)		9000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		42,000	=	34,000	+	8000
રોકડ	9000		મૂડી	34,000	દેવું (રાજેશ)	8000
+ વેચાણ	6000 →	15,000	+ વેચાણ નફો	3000		
સ્ટૉક	9000		(6000 – 3000)			
– વેચાણ(મૂ.કિં.)	3000 →	6000				
લેણું (દેવાદારો)		9000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		45,000	=	37,000	+	8000

ક્રમ	આમનોંધ		ઉધાર (₹)	જમા (₹)	અસર
7.	રાજેશ ખાતે તે ખરીદપરત ખાતે	ઉ.	1000	 1000	દેવું ઘટ્યું. સ્ટૉક ઘટ્યો.
8.	વેચાણપરત ખાતે તે રમણ ખાતે	ઉ.	2000	 2000	સ્ટૉક વધ્યો. લેણું ઘટ્યું.
9.	આગથી થયેલ નુકસાન ખાતે તે ખરીદ ખાતે	ઉ.	1000	 1000	નુકસાન (મૂડી ઘટે). સ્ટૉક ઘટે.
10.	પગાર ખાતે તે રોકડ ખાતે	ઉ.	2000	 2000	ખર્ચ (મૂડી ઘટે). રોકડ ઘટે.

A (મિલકતો) =			C (મૂડી)		+ L (દેવાં)	
રોકડ		15,000				
સ્ટૉક	6000		મૂડી	37,000	દેવું (રાજેશ)	8000
– ખરીદપરત	1000	5000			– ખરીદપરત	1000
લેણું (દેવાદારો)		9000				7000
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		44,000	=	37,000	+	7000
રોકડ		15,000	મૂડી	37,000	દેવું (રાજેશ)	7000
સ્ટૉક	5000					
+ વેચાણપરત	2000	7000				
લેણું (દેવાદારો)	9000					
– વેચાણપરત	2000	7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		44,000	=	37,000	+	7000
રોકડ		15,000	મૂડી	37,000	દેવું (રાજેશ)	7000
સ્ટૉક	7000		– નુકસાન	1000		
– નુકસાન	1000	6000		36,000		
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		43,000	=	36,000	+	7000
રોકડ	15,000		મૂડી	36,000	દેવું (રાજેશ)	7000
– પગાર	2000	13,000	– ખર્ચ (પગાર)	2000		
સ્ટૉક		6000		34,000		
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		41,000	=	34,000	+	7000

ક્રમ	આમનોંધ		ઉધાર (₹)	જમા (₹)	અસર
11.	પગાર ખાતે તે બાકી પગાર ખાતે	ઉ.	1000	 1000	ખર્ચ (મૂડી ઘટે). દેવું વધે.
12.	રોકડ ખાતે તે કમિશન ખાતે	ઉ.	4000	 4000	રોકડ વધે. મૂડી વધે.
13.	મળવાનાં બાકી ડિવિડન્ડ ખાતે તે ડિવિડન્ડ ખાતે	ઉ.	2000	 2000	લેણાં વધે. મૂડી વધે.
14.	વીમા પ્રીમિયમ ખાતે તે રોકડ ખાતે	ઉ.	500	 500	ખર્ચ (મૂડી ઘટે). રોકડ ઘટે.

A (મિલકતો) =			C (મૂડી)		+ L (દેવાં)	
રોકડ		13,000	મૂડી	34,000	દેવું (રાજેશ)	7000
સ્ટૉક		6000	– ખર્ચ (પગાર)	1000	દેવું (બાકી પગાર)	1000
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		41,000	=	33,000	+	8000
રોકડ	13,000		મૂડી	33,000	દેવું (રાજેશ)	7000
+ કમિશન	4000 →	17,000	+ ઊપજ (કમિશન)	4000	દેવું (બાકી પગાર)	1000
સ્ટૉક		6000				
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		45,000	=	37,000	+	8000
રોકડ		17,000	મૂડી	37,000	દેવું (રાજેશ)	7000
સ્ટૉક		6000	+ ઊપજ (ડિવિડન્ડ)	2000	દેવું (બાકી પગાર)	1000
લેણું (બાકી ડિવિડન્ડ)		2000				
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		47,000	=	39,000	+	8000
રોકડ	17,000		મૂડી	39,000	દેવું (રાજેશ)	7000
– વીમા પ્રીમિયમ	500 →	16,500	– ખર્ચ (વીમા પ્રીમિયમ)	500	દેવું (બાકી પગાર)	1000
સ્ટૉક		6000		38,500		
લેણું (બાકી ડિવિડન્ડ)		2000				
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
		46,500	=	38,500	+	8000

ક્રમ	આમનોંધ	ઉધાર (₹)	જમા (₹)	અસર
15.	કમ્પ્યૂટર ખાતે ઉ. તે શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર ખાતે	8000	 8000	મિલકત વધે. દેવું વધે.
16.	ઉપાડ ખાતે ઉ. તે રોકડ ખાતે	1000	 1000	મૂડી ઘટે. રોકડ ઘટે.
17.	રાજેશ ખાતે (8000 – 1000) ઉ. તે રોકડ ખાતે	7000	 7000	દેવું ઘટે. રોકડ ઘટે.
18.	રોકડ ખાતે (9000 – 2000) ઉ. તે રમણ ખાતે	7000	 7000	રોકડ વધે. લેણું ઘટે.

A (મિલકતો) =			C (મૂડી)		+ L (દેવાં)	
રોકડ		16,500	મૂડી	38,500	દેવું (રાજેશ)	7000
સ્ટૉક		6000			દેવું (બાકી પગાર)	1000
લેણું (બાકી ડિવિડન્ડ)		2000			દેવું	8000
લેણું (દેવાદારો)		7000			(શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર)	
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
કમ્પ્યૂટર		8000				
		54,500	=	38,500	+	16,000
રોકડ	16,500		મૂડી	38,500	દેવું (રાજેશ)	7000
– ઉપાડ	1000 →	15,500	– ઉપાડ	1000	+ દેવું (બાકી પગાર)	1000
સ્ટૉક		6000		37,500	+ દેવું	8000
લેણું (બાકી ડિવિડન્ડ)		2000			(શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર)	
લેણું (દેવાદારો)		7000				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
કમ્પ્યૂટર		8000				
		53,500	=	37,500	+	16000
રોકડ	15,500		મૂડી	37,500	દેવું (રાજેશ)	7000
– રાજેશને ચૂકવ્યા	7000 →	8500			– ચૂકવ્યા	7000
સ્ટૉક		6000				–
લેણું (બાકી ડિવિડન્ડ)		2000			દેવું (બાકી પગાર)	1000
લેણું (દેવાદારો)		7000			દેવું (શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર)	8000
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
કમ્પ્યૂટર		8000				
		46,500	=	37,500	+	9000
રોકડ	8500		મૂડી	37,500	દેવું (બાકી પગાર)	1000
+ રમણે આપ્યા	7000 →	15,500			દેવું (શ્રીકૃષ્ણ કમ્પ્યૂટર)	8000
સ્ટૉક		6000				
લેણું (બાકી ડિવિડન્ડ)		2000				
લેણું (દેવાદારો) રમણ	7000					
વસૂલ થયું.	7000 →	–				
બૅન્ક સિલક		5000				
ફર્નિચર		10,000				
કમ્પ્યૂટર		8000				
		46,500	=	37,500	+	9000

નાણાકીય હિસાબી પદ્ધતિમાં હિસાબનીશે વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. અહીં આમનોંધ - પેટાનોંધો - ખતવણી - કાચું સરવૈયું અને હવાલાઓના આધારે વાર્ષિક હિસાબો તૈયાર થાય છે. વાર્ષિક હિસાબોનાં ત્રણ અંગો છે :

(1) વેપાર ખાતું

(2) નફા-નુકસાન ખાતું

(3) પાકું સરવૈયું

દ્વિનોંધી નામા પદ્ધતિના આધારે વેપારખાતું બંધ કરીને તફાવત નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે છે. નફા-નુકસાન ખાતાની બાકી પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે અને છેલ્લે પાકું સરવૈયું ધંધાની આર્થિક સ્થિતિ દર્શાવે છે.

સમીકરણની પદ્ધતિમાં નામાનાં તમામ નિયમોનું પાલન કરવામાં આવે છે, પણ વ્યવહારોની સીધી અસર દ્વારા પાકું સરવૈયું કેવી રીતે તૈયાર થાય તે સમજાવવામાં આવેલ છે.

આ અંગેની સમજૂતી ફરીથી પ્રકરણ - ધંધાકીય એકમના નાણાકીય (હિસાબી) પત્રકોમાં સમજાવવામાં આવેલ છે. જેથી કરીને સમીકરણ પદ્ધતિની પ્રક્રિયા સારી રીતે સમજી શકાશે.

સ્વાધ્યાય

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) માલિક ધંધામાં મૂડી લાવે ત્યારે,
(અ) મૂડી વધે - દેવું વધે
(બ) મૂડી વધે - મિલકત વધે
(ક) એક દેવું વધે - અન્ય દેવું ઘટે
(ડ) એક મિલકત વધે - અન્ય મિલકત ઘટે

(2) માલની ઉધાર ખરીદી થાય ત્યારે,
(અ) મિલકત વધે - દેવું વધે
(બ) મિલકત ઘટે - દેવું ઘટે
(ક) મિલકત વધે - દેવું ઘટે
(ડ) મિલકત ઘટે - દેવું વધે

(3) મહેસૂલી ખર્ચ રોકડમાં ચૂકવવામાં આવે ત્યારે,
(અ) મિલકત વધે - દેવું વધે
(બ) મિલકત ઘટે - મૂડી ઘટે
(ક) મિલકત વધે - મૂડી વધે
(ડ) મિલકત ઘટે - દેવું ઘટે

(4) મહેસૂલી આવક રોકડમાં મળે ત્યારે,
(અ) મિલકત વધે - દેવું વધે
(બ) મિલકત વધે - દેવું ઘટે
(ક) મિલકત વધે - મૂડી વધે
(ડ) મૂડી વધે - દેવું ઘટે

(5) નમૂના તરીકે માલ વહેંચવામાં આવે ત્યારે,
(અ) મિલકત ઘટે - દેવું ઘટે
(બ) મિલકત વધે - દેવું વધે
(ક) મિલકત વધે - મૂડી વધે
(ડ) મિલકત ઘટે - મૂડી ઘટે

2. નીચેના વ્યવહારોની આમનોંધ લખો અને તેની સમીકરણ આધારિત હિસાબી અસરો સમજાવો :

(1) ₹ 80,000 લાવી ધંધો શરૂ કર્યો.

(2) ₹ 20,000 બૅન્કમાં ભરીને ખાતું ખોલાવ્યું.

(3) ₹ 40,000ની હિમાની પાસેથી માલની ઉધાર ખરીદી કરી.

(4) ₹ 30,000નો માલ રોકડેથી ખરીદ્યો.

(5) ₹ 35,000નો માલ જશલીનને ₹ 55,000માં ઉધાર વેચ્યો.

(6) ₹ 10,000નો માલ ₹ 18,000માં રોકડેથી વેચ્યો.

(7) હિમાનીને ₹ 2000નો માલ પરત કર્યો.

(8) જશલીને ₹ 4000નો માલ પરત કર્યો.

(9) હિમાની અને જશલીન સાથે હિસાબની પતાવટ થઈ.

(10) ₹ 5000 બૅન્કમાંથી ઉપાડ્યા.

(11) ₹ 4000 પગારનાં ચેકથી ચૂકવ્યા.

(12) ₹ 3000 કમિશનનાં રોકડા મળ્યા અને ₹ 2500 મળવાનાં બાકી છે.

(13) ₹ 4000નું ભાડું ચૂકવ્યું અને ₹ 1500 ચૂકવવાનાં બાકી છે.

(14) ₹ 2000નો માલ ધર્માદામાં આપ્યો.

(15) ₹ 15,000નું પ્રેક્ષા ફર્નિચર માર્ટમાંથી ફર્નિચર ખરીદ્યું.

(16) ₹ 6000 દીકરીની કૉલેજ ફી ભરી.

(17) ₹ 500 બૅન્કે વ્યાજનાં જમા કર્યા અને બૅન્ક ચાર્જિસનાં ₹ 200 આપણા ખાતે ઉધાર્યા.

(18) વ્યાજના ₹ 2500 અગાઉથી મળ્યા.

(19) જાહેરાત ખર્ચનાં ₹ 2000 અગાઉથી ચૂકવ્યા.

◆

6

પેટાનોંધો (Subsidiary Books)

1. પ્રસ્તાવના
2. પેટાનોંધોનો અર્થ
3. પેટાનોંધોના પ્રકાર
4. પેટાનોંધોના ફાયદા
5. માલ અંગેની પેટાનોંધો – સ્વાધ્યાય

1. પ્રસ્તાવના (Introduction)

આપણે આગળ જોઈ ગયા કે વિવિધ પ્રકારના રોજબરોજના આર્થિક વ્યવહારોની પ્રથમ નોંધને આમનોંધ કહેવામાં આવે છે. આ નોંધ જે ચોપડે નોંધાય છે તેને આમનોંધ કહેવાય છે.

જ્યારે વ્યવહારોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી જાય ત્યારે ફક્ત એક જ ચોપડામાં (આમનોંધમાં) તેમનો સમાવેશ કરવો મુશ્કેલ બની જાય છે. આમનોંધના ચોપડાની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) જ્યારે વ્યવહાર થાય ત્યારે દરેક વખતે ખાતાનું નામ લખવું પડે છે.

(2) દરેક વ્યવહારની ખતવણી વખતે ઉધાર અને જમા કરવું પડે છે. આથી, આમનોંધ અને ખતવણીનું કાર્ય વારંવાર કરવું પડે છે. એક જ કાર્યનું પુનરાવર્તન થાય છે.

(3) આમનોંધનો ચોપડો ઘણો મોટો થતા તેને સાચવવાની મુશ્કેલી છે.

(4) આમનોંધ પરથી કેટલીક મહત્ત્વની માહિતી તાત્કાલિક મળી શકતી નથી.

(5) આંતરિક અંકુશની પદ્ધતિનો અસરકારક રીતે અમલ કરવો મુશ્કેલ બને છે.

ઉપર દર્શાવેલ આમનોંધની મર્યાદાઓ દૂર કરવા માટે આમનોંધને પેટાનોંધોમાં વહેંચવામાં આવે છે. જોકે કમ્પ્યૂટરના ઉપયોગને કારણે ઉપરની મર્યાદાઓ નહીવત રહેવા પામી છે. જે વ્યવહારોનું પ્રમાણ વધારે છે અને વારંવાર થાય છે, તે દરેક માટે આમનોંધનો અલગ ચોપડો રાખવામાં આવે છે. દા.ત., ઉધાર ખરીદી માટે, ઉધાર વેચાણ માટે, રોકડનાં વ્યવહારો માટે વગેરે, જ્યાં નિશ્ચિત વ્યવહારો નિશ્ચિત ચોપડામાં નોંધવામાં આવે છે. આમનોંધના આવા અલગ ચોપડાને પેટાનોંધો કે પેટાવિભાગો તરીકે ઓળખવામાં આવે છે.

2. પેટાનોંધોનો અર્થ (Meaning of Subsidiary Books)

''એક જ પ્રકારના વારંવાર થતા વ્યવહારો નોંધવા માટે આમનોંધના ચોપડાની વર્ગીકૃત નોંધો એટલે પેટાનોંધો.''

પેટાનોંધોને દૈનિક ચોપડા (Day Books) તરીકે પણ ઓળખવામાં આવે છે. દરેક વર્ગીકૃત નોંધ એટલે કે પેટાનોંધ માટે અલગ ચોપડો રાખવામાં આવે છે. દા.ત., ઉધાર ખરીદીના વ્યવહાર નોંધવા માટે ખરીદનોંધ અને ઉધારવેચાણના વ્યવહારો નોંધવા માટે વેચાણનોંધ તૈયાર કરવામાં આવે છે.

3. પેટાનોંધોના પ્રકાર (Types of Subsidiary Books)

દરેક ધંધાકીય એકમની જરૂરિયાત પ્રમાણે પેટાનોંધો રાખવામાં આવે છે. સામાન્ય રીતે મોટા ધંધાકીય એકમમાં નીચે મુજબની પેટાનોંધોનો ઉપયોગ થાય છે :

પેટાનોંધનું નામ	પેટાનોંધના વ્યવહારો (પેટાનોંધોનો ઉપયોગ)
(1) રોકડમેળ (રોકડ આમનોંધ) :	
(અ) સાદો રોકડમેળ (એક ખાનાવાળો રોકડમેળ)	(અ) રોકડ વ્યવહારો નોંધવા માટે
(બ) (બે ખાનાંવાળો રોકડમેળ) રોકડ અને બૅન્ક ખાનાવાળો રોકડમેળ અથવા રોકડ અને વટાવ ખાનાવાળો રોકડમેળ અથવા બૅન્ક અને વટાવ ખાનાવાળો રોકડમેળ	(બ) રોકડ અને બૅન્કના વ્યવહારો નોંધવા માટે અથવા રોકડ અને વટાવના વ્યવહારો નોંધવા માટે અથવા બૅન્ક અને વટાવના વ્યવહારો નોંધવા માટે
(ક) રોકડ, બૅન્ક અને વટાવના ખાનાંવાળો રોકડમેળ (ત્રણ ખાનાંવાળો રોકડમેળ)	(ક) રોકડ, બૅન્ક અને વટાવના વ્યવહારો નોંધવા માટે

(2) માલ અંગેની પેટાનોંધો	
(અ) ખરીદનોંધ	(અ) માલની ઉધાર ખરીદી નોંધવા માટે
(બ) વેચાણનોંધ	(બ) માલનું ઉધાર વેચાણ નોંધવા માટે
(ક) ખરીદપરત નોંધ	(ક) ઉધાર ખરીદેલ માલ પરત નોંધવા માટે
(ડ) વેચાણપરત નોંધ	(ડ) ઉધાર વેચેલ માલ પરત નોંધવા માટે
(3) હૂંડી અંગેની પેટાનોંધો	
(અ) લેણીહૂંડી નોંધ	(અ) લખેલી હૂંડીઓ નોંધવા માટે
(બ) દેવીહૂંડી નોંધ	(બ) સ્વીકારેલ દેવી હૂંડીઓ નોંધવા માટે
(4) ખાસ આમનોંધ	ઉપરની કોઈ પણ પેટાનોંધમાં નહિ સમાયેલ વ્યવહારો નોંધવા માટે.

ઉપર્યુક્ત દરેક પેટાનોંધોની વિગતવાર ચર્ચા હવે કરવામાં આવેલ છે. આ પ્રકરણમાં ફક્ત માલ અંગેની પેટાનોંધોની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

4. પેટાનોંધોના ફાયદા (Advantages of Subsidiary Books)

પેટાનોંધોનો ઉપયોગ કરવાથી નીચે મુજબના ફાયદાઓ થાય છે :

(1) કાર્યની વહેંચણી (Division of work) : હિસાબી કામકાજની જુદી જુદી વ્યક્તિઓ વચ્ચે વહેંચણી કરી શકાય છે. દા.ત., ખરીદનોંધ અને વેચાણનોંધ માટે અલગ અલગ વ્યક્તિને કાર્યની સોંપણી.

(2) શ્રમ વિભાજન (Division of labour) : એકાઉન્ટ વિભાગમાં જે વ્યક્તિ પાસે જે કાર્યની વિશિષ્ટ આગવી કુશળતા હોય તે પ્રકારના કાર્યની સોંપણી કરી શકાય છે. આથી ઓછા ખર્ચે સાચી, ઝડપી અને સરળતાથી હિસાબી માહિતી મેળવી શકાય. એટલે કે પેટાનોંધ રાખવાથી શ્રમવિભાજનનો લાભ મળે છે.

ઉપરના બે અગત્યના લાભોનાં કારણે અન્ય નીચે પ્રમાણેના લાભો પણ થાય છે :

– ઑડિટનું કાર્ય સરળતાથી અને ઝડપથી થાય છે.

– હિસાબો તૈયાર કરવામાં પણ સરળતા અને ઝડપનો લાભ મળે છે.

– સમયનો બચાવ થાય છે.

– તારણરૂપ માહિતી ઝડપથી મળી રહે છે.

5. માલ અંગેની પેટાનોંધો (Subsidiary Books for Goods)

ધંધાકીય એકમ જે વસ્તુનો ધંધો કરતું હોય તે વસ્તુ તેના માટે માલ કહેવાય. અગાઉના પ્રકરણમાં કરેલ અભ્યાસ મુજબ કાપડના વેપારી માટે કાપડ માલ કહેવાય. ધંધાકીય એકમના માલના ઉધાર ખરીદી-વેચાણ અને ઉધાર માલ પરતના વ્યવહારો જે પેટાનોંધોમાં નોંધવામાં આવે છે તેને માલ અંગેની પેટાનોંધો કહેવાય. આથી માલ અંગેની ચાર પ્રકારની પેટાનોંધો છે.



(A) ખરીદનોંધ અથવા જમા નોંધ (Purchase book) : જે પેટાનોંધમાં માલની ઉધાર ખરીદીના વ્યવહારોની નોંધ કરવામાં આવે છે તેને ખરીદનોંધ કહે છે. વેપારી જે વસ્તુનો ખરીદવેચાણનો ધંધો કરતો હોય તે વસ્તુની (માલની)ઉધાર ખરીદીની નોંધ ખરીદનોંધમાં કરે છે.

રોકડખરીદીના વ્યવહારો કે મિલકત ખરીદીના વ્યવહારો ખરીદનોંધમાં નોંધવામાં આવતા નથી. અંશતઃ રોકડ અને અંશતઃ શાખ પરનો વ્યવહાર હોય તો આખો વ્યવહાર શાખ પરનો વ્યવહાર ગણીને નોંધવામાં આવે છે.

ખરીદનોંધમાં માલની ઉધાર ખરીદીની 'ચોખ્ખી રકમ' નોંધવામાં આવે છે.

ખરીદીની ચોખ્ખી રકમ = માલની ઉધાર ખરીદીની કુલ રકમ બાદ વેપારી વટાવ. વેપારીવટાવ ચોપડે નોંધાતો નથી.

ખરીદનોંધ જુદા જુદા પ્રકારે રાખી શકાય છે, જેમાં મુખ્યત્વે બે પ્રકારનો સમાવેશ થાય છે :



ઉપર દર્શાવ્યા પ્રમાણે ખરીદનોંધના મુખ્ય બે પ્રકાર છે : (અ) સાદી ખરીદનોંધ અને (બ) ખાનાંવાળી ખરીદનોંધ.

ખાનાંવાળી ખરીદનોંધના પણ બે પ્રકાર પાડવામાં આવે છે : (i) માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી ખરીદનોંધ (ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદનોંધ

(અ) સાદી ખરીદનોંધ (Simple purchase book) : જ્યારે વેપારી એક જ પ્રકારના માલની ખરીદી કરતો હોય ત્યારે સામાન્ય રીતે સાદી ખરીદનોંધ રાખવામાં આવે છે. જો એક કરતાં વધારે પ્રકારના માલની ખરીદી કરવામાં આવતી હોય અને જો સાદી ખરીદનોંધ રાખવી હોય તો દરેક પ્રકારના માલ માટે જુદો ખરીદનોંધનો ચોપડો રાખી શકાય.

સાદી ખરીદનોંધનો નમૂનો

શ્રી ....ની ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹)
	કુલ			

(i) તારીખ (Date) : ઉપરના નમૂનામાં પ્રથમ ખાનું તારીખનું છે. આ ખાનામાં જે તારીખે ઉધાર ખરીદીનો વ્યવહાર થયો હોય તે તારીખ નોંધવામાં આવે છે.

(ii) વેપારીનું નામ (Name of supplier) : આ ખાનામાં જે વેપારી પાસેથી શાખ પર માલ ખરીદ્યો હોય તેનું નામ અને ખરીદેલ માલ અંગેની વિગત લખવામાં આવે છે.

(iii) આવક ભરતિયા નંબર (Inward invoice no.) : આ ખાનામાં જે વેપારીએ માલ મોકલ્યો હોય તેણે મોકલેલ ભરતિયાં કે બિલનો નંબર અથવા આપણે આપેલ ક્રમાંક દર્શાવવામાં આવે છે.

(iv) ખાતાવહી પાના નંબર (ખા.પા. નંબર) (Ledger folio no.) : આ ખાનામાં જે વેપારી પાસેથી ઉધાર માલ ખરીદવામાં આવ્યો હોય તે વેપારીનું ખાતું ખાતાવહીમાં જે પાને હોય તેનો પાના નંબર નોંધવામાં આવે છે.

(v) રકમ (Amount) : આ ખાનામાં ઉધાર ખરીદીની કુલ રકમમાંથી વેપારીવટાવ બાદ કર્યા પછીની ચોખ્ખી રકમ દર્શાવવામાં આવે છે. (ઉપરાંત આપણા વતી ચૂકવેલ ખર્ચાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે, જેની ખાસ આમનોંધમાં નોંધ થાય છે.)

ઉદાહરણ 1 : નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી હરીશકુમારના ચોપડામાં ખરીદનોંધ તૈયાર કરો.

2015

માર્ચ 1 ₹ 10,000નો માલ મહેશ પાસેથી એક માસની શાખ પર ખરીદ્યો.

2 ₹ 15,000નો માલ હસમુખભાઈ પાસેથી 10 % વેપારી વટાવે ખરીદ્યો. ભરતિયા નંબર 15.

6 ₹ 8000નો માલ મનીષ પાસેથી રોકડેથી ખરીદ્યો.

14 નવીનને ₹ 10,000નો માલ 20 % વેપારીવટાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

18 ₹ 6000નું ફર્નિચર શ્રીજી ફર્નિચર માર્ટમાંથી એક માસની શાખ પર ખરીદ્યું.

20 નવીને ઑર્ડર મુજબનો માલ મોકલી આપ્યો અને રેલવેનૂરના ₹ 1200 ઉમેરીને બિલનંબર 314 મોકલી આપ્યું.

23 ₹ 4000નો માલ 5 % રોકડવટાવે ખરીદ્યો.

25 બાબુલાલ પાસેથી ₹ 16,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો અને અડધાં નાણાં તરત જ ચેકથી ચૂકવી આપ્યા.

28 લલિત પાસેથી ₹ 6000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે ખરીદ્યો. નાણાં તરત જ ચૂકવી આપ્યા.

30 રાજેશ પાસેથી ₹ 3000નો માલ ખરીદ્યો. બિલ નંબર 101.

જવાબ : **શ્રી હરીશકુમારની ખરીદનોંધ**

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹)
2015				
માર્ચ 1	મહેશ ખાતે	–	–	10,000
2	હસમુખભાઈ ખાતે	15	–	13,500
20	નવીન ખાતે	314	–	8000
25	બાબુલાલ ખાતે	–	–	14,400
30	રાજેશ ખાતે	101	–	3000
	કુલ			**48,900**

નોંધ : (1) કુલ ઉધાર ખરીદીની રકમ ₹ 48,900 છે.
આ રકમ ખરીદખાતામાં ઉધાર બાજુએ નોંધાશે.

(2) નીચેના વ્યવહારો ખરીદનોંધમાં નોંધાશે નહિ.

તા. માર્ચ 6 - રોકડ ખરીદી, જે રોકડમેળમાં નોંધાશે.

તા. માર્ચ 14 - બિનઆર્થિક વ્યવહાર, જેની નોંધ કરવામાં આવતી નથી.

તા. માર્ચ 18 - મિલકતની શાખ પર ખરીદી છે. માલ નથી તેથી તે ખાસ આમનોંધમાં નોંધાશે.

તા. માર્ચ 20 - રેલવેનૂરની નોંધ ખાસ આમનોંધમાં થશે.

તા. માર્ચ 23 - રોકડખરીદી, જે રોકડમેળમાં નોંધાશે.

તા. માર્ચ 28 - રોકડખરીદી, જે રોકડમેળમાં નોંધાશે.

(3) તારીખ 25 માર્ચના વ્યવહારમાં બાબુલાલને ચૂકવેલ અડધી રકમ ₹ 7200ની નોંધ રોકડમેળમાં બૅન્ક ખાતાંમાં / ખાનામાં કરવામાં આવશે. (આ બાબત રોકડમેળના પ્રકરણમાં સમજાવવામાં આવેલ છે.)

(બ) ખાનાંવાળી ખરીદનોંધ (Columnar purchase book) : ઉપર આપણે જોયું કે ખાનાંવાળી ખરીદનોંધ બે રીતે તૈયાર કરી શકાય છે.

(i) માલના પ્રકાર પ્રમાણેની અને (ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદનોંધ.

(i) માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી ખરીદનોંધ : જ્યારે વેપારી એક કરતાં વધારે પ્રકારના માલની ખરીદી કરતો હોય ત્યારે તે દરેક પ્રકારના માલની વિગતો અને માહિતી મળી રહે તે માટે સાદી ખરીદનોંધને બદલે માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી ખરીદનોંધ તૈયાર કરે છે. દા.ત., જો વેપારી ફક્ત ટીવીની ખરીદી કરતો હોય ત્યારે સાદી ખરીદનોંધ તૈયાર કરે છે; પરંતુ જો વેપારી ટીવી, ફ્રિજ, ઘરઘંટીની ખરીદી કરતો હોય તો ખાનાંવાળી ખરીદનોંધ તૈયાર કરે.

માલનાં ખાનાંવાળી ખરીદનોંધનો નમૂનો

શ્રી ......ની ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹)			કુલ રકમ (₹)
				ટીવી	ફ્રિજ	ઘરઘંટી	
	કુલ						

ઉપર દર્શાવેલ નમૂનામાં જોઈ શકાય છે કે બાકીની બધી જ વિગતો સાદી ખરીદનોંધ જેવી જ રહે છે. ફક્ત રકમના ખાનામાં એક કરતાં વધારે ખાનાં પાડવામાં આવે છે. દરેક અલગ અલગ પ્રકારના માલની ઉધાર ખરીદી નોંધવા માટે અલગ ખાનું રાખવામાં આવે છે. તદ્દુપરાંત અંતમાં એક ખાનું કુલ રકમ નોંધવા માટે રાખવામાં આવે છે. ખરીદીના વ્યવહારમાં માલના પ્રકાર પ્રમાણે જુદાં જુદાં ખાનાંમાં જે રકમ લખવામાં આવેલ હોય તેનો સરવાળો કુલ રકમમાં દર્શાવવામાં આવે છે.

આ પ્રકારની ખરીદનોંધથી દરેક પ્રકારના માલની કુલ ઉધાર ખરીદી તથા દરેક વેપારી પાસેથી એક વ્યવહારમાં કરેલી કુલ ઉધાર ખરીદીની માહિતી મેળવી શકાય છે.

નમૂના પરથી જોઈ શકાય છે કે અહીં વેપારી ટીવી, ફ્રિજ અને ઘરઘંટીની ઉધાર ખરીદી કરે છે અને તેમની ખરીદી નોંધવા માટે ખાનાંવાળી ખરીદનોંધ તૈયાર કરવામાં આવી છે.

આ જ રીતે કાપડનો વેપારી પેન્ટ, શર્ટ, ઝભ્ભાનો ધંધો કરતો હોય તો પેન્ટ, શર્ટ, ઝભ્ભા એમ ત્રણ અલગ ખાનાં રાખે. આ જ રીતે ફર્નિચરનો વેપારી ટેબલ, ખુરશી અને કબાટ એમ ત્રણ ખાનાં રાખી શકે.

ટૂંકમાં ખાનાં કેટલા રાખવા તેનો આધાર વેપારી કેટલા પ્રકારના માલની ઉધાર ખરીદી કરે છે, તેના પર રહેલો છે.

ઉદાહરણ 2 : નીચેના વ્યવહારો ઉપરથી શ્રીજી ફર્નિચર માર્ટના ચોપડે ખાનાંવાળી ખરીદનોંધ તૈયાર કરો. શ્રીજી ફર્નિચર માર્ટ ટેબલ, ખુરશી અને કબાટની લે-વેચનો ધંધો કરે છે.

2015

એપ્રિલ 1 શ્રી રામ ફર્નિચર માર્ટ પાસેથી 10 નંગ ટેબલ ₹ 1000 નંગ દીઠ, 15 નંગ ખુરશી ₹ 600 નંગ દીઠ અને 5 નંગ કબાટ ₹ 3000 નંગ દીઠના ભાવે ખરીદ્યા. શાખનો સમય 1 માસ અને ભરતિયા નંબર 99.

5 શ્રીકૃષ્ણ ફર્નિચર માર્ટ પાસેથી 10 નંગ ટેબલ ₹ 1200 નંગ દીઠ અને 12 નંગ કબાટ ₹ 2500 નંગ દીઠ ભાવે 10 % વેપારીવટાવે ખરીદ્યા. ભરતિયા નંબર 126 મળ્યું. અડધાં નાણાં તરત જ રોકડેથી ચૂકવી આપ્યાં.

10 શ્રી શીવમ સાઇકલ સ્ટોર્સમાંથી ₹ 3500ની સાઇકલની ખરીદી કરી.

20 શ્રી રહીમ ફર્નિચર સ્ટોર્સમાંથી ₹ 10,000ની ખુરશી 10 % વેપારીવટાવે ખરીદી અને 5 % રોકડવટાવે તરત જ રકમ ચૂકવી આપી.

25. શ્રી અંબે ફર્નિચર ટ્રેડિંગ કંપનીને 20 નંગ ટેબલ નંગદીઠ ₹ 900ના ભાવે અને 5 નંગ ખુરશી ₹ 700ના ભાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

30. મહેશભાઈ પાસેથી બિલનંબર 500 હેઠળ 5 નંગ ટેબલ, નંગદીઠ ₹ 1200ના ભાવે, 20 નંગ ખુરશી નંગદીઠ ₹ 600ના ભાવે અને 8 નંગ કબાટ ₹ 2500ના ભાવે 10 % વેપારી વટાવે ખરીદ્યા.

શ્રીજી ફર્નિચર માર્ટની ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹) ટેબલ	ખુરશી	કબાટ	કુલ રકમ (₹)
2015							
એપ્રિલ 1	શ્રી રામ ફર્નિચર માર્ટ ખાતે	99	–	10,000	9000	15,000	34,000
5	શ્રી કૃષ્ણ ફર્નિચર માર્ટ ખાતે	126	–	10,800	–	27,000	37,800
30	મહેશભાઈ ખાતે	500	–	5400	10,800	18,000	34,200
	કુલ			**26,200**	**19,800**	**60,000**	**1,06,000**

નોંધ : (1) કુલ ઉધાર ખરીદી ₹ 1,06,000 ની છે. જે ખરીદખાતામાં ઉધાર બાજુએ નોંધાશે. (ખતવાશે.)

(2) નીચેના વ્યવહારોની નોંધ ખરીદનોંધમાં કરવામાં આવશે નહિ.

તા. 10 એપ્રિલ, સાયકલ (મિલકતની) શાખ પર ખરીદી જે ખાસ આમનોંધમાં નોંધાશે.

તા. 20 એપ્રિલ, સંપૂર્ણ રોકડ ખરીદી હોવાથી રોકડમેળમાં નોંધાશે.

તા. 25 એપ્રિલ, ફક્ત ઑર્ડર આપેલ છે. બિનઆર્થિક વ્યવહાર જેની નોંધ કરવામાં આવતી નથી.

(3) તા. 5 એપ્રિલના વ્યવહારમાં થયેલ રોકડની ચુકવણી જે ₹ 18,900 છે, તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવશે.

(ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદનોંધ : જ્યારે વેપારી માલ ખરીદે છે ત્યારે વેચનાર વેપારી ઘણીવાર માલની વેચાણકિંમત ઉપરાંત વિવિધ પ્રકારના ખર્ચ ઉમેરી ભરતિયું મોકલે છે. સામાન્ય સંજોગોમાં આ ખર્ચમાં વસેક (GST), રેલવેનૂર, મજૂરી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

ખરીદ કરનાર વેપારી આવા વિવિધ ખર્ચાઓની અલગ નોંધ રાખવા માટે ખરીદનોંધની રકમનાં ખાનાં જરૂરિયાત મુજબ એક કરતાં વધુ પાડે છે. દરેક ખર્ચદીઠ એક ખાનું રાખવામાં આવે છે, જેમાં જે-તે ખર્ચની નોંધ કરવામાં આવે છે. આવી અલગ નોંધ રાખવાથી ખરીદેલ માલની કુલ ખરીદકિંમત અને ખરીદીને લગતા જુદા-જુદા પ્રકારના દરેક ખર્ચની માહિતી મેળવી શકાય છે.

ખરીદનોંધમાં ખર્ચની નોંધ કરતી વખતે માલની રકમ વેપારીવટાવ બાદ કર્યા પછીની 'ચોખ્ખી રકમ' માલની રકમના ખાનામાં દર્શાવવામાં આવે છે.

માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદનોંધનો નમૂનો

તારીખ	વેપારીનું નામ	આ. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹)						કુલ રકમ (₹)
				માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક	
	કુલ									

ઉપરના નમૂનામાં જોઈ શકાય છે કે બધી જ વિગતો સાદી ખરીદનોંધ જેવી જ રહે છે. ફક્ત રકમનાં ખાનાંને વિવિધ ભાગોમાં વહેંચી દેવામાં આવેલ છે. દરેક પ્રકારના ખર્ચ માટે અલગ ખાનું રાખવામાં આવે છે. જેના પરથી કુલ ઉધારમાલની ખરીદકિંમત અને દરેક પ્રકારના ખર્ચની કુલ રકમ જાણી શકાય છે. ખાતાવહીમાં દરેક પ્રકારના ઉપર મુજબના ખાતા ખોલીને ખતવણી કરવામાં આવે છે. જે તે ખાતામાં ઉધાર થશે.

ઉદાહરણ 3 : અમદાવાદના ભાવેશ સ્ટોર્સ કે જે કાપડના વેપારી છે, તેમના ચોપડે ખર્ચની નોંધ સહિતની ખરીદનોંધ તૈયાર કરો. તેઓ વસેક, રેલવેનૂર, મજૂરી જેવા ખર્ચાઓ નોંધવા અલગ ખાનાં રાખે છે. કુલ 12 % વસેક દરનાં આધારે ખરીદનોંધ તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને ખરીદનોંધ તૈયાર કરો.

2018

જાન્યુ. 1 રાજકોટના વિપુલ સ્ટોર્સ પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો, મજૂરીના ₹ 500 અને રેલવેનૂરના ₹ 400 તેમના ભરતિયા નંબર 239માં દર્શાવેલ છે.

7 ભાવનગરના ગોપી પાસેથી ₹ 15,000નો માલ 5 % વેપારી વટાવે ખરીદ્યો. મજૂરી પેટે ₹ 300 અને રેલવેનૂરના ₹ 400 સાથે કુલ રકમ રોકડેથી તરત જ ચૂકવી દીધી.

23 ₹ 20,000નો માલ મુંબઈ (મહારાષ્ટ્ર)ના ધવલ પાસેથી 10 % વેપારીવટાવે ખરીદ્યો. જેમાં મજૂરીના ₹ 250 અને રેલવેનૂરના ₹ 350 લેખે બિલ નંબર 971 મળ્યું. ધવલને અડધાં નાણાં તરત જ ચૂકવી આપ્યાં.

25 ₹ 12,000નું યંત્ર એક માસની શાખ પર જામનગરના મુકુંદ પાસેથી ખરીદ્યું. યંત્ર લાવવાની મજૂરી ₹ 1000 થઈ જે રોકડમાં ચૂકવવામાં આવી.

29 પોરબંદરના પૂનમ પાસેથી ₹ 8000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે ખરીદ્યો. ભરતિયા નંબર 193 મળ્યું. જેમાં રેલવેનૂરના ₹ 200 દર્શાવેલ છે.

શ્રી ભાવેશ સ્ટોર્સની ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આ. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹)						કુલ રકમ (₹)
				માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક	
2018										
જાન્યુ. 1	વિપુલ સ્ટોર્સ ખાતે	239	–	9000	400	500	594	594	–	11,088
23	ધવલ ખાતે	971	–	18,000	350	250	–	–	2232	20,832
29	પૂનમ ખાતે	193	–	7200	200	–	444	444	–	8288
	કુલ			**34,200**	**950**	**750**	**1038**	**1038**	**2232**	**40,208**

નોંધ : (1) અહીં નીચેના વ્યવહારોની નોંધ ખરીદનોંધમાં કરવામાં આવશે નહિ.

તા. 7 રોકડ ખરીદી જે રોકડમેળમાં નોંધાશે.

તા. 25 મિલકતની ખરીદી જે શાખ પર કરવામાં આવી છે તે માલની ખરીદી ન હોવાથી ખાસ આમનોંધમાં નોંધાશે અને ચૂકવેલ મજૂરીની નોંધ રોકડમેળમાં કરવામાં આવશે.

(2) ખરીદનોંધમાં નોંધેલ માલની ચોખ્ખી રકમ અને વસેકની ગણતરી નીચે મુજબ કરવામાં આવેલ છે :

વિગત	જાન્યુ. 1 અંતરરાજ્ય પૂર્તિ	જાન્યુ. 23 આંતરરાજ્ય પૂર્તિ	જાન્યુ. 29 અંતરરાજ્ય પૂર્તિ
માલની ચોખ્ખી રકમ	9000	18,000	7200
+ રેલવેનૂર	400	350	200
+ મજૂરી	500	250	–
કુલ રકમ	**9900**	**18,600**	**7400**
વસેકની ગણતરી : કેન્દ્રીય વસેક (6 %)	594	–	444
રાજ્ય વસેક (6 %)	594	–	444
સંકલિત વસેક (12 %)	–	2232	–

નોંધ : વિવિધ ખર્ચાઓ (સેવાઓ) અંગે વસેકનાં દર જુદા જુદા છે. વિદ્યાર્થીઓને સમજૂતી માટે સરળતા રહે તે હેતુથી કુલ રકમ પર વસેક ગણેલ છે, જેમાં ખરીદીના અન્ય ખર્ચાઓનો પણ સમાવેશ થાય છે. તેથી આ પૂર્તિના વ્યવહારોને સંયુક્ત પૂર્તિ (Composite supply) તરીકે ધ્યાનમાં લઈને વસેકની ગણતરીઓ કરવામાં આવેલ છે.

(B) વેચાણનોંધ અથવા ઉધારનોંધ (Sales Book) : જે પેટાનોંધમાં માલના ઉધાર વેચાણના વ્યવહારોની નોંધ કરવામાં આવે છે તેને વેચાણનોંધ કહે છે. વેપારી જે વસ્તુનો ખરીદવેચાણનો ધંધો કરતો હોય તે વસ્તુના (માલની) ઉધાર વેચાણની નોંધ વેચાણનોંધમાં કરે છે.

રોકડ વેચાણના વ્યવહારો કે મિલકતના રોકડ વેચાણના વ્યવહારો વેચાણનોંધમાં નોંધવામાં આવતા નથી. આવા વ્યવહારો રોકડમેળમાં નોંધાય છે. વેચાણનોંધમાં માલના ઉધારવેચાણની ચોખ્ખી રકમ નોંધવામાં આવે છે.

ચોખ્ખી રકમ = માલના ઉધાર વેચાણની કુલ રકમ બાદ વેપારી વટાવ. વેપારીવટાવ ચોપડે નોંધાતો નથી.

ખરીદનોંધની જેમ વેચાણનોંધ જુદા જુદા પ્રકારે રાખી શકાય છે, જેમાં મુખ્યત્વે બે પ્રકારનો સમાવેશ થાય છે :

વેચાણનોંધ

- સાદી વેચાણનોંધ
- ખાનાંવાળી વેચાણનોંધ
  - માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી વેચાણનોંધ
  - માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધ

ઉપર દર્શાવ્યા પ્રમાણે વેચાણનોંધના મુખ્ય બે પ્રકાર છે :

(1) સાદી વેચાણનોંધ અને (2) ખાનાંવાળી વેચાણનોંધ

ખાનાંવાળી વેચાણનોંધના પણ બે પ્રકાર પાડવામાં આવે છે :

(i) માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી વેચાણનોંધ અને (ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધ

(1) સાદી વેચાણનોંધ (Simple sales book) : જ્યારે વેપારી એક જ પ્રકારના માલનું વેચાણ કરતો હોય ત્યારે સામાન્ય રીતે તેના દ્વારા સાદી વેચાણનોંધ રાખવામાં આવે છે. જો એક કરતાં વધારે પ્રકારના માલનું વેચાણ કરવામાં આવતું

હોય તો દરેક પ્રકારના માલ માટે જુદો વેચાણનોંધનો ચોપડો રાખી શકાય; પરંતુ સામાન્ય રીતે જ્યારે એક કરતાં વધારે પ્રકારનો માલ વેચવામાં આવતો હોય ત્યારે માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી વેચાણનોંધ રાખવામાં આવે છે.

સાદી વેચાણનોંધનો નમૂનો

શ્રી........ ની વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભ.નં.	ખા.પા. નં.	રકમ (₹)
	કુલ			

(i) તારીખ (Date) : ઉપર દર્શાવેલ નમૂનામાં પ્રથમ ખાનું તારીખનું છે, જેમાં જે તારીખે માલનું ઉધાર વેચાણ કરવામાં આવ્યું હોય તે તારીખ નોંધવામાં આવે છે.

(ii) ગ્રાહકનું નામ (Name of customer) : આ ખાનાંમાં જે વ્યક્તિને માલનું ઉધાર વેચાણ કર્યું હોય તેનું નામ લખવામાં આવે છે તથા વેચેલ માલ અંગેની વિગત દર્શાવવામાં આવે છે.

(iii) જાવક ભરતિયા નંબર (Outward invoice no.) : આ ખાનામાં ગ્રાહકને જે ભરતિયું કે બિલ મોકલ્યું હોય તેનો નંબર નોંધવામાં આવે છે.

જ્યારે માલનું વેચાણ કરવામાં આવે ત્યારે તેનું ભરતિયું કે બિલ બનાવવામાં આવે છે. આ ભરતિયા નંબરને જાવક ભરતિયા નંબર કહેવાય. ઘણીવાર જાવક રજિસ્ટરમાં તેની નોંધ કરવામાં આવે છે અને તેનો જે નંબર આવે તે જાવક ભરતિયા નંબર તરીકે દર્શાવવામાં આવે છે.

(iv) ખાતાવહી પાના નંબર (ખા.પા. નંબર) (Ledger folio no.) : આ ખાનાંમાં જે વ્યક્તિને માલનું ઉધાર વેચાણ કર્યું હોય તેનું ખાતું ખાતાવહીમાં જે પાને હોય તે પાનાનો નંબર લખવામાં આવે છે.

(v) રકમ (Amount) : આ ખાનાંમાં ઉધાર વેચાણની કુલ રકમમાંથી વેપારી વટાવ બાદ કર્યા બાદની ચોખ્ખી રકમ દર્શાવવામાં આવે છે. (ઉપરાંત ગ્રાહક વતી ચૂકવેલ ખર્ચાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે, જેની રોકડમેળમાં નોંધ થાય છે.)

ઉદાહરણ 4 : નીચેના વ્યવહારો પરથી શ્રી જગદીશ હાર્ડવેર સ્ટોર્સ, કે જે લોખંડના વેપારી છે. તેમના ચોપડામાં વેચાણનોંધ તૈયાર કરો.

2015

જૂન 1 મનનને ₹ 13,000નો માલ 3 માસની શાખ પર વેચ્યો અને સાથે બિલ નં. 1967 મોકલી આપ્યું.

6 આનંદ સ્ટોર્સને ₹ 8000નો માલ 5 % વેપારી વટાવે વેચ્યો. મજૂરીના ₹ 300 સાથેનું બિલનંબર 1970 મોકલી આપ્યું.

10 ₹ 5000ના માલનું વેચાણ કર્યું.

20 ₹ 20,000નું યંત્ર ભરતને ₹ 16,000માં વેચી દીધું.

25 અશ્વિનને ₹ 9000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો અને અશ્વિને 50 % રકમ તરત જ ચૂકવી આપી.

27 રોશનને ₹ 11,000ના માલનું વેચાણ 10 % રોકડ વટાવે રોકડેથી કર્યું.

29 મોહિત પાસેથી ₹ 10,000નો માલ મોકલવાનો ઑર્ડર મળ્યો.

30 ખૂશ્બુને ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે અને જો 30 દિવસમાં નાણાં ચૂકવે તો 5 % રોકડ વટાવ આપવાની શરતે વેચ્યો. ભરતિયા નંબર 1995 ખૂશ્બુને મોકલી આપ્યું.

શ્રી જગદીશ હાર્ડવેર સ્ટોર્સની વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભ.નં.	ખા.પા. નં.	રકમ (₹)
2015				
જૂન 1	મનન ખાતે	1967	–	13,000
6	આનંદ સ્ટોર્સ ખાતે	1970	–	7600
25	અશ્વિન ખાતે	–	–	8100
30	ખૂશ્બુ ખાતે	1995	–	27,000
	કુલ			**55,700**

નોંધ : (1) અહીં કુલ ઉધાર વેચાણ ₹ 55,700નું છે જે વેચાણ ખાતે જમાબાજુએ નોંધાશે.

(2) નીચેના વ્યવહારોની નોંધ વેચાણનોંધમાં કરવામાં આવશે નહિ.

તા. 10 - રોકડ વેચાણ, જે રોકડમેળમાં નોંધાશે.

તા. 20 - યંત્ર(મિલકત)નું વેચાણ, જે શાખ પર થયું છે તે ખાસ આમનોંધમાં નોંધાશે.

તા. 27 - રોકડવેચાણ, જે રોકડમેળમાં નોંધાશે.

તા. 29 - બિનઆર્થિક વ્યવહાર, જેની કોઈ નોંધ કરવામાં આવતી નથી.

(3) તારીખ 25ના રોજ અશ્વિન પાસેથી મળેલ ₹ 4050 (₹ 9000 – 10 % = ₹ 8100 × 50 % = ₹ 4050)ની નોંધ રોકડમેળમાં કરવામાં આવશે.

(4) તા. 6નાં વ્યવહારમાં આનંદ સ્ટોર્સ વતી ચૂકવેલ મજૂરીનાં ₹ 300 રોકડમેળમાં વ્યય બાજુએ આનંદ સ્ટોર્સ ખાતે લખવામાં આવશે.

(2) ખાનાંવાળી વેચાણનોંધ (Columnar sales book) : ઉપર આપણે જોયું કે ખાનાંવાળી વેચાણનોંધ બે રીતે તૈયાર કરી શકાય છે :

(i) માલના પ્રકાર પ્રમાણેની અને (ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધ

(i) માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી વેચાણનોંધ : જ્યારે વેપારી એક કરતાં વધારે પ્રકારના માલનું વેચાણ કરતો હોય ત્યારે દરેક પ્રકારના માલની વિગતો અને માહિતી મળે તે માટે સાદી વેચાણનોંધના બદલે માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરવામાં આવે છે.

માલના ખાનાંવાળી વેચાણનોંધનો નમૂનો

શ્રી ....ની વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભરતિયા નં.	ખા. પા. નં.	રકમ (₹)			કુલ રકમ (₹)
				ટેબલ	ખુરશી	કબાટ	
	કુલ						

ઉપર દર્શાવેલ નમૂનામાં જોઈ શકાય છે કે બાકીની બધી જ વિગતો સાદી વેચાણનોંધ જેવી જ રહે છે. ફક્ત રકમના ખાનામાં એક કરતાં વધારે ખાનાં પાડવામાં આવે છે. દરેક અલગ અલગ પ્રકારના માલનું ઉધાર વેચાણ નોંધવા માટે અલગ ખાનું રાખવામાં આવે છે. તદુપરાંત અંતમાં એક ખાનું કુલ રકમ નોંધવા માટે રાખવામાં આવે છે.

આ પ્રકારની વેચાણનોંધથી દરેક પ્રકારના માલનું કુલ ઉધાર વેચાણ તથા દરેક ગ્રાહકને એક વ્યવહારમાં કરેલ કુલ ઉધાર વેચાણની માહિતી મેળવી શકાય છે.

નમૂના પરથી જોઈ શકાય છે કે અહીં વેપારી ટેબલ, ખુરશી અને કબાટનું ઉધાર વેચાણ કરે છે અને તેમનું વેચાણ નોંધવા માટે ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરવામાં આવી છે.

આ જ રીતે વેપારી જે વસ્તુનું ઉધાર વેચાણ કરતો હોય તો તે પ્રમાણે ખાનાં રાખી શકે છે. દા.ત., કાપડનો વેપારી શર્ટ, પેન્ટ, ટીશર્ટનાં ખાનાં રાખી શકે.

ઉદાહરણ 5 : નીચેના વ્યવહારો ઉપરથી શ્રી ભાવના ટેલિકોમના ચોપડે ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરો. શ્રી ભાવના ટેલિકોમ મોબાઇલ ફોન, કોર્ડલેસ ફોન અને સાદા ફોન એમ ત્રણ પ્રકારના ફોન વેચે છે.

2015

જુલાઈ 1 શ્રી ભરતને 5 મોબાઇલ ₹ 9000 નંગદીઠ, 5 કોર્ડલેસ ફોન ₹ 4000 નંગદીઠ અને 10 સાદા ફોન ₹ 2000 નંગ દીઠના ભાવે વેચ્યા. ભરતિયા નંબર 101 અને શાખનો સમય 2 માસ

7 મોબાઇલ ફોન નંગ. 3, ₹ 8000 નંગ દીઠ અને સાદા ફોન નંગ 2, ₹ 1800 નંગદીઠનું વેચાણ કર્યું.

15 શ્રી દીપકને 4 મોબાઇલ ફોન ₹ 7500 નંગ દીઠ અને 10 સાદા ફોન ₹ 1700 નંગ દીઠના ભાવે, 10 % વેપારી વટાવે વેચ્યા. શાખનો સમય 3 માસ. ભરતિયા નંબર 105.

20 શ્રી મહેન્દ્રને એક યંત્ર ₹ 12,000માં વેચ્યું અને ચુકવણી માટે 1 માસનો સમય આપ્યો.

23 શ્રી અરવિંદને 8 મોબાઇલ ફોન ₹ 9000 નંગદીઠ અને 10 કોર્ડલેસ ફોન ₹ 1900 નંગદીઠના ભાવે વેચ્યા. વેપારીવટાવ 10 %. શ્રી અરવિંદે 50 % રકમ તરત જ ચૂકવી આપી. ભરતિયા નંબર 115

26 શ્રી ઘનશ્યામે 5 મોબાઇલ ₹ 8500ના ભાવે અને 10 સાદા ફોન નંગ દીઠ ₹ 2100ના ભાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

28 શ્રી ઘનશ્યામને ઑર્ડર પ્રમાણે માલ મોકલી આપ્યો. ભરતિયા નંબર 120

31 મિલનને 2 મોબાઇલ ₹ 7000ના ભાવે અને 3 કોર્ડલેસ ફોન ₹ 3500ના ભાવે રોકડેથી વેચ્યા.

શ્રી ભાવના ટેલિકોમના ચોપડે ખાનાંવાળી વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભરતિયા નં.	ખા. પા. નં.	રકમ (₹) મોબાઇલ ફોન	રકમ (₹) કોર્ડલેસ ફોન	રકમ (₹) સાદો ફોન	કુલ રકમ (₹)
2015							
જુલાઈ 1	શ્રી ભરત ખાતે	101	–	45,000	20,000	20,000	85,000
15	શ્રી દીપક ખાતે	105	–	27,000	–	15,300	42,300
23	શ્રી અરવિંદ ખાતે	115	–	64,800	17,100	–	81,900
28	શ્રી ઘનશ્યામ ખાતે	120	–	42,500	–	21,000	63,500
	કુલ			**1,79,300**	**37,100**	**56,300**	**2,72,700**

નોંધ : (1) કુલ ઉધાર વેચાણ ₹ 2,72,700 છે, જે વેચાણ ખાતાંમાં જમાબાજુ નોંધાશે.

(2) નીચેના વ્યવહારોની નોંધ વેચાણનોંધમાં થશે નહિ.

તા. 7 અને 31 રોકડવેચાણ, જે રોકડમેળમાં નોંધાશે.

તા. 20 યંત્ર(મિલકત)નું વેચાણ શાખ પર છે. તેથી ખાસ આમનોંધમાં નોંધાશે.

તા. 26 બિનઆર્થિક વ્યવહાર, જેની નોંધ કરવામાં આવતી નથી.

(3) તા. 23ના વ્યવહારમાં અરવિંદ પાસેથી મળેલ અડધી રકમ ₹ 40,950 રોકડમેળમાં નોંધવામાં આવશે.

(ii) માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધ : જ્યારે વેપારી માલ વેચે છે ત્યારે ઘણીવાર માલની વેચાણકિંમત ઉપરાંત અમુક ખર્ચાની રકમ ખરીદનાર પાસેથી વસૂલ લેવાની હોય છે. જેમકે વસેક, રેલવેનૂર, મજૂરી, પૅકિંગખર્ચ વગેરે. આ ખર્ચાઓમાંથી અમુક પ્રકારના ખર્ચા જેવા કે વસેક સરકારને ચૂકવવાના હોય છે. જ્યારે અન્ય ખર્ચા ગ્રાહકવતી કર્યા હોવાથી તે વસૂલ લેવાના હોય છે.

દરેક પ્રકારના ખર્ચ વિશે અલગ અલગ માહિતી મેળવવા માટે ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરવામાં આવે છે.

ઘણીવાર આવા ખર્ચાઓ જાવક ભરતિયામાં ઉમેરીને ભરતિયું મોકલવામાં આવે છે. વેચાણનોંધ જે ખર્ચ વસૂલ કર્યા હોય તો તે ખર્ચની રકમ જે-તે ખર્ચ ખાતાંમાં જમા કરવામાં આવે છે. અને જ્યારે એકમ કે પેઢી દ્વારા જે ખર્ચાની ખરેખર ચુકવણી કરવામાં આવે ત્યારે તેને જે-તે ખર્ચ ખાતે ઉધારવામાં આવે છે. દા.ત., જો વસેક ભરતિયામાં ઉમેરીને ભરતિયું મોકલવામાં આવે ત્યારે વસેકની રકમ જાવકપૂર્તિ વસેક ખાતે જમા કરવામાં આવે છે અને સરકારને જ્યારે આ રકમ ચૂકવવામાં આવે ત્યારે આવકપૂર્તિ વસેક બાદ કરીને રકમ ચૂકવવામાં આવે છે.

ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધમાં રકમના ખાનાનાં એક કરતાં વધારે ભાગ પાડવામાં આવે છે અને દરેક પ્રકારના ખર્ચ માટે એક અલગ ખાનું રાખવામાં આવે છે.

માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણનોંધનો નમૂનો

તારીખ	ગ્રાહકનું નામ	જા. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹)						કુલ રકમ (₹)
				માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ		આંતરરાજ્ય પૂર્તિ	
							જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક	જાવકપૂર્તિ રાજ્ય વસેક	જાવકપૂર્તિ સંકલિત વસેક	
	કુલ									

ઉપરના નમૂનામાં જોઈ શકાય છે કે બધી જ વિગતો સાદી વેચાણનોંધ જેવી જ રહે છે. ફક્ત રકમના ખાનાને વિવિધ ભાગોમાં વહેંચી દેવામાં આવે છે. દરેક પ્રકારના વસૂલ કરેલા ખર્ચની કુલ રકમ જાણી શકાય છે. ખાતાવહીમાં દરેક પ્રકારના ઉપર મુજબના ખાતાં ખોલીને ખતવણી કરવામાં આવે છે. જે તે ખાતામાં જમા થશે.

ઉદાહરણ 6 : નીચેના વ્યવહારો પરથી સુરતના સરદાર સ્ટોર્સના ચોપડે ખર્ચ સહિતની વેચાણનોંધ તૈયાર કરો. સરદાર સ્ટોર્સ વસેક, રેલવેનૂર અને મજૂરી જેવા ખર્ચાની નોંધ રાખે છે. કુલ 12 % વસેક દરનાં આધારે વેચાણનોંધ તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને વેચાણનોંધ તૈયાર કરો.

2019

જૂન 1 પંકજને ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો. રેલવેનૂર ₹ 1000, મજૂરી ₹ 300, ભરતિયા નંબર 123.

10 નિલેશને ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે રોકડેથી વેચ્યો. મજૂરીનાં ₹ 200 વસૂલ લીધા.

14 જયપુર (રાજસ્થાન)ના જયેશભાઈને ₹ 20,000નો માલ 5 % વેપારી વટાવે 3 માસની શાખ પર વેચ્યો. જયેશભાઈ વતી ₹ 250 મજૂરી પેટે અને ₹ 400 રેલવેનૂર પેટે ચૂકવ્યા. ભરતિયાં નંબર 130માં મજૂરી અને રેલવેનૂરની રકમ ઉમેરી તેમને મોકલી આપ્યું.

15 કિશનને એક જૂનું યંત્ર ₹ 1500માં વેચી દીધું. જેના મજૂરી પેટે ₹ 320 ચૂકવ્યાં. કિશને 15 દિવસમાં નાણાં આપવાની બાંહેધરી આપી.

25 વૈભવીને ₹ 10,000નો માલ 5 % વેપારી વટાવે, 3 માસની શાખ પર વેચ્યો. રેલવેનૂર ₹ 800. વૈભવીએ કુલ રકમનાં અડધાં નાણાં તરત જ ચૂકવી આપ્યા. ભરતિયા નંબર 135.

30 ગૌરાંગને ₹ 40,000નો માલ 10 % વેપારીવટાવે 1 માસની શાખ પર વેચ્યો. રેલવેનૂર ₹ 1500ના ભરતિયાં નંબર 140માં ઉમેરીને મોકલી આપ્યું.

શ્રી સરદાર સ્ટોર્સની વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જા. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹)						કુલ રકમ (₹)
				માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ		આંતરરાજ્ય પૂર્તિ	
							જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક	જાવકપૂર્તિ રાજ્ય વસેક	જાવકપૂર્તિ સંકલિત વસેક	
2019										
જૂન 1	પંકજ ખાતે	123	–	27,000	1000	300	1698	1698	–	31,696
14	જયેશભાઈ ખાતે	130	–	19,000	400	250	–	–	2358	22,008
25	વૈભવી ખાતે	135	–	9500	800	–	618	618	–	11,536
30	ગૌરાંગ ખાતે	140	–	36,000	1500	–	2250	2250	–	42,000
	કુલ			**91,500**	**3700**	**550**	**4566**	**4566**	**2358**	**1,07,240**

નોંધ : (1) નીચેના વ્યવહારોની નોંધ વેચાણનોંધમાં કરવામાં આવશે નહિ.

તા. 10 રોકડ વેચાણ જે રોકડમેળમાં નોંધાશે.

તા. 15 યંત્ર(મિલકત)નું શાખ પર વેચાણ, જે ખાસ આમનોંધમાં નોંધાશે પણ મજૂરી રોકડમેળમાં નોંધાશે.

(2) તા. 25ના વ્યવહાર વૈભવીએ ચૂકવી આપેલ રકમ ₹ 5387.50 ની નોંધ રોકડમેળમાં કરવામાં આવશે.

(3) વેચાણનોંધમાં નોંધેલ માલની ચોખ્ખી રકમ, અને વસેકની ગણતરી નીચે મુજબ કરવામાં આવેલ છે :

વિગત	જૂન 1 અંતર રાજ્યપૂર્તિ	જૂન 14 આંતર રાજ્યપૂર્તિ	જૂન 25 અંતર રાજ્યપૂર્તિ	જૂન 30 અંતર રાજ્યપૂર્તિ
માલની ચોખ્ખી રકમ	27,000	19,000	9500	36,000
+ રેલવેનૂર	1000	400	800	1500
+ મજૂરી	300	250	–	–
કુલ રકમ	**28,300**	**19,650**	**10,300**	**37,500**
વસેકની ગણતરી : કેન્દ્રીય વસેક (6 %)	1698	–	618	2250
રાજ્ય વસેક (6 %)	1698	–	618	2250
સંકલિત વસેક (12 %)	–	2358	–	–

(3) ખરીદપરત નોંધ (Purchase return book) : આ નોંધમાં અગાઉ વેપારી પાસેથી ઉધાર ખરીદેલ માલ પરત કરવામાં આવ્યો હોય તેની નોંધ કરવામાં આવે છે.

સામાન્ય રીતે નીચેનાં કારણોસર ઉધાર ખરીદેલ માલ પરત કરવામાં આવે છે :

(1) માલ નમૂના પ્રમાણેનો ન હોય.

(2) માલની ગુણવત્તા બરાબર ન હોય.

(3) માલ નુકસાનીવાળો હોય.

(4) બારદાન કે કંટેઈનર પરત કરીને તેની કિંમત મજરે લેવા.

(5) સમયસર માલ મળેલ ન હોય.

(6) અન્ય કોઈ કારણસર માલ પરત કરવામાં આવે.

ઉપર દર્શાવેલ કારણોમાંથી કોઈ પણ કારણોસર તે માલ વેપારીને પરત કરવામાં આવે તો તેની નોંધ ખરીદપરત નોંધમાં કરવામાં આવે છે. ફક્ત એ જ ખરીદપરત માલનો વ્યવહાર ખરીદપરત નોંધમાં નોંધાય છે જેને અંગે કોઈ રોકડની આપ-લે થઈ હોય નહિ. સામાન્ય રીતે ખરીદેલ માલ પરત કરતી વખતે નીચેની આમનોંધ થાય છે.

વેપારી ખાતે ઉ ✓

તે ખરીદપરત ખાતે ✓

ઉપર્યુક્ત આમનોંધમાં વેપારીનું ખાતું (વ્યક્તિનું ખાતું) ઉધાર થાય છે. આથી માલ પરત કરતી વખતે ઉધાર ચિઠ્ઠી મોકલવામાં આવે છે. જ્યારે વેચનાર વેપારીને માલ મળી જાય ત્યારે તે આપણને જમાચિઠ્ઠી મોકલાવે છે.

ખરીદપરત નોંધ જુદા જુદા પ્રકારે રાખી શકાય છે. જેમાં મુખ્યત્વે બે પ્રકારનો સમાવેશ થાય છે :

ખરીદપરત નોંધ

- સાદી ખરીદપરત નોંધ
- ખાનાંવાળી ખરીદપરત નોંધ
  - માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી ખરીદપરત નોંધ
  - માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદપરત નોંધ

ખરીદપરત નોંધના નમૂના

(i) સાદી ખરીદપરત નોંધ : (ફક્ત એક જ પ્રકારના માલ માટે)

શ્રી ....ની ખરીદપરત નોંધ

તારીખ	વેપારીનું નામ	ઉધારચિઠ્ઠી નં.	ખા.પા. નં.	રકમ (₹)
	કુલ			

(ii) ખાનાંવાળી ખરીદ પરત નોંધ

(a) માલના પ્રકાર પ્રમાણેનાં ખાનાંવાળી ખરીદપરત નોંધ

શ્રી ....ની ખરીદપરત નોંધ

તારીખ	વેપારીનું નામ	ઉધાર ચિઠ્ઠી નં.	ખા. પા. નં.	રકમ (₹)			કુલ રકમ (₹)
				ટેબલ	ખુરશી	કબાટ	
	કુલ						

(b) માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદપરત નોંધ :

શ્રી ....ની ખરીદપરત નોંધ

તારીખ	વેપારીનું નામ	ઉ. ચિ. નં.	ખા. પા. નં.	રકમ (₹)						કુલ રકમ (₹)
				માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ		આંતરરાજ્ય પૂર્તિ	
							આવકપૂર્તિ કેન્દ્રીય વસેક	આવકપૂર્તિ રાજ્ય વસેક	આવકપૂર્તિ સંકલિત વસેક	
	કુલ									

સામાન્ય રીતે જે રીતે ખરીદનોંધ રાખવામાં આવી હોય તે જ રીતે ખરીદપરત નોંધ રાખવામાં આવે છે. જો સાદી ખરીદનોંધ રાખવામાં આવી હોય તો સાદી ખરીદપરત નોંધ રાખવામાં આવે છે. આ જ રીતે જો માલના પ્રકાર પ્રમાણે ખાનાંવાળી ખરીદનોંધ રાખવામાં આવી હોય તો તે જ પ્રમાણે ખાનાંવાળી ખરીદપરત નોંધ રાખવામાં આવે છે. જેટલાં ખાનાં ખરીદનોંધમાં રાખવામાં આવ્યા હોય તેટલાં જ ખાનાં ખરીદપરત નોંધમાં રાખવામાં આવે છે.

(i) તારીખ (Date) : ઉપરના નમૂનાઓમાં દર્શાવેલ તારીખના ખાનામાં જે તારીખે ખરીદપરતનો વ્યવહાર થયો હોય તે તારીખ દર્શાવવામાં આવે છે.

(ii) વેપારીનું નામ (Name of supplier) : આ ખાનાંમાં જે વેપારીને માલ પરત કર્યો હોય તેનું નામ અને માલની વિગત લખવામાં આવે છે.

(iii) ઉધાર ચિઠ્ઠી નંબર (Debit note no.) : જ્યારે ખરીદેલ માલ પરત મોકલાય છે ત્યારે તેની સાથે જે ઉધાર ચિઠ્ઠી બનાવીને મોકલી હોય તેનો નંબર લખવામાં આવે છે.

(iv) ખા.પા. નંબર (Ledger folio no.) : આ ખાનામાં જે વેપારીને માલ પરત કર્યો હોય તેનું ખાતું ખાતાવહીમાં જે પાને હોય તેનો નંબર લખવામાં આવે છે.

(v) રકમ (Amount) : આ ખાનામાં પરત કરેલ માલની ચોખ્ખી રકમ દર્શાવવામાં આવે છે.

ઉધારચિઠ્ઠી (Debit note) : ખરીદપરત નોંધનો એક અગત્યનો દસ્તાવેજ મોકલેલ ઉધારચિઠ્ઠી છે. જ્યારે વેપારી ઉધાર ખરીદેલ માલમાંથી માલ પરત કરે ત્યારે સામેના વેપારીને ખરીદપરત કરેલ માલની જેટલી રકમ ખરીદીમાંથી બાદ મેળવવા માટે જે ચિઠ્ઠી લખવામાં આવે છે તેને ઉધારચિઠ્ઠી કહેવાય છે.

ખરીદમાલ પરત કરતી વખતે જે રકમ વેચનાર વેપારીના ખાતે ઉધારવામાં આવે છે તેની માહિતી માલ પરત કરતી વખતે ચિઠ્ઠીના રૂપમાં વેપારીને મોકલી આપવામાં આવે છે તેને ઉધારચિઠ્ઠી તરીકે ઓળખવામાં આવે છે.

ઉધારચિઠ્ઠીમાં નીચે પ્રમાણેની વિગતોનો સમાવેશ થાય છે :

(1) જે વેપારીને માલ પરત કર્યો હોય તેનું નામ અને સરનામું

(2) ઉધારચિઠ્ઠીની તારીખ અને નંબર

(3) પરત કરેલ માલ અંગેની સંપૂર્ણ વિગતો

(4) પરત કરેલ માલની ચોખ્ખી રકમ

(5) માલ પરત કરવાનું કે ઉધારચિઠ્ઠી મોકલવાનું કારણ

ઉધાર ચિઠ્ઠી નીચેના સંજોગોમાં લખવામાં આવે છે :

(1) જ્યારે ખરીદેલ માલ નમૂના પ્રમાણે ન હોય, હલકી ગુણવત્તાનો કે નુકસાનીવાળો હોય ત્યારે તેને પરત કરતી વખતે ઉધારચિઠ્ઠી લખવામાં આવે છે.

(2) જ્યારે માલની સાથે આવેલ ભરતિયામાં નક્કી કર્યા કરતાં વધુ ભાવ દર્શાવેલ હોય કે ખરેખર મળેલ માલ કરતાં વધુ જથ્થો બતાવવામાં આવ્યો હોય ત્યારે.

(3) જો હિસાબોની ગણતરી વખતે ભૂલથી વધુ રકમ તે વેપારીના ખાતે જમા થઈ ગઈ હોય ત્યારે.

(4) ખાલી બારદાન વગેરે પરત કરવાથી જે રકમ લેણી થાય તેટલી રકમની ઉધારચિઠ્ઠી બનાવવામાં આવે છે.

(5) જ્યારે વેપારી પાસેથી વટાવ મળે અથવા તો વળતર સ્વરૂપે કોઈ રકમ આપે ત્યારે.

ઉધાર ચિઠ્ઠીનો નમૂનો

ઉધાર ચિઠ્ઠી

નંબર : 108

શ્રી પટેલ ટ્રેડિંગ કંપની
ચૉકલેટના વેપારી

16, શ્રીજી કૉમ્પ્લેક્સ, વાસણા,
અમદાવાદ-380007

શ્રી શિવમ્ ટ્રેડર્સ ખાતે .... ઉ

તારીખ	**વિગત**	**રકમ (₹)**
2015 માર્ચ 7	10 ચૉકલેટનાં બૉક્સ, ગુણવત્તા પ્રમાણે નહિ હોવાથી પરત કર્યા. બૉક્સ દીઠ ₹ 2000ના ભાવે	20,000
	કુલ	**20,000**

ભૂલચૂક લેવીદેવી

શ્રી પટેલ ટ્રેડિંગ કંપની વતી,

સહી (ભાગીદાર)

(4) વેચાણપરત નોંધ (Sales return book) : જ્યારે કોઈ સંસ્થા કે એકમ પોતાના ગ્રાહકોને માલનું ઉધારવેચાણ કરે છે, ત્યારે તે પૈકી જો કોઈ કારણસર અમુક માલ પરત આવે તો તેની નોંધ વેચાણપરત નોંધમાં કરવામાં આવે છે. સામાન્યતઃ ખરીદપરતમાં જે કારણો જણાવેલ છે, તેવાં જ કારણોસર વેચેલ માલ પરત આવે છે.

વેચેલ માલ ગ્રાહક પરત કરે ત્યારે માલની સાથે ઉધારચિઠ્ઠી મોકલાવે છે. એવી જ રીતે વેપારીને માલ પરત મળે ત્યારે તે અંગેની જમાચિઠ્ઠી ગ્રાહકને મોકલાવી આપે છે. ફક્ત એ જ વેચાણપરત માલનો વ્યવહાર વેચાણપરત નોંધમાં નોંધાય છે જેના અંગે કોઈ પ્રકારની રોકડની આપ-લે થઈ હોય નહિ. વેચાણપરત નોંધ જુદા જુદા પ્રકારે રાખી શકાય છે. જેમાં મુખ્યત્વે બે પ્રકારનો સમાવેશ થાય છે :



વેચાણપરત નોંધના નમૂના

(i) સાદી વેચાણપરત નોંધ : (ફક્ત એક જ પ્રકારના માલ માટે)

શ્રી ....ની વેચાણપરત નોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જમાચિટ્ઠી નં.	ખા.પા. નં.	રકમ (₹)
	કુલ			

(ii) ખાનાંવાળી વેચાણપરત નોંધ

(a) માલના પ્રકાર પ્રમાણેનાં ખાનાંવાળી વેચાણપરત નોંધ :

શ્રી ....ની વેચાણપરત નોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જમા ચિટ્ઠી નં.	ખા. પા. નં.	રકમ (₹)			કુલ રકમ (₹)
				ટેબલ	ખુરશી	કબાટ	
	કુલ						

(b) માલ અને ખર્ચનાં ખાનાંવાળી વેચાણપરત નોંધ :

શ્રી ....ની વેચાણપરત નોંધ

<table>
<tr><th rowspan="3">તારીખ</th><th rowspan="3">ગ્રાહકનું નામ</th><th rowspan="3">જ. ચિ. નં.</th><th rowspan="3">ખા. પા. નં.</th><th colspan="6">રકમ (₹)</th><th rowspan="3">કુલ રકમ (₹)</th></tr>
<tr><th rowspan="2">માલની ચોખ્ખી રકમ</th><th rowspan="2">રેલવે નૂર</th><th rowspan="2">મજૂરી</th><th colspan="2">અંતરરાજ્ય પૂર્તિ</th><th>આંતરરાજ્ય પૂર્તિ</th></tr>
<tr><th>જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક</th><th>જાવકપૂર્તિ રાજ્ય વસેક</th><th>જાવકપૂર્તિ સંકલિત વસેક</th></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td>કુલ</td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>

સામાન્ય રીતે જ્યારે સાદી વેચાણનોંધ રાખવામાં આવી હોય ત્યારે વેચાણપરત નોંધ પણ સાદી જ રાખવામાં આવે છે. તે જ રીતે જો વેચાણનોંધ ખાનાંવાળી કે ખર્ચ સહિતની હોય તો વેચાણપરત નોંધ પણ અનુક્રમે ખાનાંવાળી કે ખર્ચ સહિતની રાખવામાં આવે છે.

(i) તારીખ (Date) : આ ખાનામાં જે તારીખે ગ્રાહકે માલ પરત કર્યો હોય તે તારીખ નોંધવામાં આવે છે.

(ii) ગ્રાહકનું નામ (Name of customer) : આ ખાનામાં જે ગ્રાહકે માલ પરત કર્યો હોય તેનું નામ અને માલની વિગત લખવામાં આવે છે.

(iii) જમા ચિટ્ઠી નંબર (Credit note no.) : આ ખાનામાં ગ્રાહકને માલ પરત કરવા બદલ આપવામાં આવેલી જમાચિટ્ઠીનો નંબર લખવામાં આવે છે.

(iv) ખા.પા. નંબર (Ledger folio no.) : આ ખાનામાં જે ગ્રાહકે માલ પરત કર્યો હોય તેનું ખાતું ખાતાવહીમાં જે પાને હોય તેનો નંબર લખવામાં આવે છે.

(v) રકમ (Amount) : આ ખાનામાં પરત આવેલ માલની ચોખ્ખી રકમ દર્શાવવામાં આવે છે.

જો ખર્ચ સહિતની વેચાણપરત નોંધ રાખવામાં આવી હોય તો જ્યારે માલ પરત આવે ત્યારે માલની કિંમતની સાથે વસેક, રેલવેનૂર, મજૂરી વગેરે જેવા ખર્ચની રકમ પણ મજરે આપવી પડે છે. આવી મજરે આપવાની ખર્ચની રકમ જે-તે સંબંધિત ખર્ચનાં ખાનાંમાં નોંધવામાં આવે છે.

વેચાણપરત નોંધ પરથી કુલ વેચાણપરતની રકમ નક્કી કરવામાં આવે છે. તેના માટે વેચાણપરત નોંધ અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક કે વાર્ષિક સમયગાળા માટે બનાવી શકાય છે. કયા સમયગાળા માટે વેચાણપરત નોંધ બનાવવી તે વેપારીની માહિતીની જરૂરિયાત, અનુકૂળતા અને વેચાણનોંધની માહિતી પર આધાર રાખે છે.

જમા ચિઠ્ઠી (Credit Note) : વેચાણપરત નોંધનો એક અગત્યનો દસ્તાવેજ મોકલેલ જમાચિઠ્ઠી છે. જ્યારે કોઈ ગ્રાહક તેણે ઉધાર ખરીદેલ માલમાંથી માલપરત કરે ત્યારે ગ્રાહક ખાતે તેણે પરત કરેલ માલની રકમ જમા કરવામાં આવે છે તેની જાણ ગ્રાહકને જે ચિઠ્ઠી મોકલીને કરવામાં આવે છે તેને જમાચિઠ્ઠી કહેવામાં આવે છે.

જ્યારે કોઈ વેપારી માલનું ઉધાર વેચાણ ગ્રાહકને કરે ત્યારે તેને ગાહક ખાતે ઉધારી વેચાણખાતે જમા કરે છે. હવે, જ્યારે આવા ઉધાર વેચેલ માલમાંથી માલ પરત આવે ત્યારે પરત આવેલ માલના પ્રમાણમાં રકમ જે-તે ગ્રાહકને ખાતે જમા કરવામાં આવે છે.

આ રીતે જે રકમ ગ્રાહકનાં ખાતે જમા કરવામાં આવે છે તેની માહિતી આપવા માટે જે ચિઠ્ઠી લખવામાં આવે છે તેને જમાચિઠ્ઠી કહેવામાં આવે છે. જમા ચિઠ્ઠીમાં નીચે પ્રમાણેની વિગતોનો સમાવેશ થાય છે :

(1) જે ગ્રાહકે માલ પરત કર્યો હોય તેનું નામ અને સરનામું

(2) જમાચિઠ્ઠીની તારીખ અને નંબર

(3) પરત મળેલ માલ અંગેની સંપૂર્ણ વિગત

(4) પરત મળેલ માલની ચોખ્ખી રકમ

(5) માલ પરત કરવાનું કે જમાચિઠ્ઠી મોકલવાનું કારણ

જમાચિઠ્ઠીનો નમૂનો

જમા ચિઠ્ઠી નંબર : 223

શ્રી શિવમ્ ટ્રેડર્સ

ચૉકલેટના વેપારી

7, શ્રીહરિ બિલ્ડિંગ, નવરંગપુરા,
અમદાવાદ-380009

શ્રી પટેલ ટ્રેડિંગ કંપની ખાતે .... જમા

તારીખ	વિગત	રકમ (₹)
2015 માર્ચ 7	10 ચૉકલેટનાં બૉક્સ, બૉક્સદીઠ ₹ 2000ના ભાવે આજ રોજ પરત મળ્યા.	20,000
	કુલ	**20,000**

ભૂલચૂક લેવીદેવી

શિવમ્ ટ્રેડર્સ

સહી (મૅનેજર)

જમાચિઠ્ઠી નીચેના સંજોગોમાં લખવામાં આવે છે :

(1) જ્યારે ગ્રાહક તેને ઉધાર વેચેલ માલપરત કરે ત્યારે.

(2) જો ગ્રાહકને વધુ રકમનું ભરતિયું મોકલાઈ ગયું હોય તો.

(3) જો હિસાબી ગણતરીમાં કોઈ ભૂલ થઈ હોય તો.

(4) ગ્રાહકને કોઈ પ્રકારનું વળતર આપવાનું હોય તો. દા.ત., ખાલી બારદાન (પીપડાં) પાછા મળે ત્યારે.

ઉપર્યુક્ત ઉધાર અને જમાચિઠ્ઠીના નમૂના પરથી સ્પષ્ટ થશે કે પટેલ ટ્રેડિંગ કંપનીએ માલ પરત મોકલતી વખતે ઉધારચિઠ્ઠી મોકલેલ. આ માલ શિવમ્ ટ્રેડર્સને મળતા પટેલ ટ્રેડિંગને જમાચિઠ્ઠી આપેલ. રકમ બંને ચિઠ્ઠીમાં સરખી જ છે.

ઉદાહરણ 7 : નીચેના વ્યવહારો પરથી શ્રી હસમુખભાઈના ચોપડે ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો.

2015

જાન્યુ. 1 ધ્રુવિલ પાસેથી ₹ 10,000નો માલ ખરીદ્યો. 10 % વેપારીવટાવ. બિલ નં. 110

3 કોમલ પાસેથી ₹ 4000નો માલ 10 % રોકડ વટાવે ખરીદ્યો. શાખ 2 માસ.

7 સાજનને ₹ 8000નો માલ 5 % વેપારી વટાવે વેચ્યો. રોકડ વટાવ 2 %. બિલ નં. 90

10 ₹ 4000નો માલ ખરીદ્યો. કૅશમેમો નં. 30

11 સાજને ₹ 2000નો માલ પરત કર્યો, જેની સામે જમાચિઠ્ઠી નં. 15 સાજનને મોકલી આપી.

15 ધ્રુવિલને 10 % માલ પરત કર્યો અને ઉધારચિઠ્ઠી નં. 16 મોકલી આપી.

16 શ્રી બહુચર ફર્નિચર માર્ટમાંથી ₹ 5000નું ફર્નિચર ખરીદ્યું.

18 નિર્માી પાસેથી ₹ 30,000નો માલ ખરીદ્યો. અડધાં નાણાં તરત જ ચૂકવી દીધા.

19 નિર્માી પાસેથી ખરીદેલ બધો જ માલ હેલીને ₹ 36,000માં વેચી દીધો. શાખ ત્રણ માસ. વેપારીવટાવ 10 %. બિલ નં. 100

20 હેલી પાસેથી અડધો માલ પરત આવ્યો, જે માલ નિર્માીને મોકલી આપવામાં આવ્યો.

21 કનુએ ₹ 12,000નો માલ 10 % વેપારી વટાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

24 કનુને ઑર્ડર પ્રમાણે માલ મોકલી આપ્યો. મજૂરીના ₹ 300 ઉમેર્યા. બિલ નં. 102

25 રોકડ ખરીદી ₹ 20,000. રોકડવેચાણ ₹ 25,000

31 કનુએ અડધો માલ પરત કર્યો અને પ્રમાણસર મજૂરીના મજરે આપવાનું નક્કી કર્યું.

જવાબ : **શ્રી હસમુખભાઈની ખરીદનોંધ**

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹)
2015				
જાન્યુ. 1	ધ્રુવિલ ખાતે	110	–	9000
3	કોમલ ખાતે	–	–	4000
18	નિર્માી ખાતે	–	–	30,000
	કુલ			**43,000**

શ્રી હસમુખભાઈની વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભરતિયા નં.	ખા.પા. નંબર	રકમ (₹)
2015				
જાન્યુ. 7	સાજન ખાતે	90		7600
19	હેલી ખાતે	100		32,400
24	કનુ ખાતે (માલના ₹ 10,800)	102		10,800
	કુલ			**50,800**

શ્રી હસમુખભાઈની ખરીદપરત નોંધ

તારીખ	વેપારીનું નામ	ઉધાર ચિઠ્ઠી નં.	ખા.પા. નંબર	રકમ (₹)
2015				
જાન્યુ 15	ધ્રુવિલ ખાતે	16		900
20	નિર્મી ખાતે			15,000
	કુલ			**15,900**

શ્રી હસમુખભાઈની વેચાણપરત નોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જમા ચિઠ્ઠી નં.	ખા.પા. નંબર	રકમ (₹)
2015				
જાન્યુ. 11	સાજન ખાતે	15		2000
20	હેલી ખાતે			16,200
31	કનુ ખાતે (માલના 5400)			5400
	કુલ			**23,600**

નોંધ : નીચેના વ્યવહારોની નોંધ થશે નહિ :

(1) તા. જાન્યુ. 10 રોકડ ખરીદીનો વ્યવહાર કે જે રોકડમેળમાં નોંધાશે.
16 મિલકત ખરીદીનો વ્યવહાર કે જે ખાસ આમનોંધમાં નોંધાશે.
21 બિનઆર્થિક વ્યવહાર કે જેની નોંધ કરવામાં આવતી નથી.
24 આ વ્યવહારના ₹ 300 મજૂરીના રોકડમેળમાં નોંધાશે.
25 રોકડખરીદી અને રોકડવેચાણનો વ્યવહાર કે જે રોકડમેળમાં નોંધાશે.

(2) તા. 15 ના વ્યવહારમાં પરત આવેલ 10 % માલ તા. 1 જાન્યુ. પૈકીનો હશે. તા. 1 જાન્યુઆરીની ખરીદીની ચોખ્ખી રકમ ₹ 9000 છે. આથી ₹ 9000 × 10 % = ₹ 900 ખરીદમાલ પરત તરીકે નોંધ થાય.

(3) તા. 19ના રોજ હેલીને ₹ 32,400માં વેચાણ કરેલ જેમાંથી અડધો માલ પરત આવેલ છે. આથી તા. 20ના રોજ વેચેલ માલ પરત તરીકે ₹ 32,400 × 50 % = ₹ 16,200 દર્શાવેલ છે. આ બધો જ માલ નિર્મી પાસેથી ખરીદેલ પૈકીનો છે. નિર્મી પાસેથી ખરીદેલ માલની ચોખ્ખી રકમ ₹ 30,000 હતી. આથી ખરીદેલ માલપરત તરીકે ₹ 30,000 × 50 % = ₹ 15,000 દર્શાવેલ છે.

(4) તા. 24ના વ્યવહારમાં કનુ વતી ચૂકવેલ મજૂરીનાં ₹ 300 રોકડમેળમાં વ્યય બાજુએ કનુ ખાતે લખવામાં આવશે. તેમણે તા. 31નાં વ્યવહારમાં કનુએ 50 % માલ પરત કરતાં 50 % મજૂરી ₹ 150 (300 નાં 50 %) મજરે આપવાની થાય, જે ખાસ આમનોંધમાં નોંધવામાં આવશે. જે વેચાણની મજૂરી ખાતે ઉધારી કનુ ખાતે જમા કરવામાં આવશે. ₹ 5400ની વેચાણપરત નોંધમાં અસર આપવામાં આવશે.

ઉદાહરણ 8 : નીચેના વ્યવહારો શ્રી પુષ્પા ટ્રેડિંગ કંપની કે જે અનાજના વેપારી છે તેમના ચોપડે ખાનાંવાળી ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો.

2015

સપ્ટે. 1 ભાવના ટ્રેડિંગ કંપની પાસેથી 1000 કિગ્રા ઘઉં ₹ 20 દર કિગ્રાના ભાવે, 400 કિગ્રા ચોખા ₹ 40 દર કિગ્રાના ભાવે અને 500 કિગ્રા બાજરી ₹ 15ના ભાવે 10 % વેપારીવટાવે ખરીદ્યા.

3 પ્રતિભા ટ્રેડર્સ પાસેથી 500 કિગ્રા ઘઉં ₹ 25ના કિગ્રાદીઠ ભાવે અને 300 કિગ્રા બાજરી ₹ 12ના કિગ્રાદીઠ ભાવે 1 માસની શાખ પર ખરીદ્યા. ભરતિયા નંબર 223.

8 ખુશી ટ્રેડર્સને 700 કિગ્રા ઘઉં ₹ 30 ના કિગ્રાદીઠ ભાવે અને 200 કિગ્રા ચોખા ₹ 50 ના કિગ્રાદીઠ ભાવે વેચ્યા. વેપારીવટાવ 10 %. ભરતિયાં નં. 102.

12 રામ-રહીમ ટ્રેડિંગ કંપની પાસેથી 300 કિગ્રા ઘઉં, ₹ 15 કિગ્રાદીઠના ભાવે ખરીદ્યા. 50 % રકમની ચુકવણી તરત જ કરી દીધી. ભરતિયા નંબર 250.

15 ખુશી ટ્રેડર્સે 100 કિગ્રા ઘઉં ખરાબ હોવાથી પરત કર્યા જેની સામે જમાચિઠ્ઠી નંબર 10 આપી.

18 ખુશી ટ્રેડર્સ પાસેથી આવેલો માલ પ્રતિભા ટ્રેડર્સને પરત મોકલી આપ્યો. ઉધાર ચિઠ્ઠી નંબર 15

20 હેત્વી ટ્રેડર્સ પાસેથી 400 કિગ્રા ઘઉં કિગ્રાદીઠ ₹ 20ના ભાવે રોકડેથી ખરીદ્યા. રોકડવટાવ 10 %. ભરતિયા નંબર 40.

21 હેત્વી ટ્રેડર્સને 50 કિગ્રા ઘઉં પરત મોકલી આપ્યા. જેની સામે રોકડા તરત જ મળી ગયા.

23 પૂજા ટ્રેડર્સ પાસેથી 500 કિગ્રા ચોખા, કિગ્રાદીઠ ₹ 60ના ભાવે અને 1000 કિગ્રા બાજરી કિગ્રાદીઠ ₹ 18ના ભાવે ખરીદ્યા. વેપારીવટાવ 10 %, શાખની મુદત 1.5 માસ. ભરતિયા નં. 301

25 પૂજા ટ્રેડર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 50 % માલ 20 % નફો ઉમેરીને પ્રાર્થના ટ્રેડર્સને મોકલી આપ્યો. ભરતિયા નંબર 115. પ્રાર્થના ટ્રેડર્સે $\frac{1}{2}$ ભાગનાં નાણાં તરત જ ચૂકવી આપ્યાં.

27 પ્રાર્થના ટ્રેડર્સ પાસેથી 50 % માલ પરત આવ્યો. જે તરત જ પૂજા ટ્રેડર્સને પાછો મોકલી આપ્યો.

30 અર્ચના ટ્રેડિંગ કંપનીએ 800 કિગ્રા ઘઉં ₹ 30ના ભાવે અને 400 કિગ્રા ચોખા ₹ 70ના ભાવે મોકલવાનો ઑર્ડર આપ્યો.

જવાબ :

શ્રી પુષ્પા ટ્રેડિંગ કંપનીના ચોપડે ખાનાંવાળી પેટાનોંધો

ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આવક ભરતિયા નં.	ખા. પા. નં.	રકમ (₹) ઘઉં	ચોખા	બાજરી	કુલ રકમ (₹)
2015							
સપ્ટે. 1	ભાવના ટ્રેડિંગ કંપની ખાતે	–		18,000	14,400	6750	39,150
3	પ્રતિભા ટ્રેડર્સ ખાતે	223		12,500	–	3600	16,100
12	રામ-રહીમ ટ્રેડિંગ કંપની ખાતે	250		4500	–	–	4500
23	પૂજા ટ્રેડર્સ ખાતે	301		–	27,000	16,200	43,200
	કુલ			**35,000**	**41,400**	**26,550**	**1,02,950**

વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જાવક ભરતિયા નં.	ખા. પા. નં.	રકમ (₹) ઘઉં	ચોખા	બાજરી	કુલ રકમ (₹)
2015							
સપ્ટે. 8	ખુશી ટ્રેડર્સ ખાતે	102		18,900	9000	–	27,900
25	પ્રાર્થના ટ્રેડર્સ ખાતે	115		–	16,200	9720	25,920
	કુલ			**18,900**	**25,200**	**9720**	**53,820**

ખરીદપરતનોંધ

તારીખ	વેપારીનું નામ	ઉધાર ચિઠ્ઠી નં.	ખા. પા. નં.	રકમ (₹) ઘઉં	ચોખા	બાજરી	કુલ રકમ (₹)
2015							
સપ્ટે. 18	પ્રતિભા ટ્રેડર્સ ખાતે	15		2500	–	–	2500
27	પૂજા ટ્રેડર્સ ખાતે			–	6750	4050	10,800
	કુલ			**2500**	**6750**	**4050**	**13,300**

વેચાણપરતનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જમા ચિઠ્ઠી નં.	ખા. પા. નં.	રકમ (₹) ઘઉં	ચોખા	બાજરી	કુલ રકમ (₹)
2015							
સપ્ટે. 15	ખુશી ટ્રેડર્સ ખાતે	10		2700	–	–	2700
27	પ્રાર્થના ટ્રેડર્સ ખાતે	115		–	8100	4860	12,960
	કુલ			**2700**	**8100**	**4860**	**15,660**

નોંધ : તા. 20 અને તા. 21ના વ્યવહારો રોકડ વ્યવહાર હોવાથી નોંધ થશે નહિ.
તા. 30 નો વ્યવહાર બિનઆર્થિક હોવાથી નોંધ થશે નહિ.

ઉદાહરણ 9 : નીચેના વ્યવહારો માટે ગાંધીનગરના શ્રી અક્સા ટ્રેડર્સના ચોપડે વિવિધ પેટાનોંધો ખર્ચનાં ખાનાં સહિત તૈયાર કરો. કુલ 18 % વસેક દરના આધારે પેટાનોંધો તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને પેટાનોંધો તૈયાર કરો.

2019

એપ્રિલ 1 ₹ 10,000નો માલ જુવેરિયા કૉર્પોરેશન પાસેથી 10 % વેપારીવટાવે ખરીદ્યો. રેલવેનૂરના ₹ 500, ભરતિયા નં. 21.

5 ₹ 15,000નો માલ પૂણેના (મહારાષ્ટ્ર) માનસી પાસેથી ખરીદ્યો. રેલવેનૂર ₹ 400, મજૂરી ₹ 200. ભરતિયા નં. 40

10 ₹ 12,000નો માલ ભોપાલ (મધ્યપ્રદેશ)ના શાલ્વી કૉર્પોરેશનને 10 % વેપારીવટાવે વેચ્યો. મજૂરી ₹ 300, રેલવે નૂર ₹ 800, ભરતિયા નંબર 60.

15 માનસી પાસેથી ખરીદેલ બધો જ માલ મૂળકિંમત પર 20 % નફો ચઢાવીને કરનને વેચ્યો. રેલવેનૂર ₹ 600, મજૂરી ₹ 200, શાખની મુદ્દત 1 માસ, ભરતિયા નં. 70.

17 કરને 50 % માલ પરત કર્યો અને વસેક, રેલવેનૂર અને મજૂરીની પ્રમાણસર રકમ મજરે આપી. જમાચિઠ્ઠી નંબર 5. આ માલ તરત જ માનસીને પરત કર્યો. વસેક, રેલવેનૂર અને મજૂરીની પ્રમાણસર રકમ મજરે આપી. ઉધારચિઠ્ઠી નં. 8.

20 ₹ 10,000નો માલ મારુફને વેચ્યો. મજૂરી ₹ 100, રેલવેનૂર ₹ 100. ભરતિયા નંબર 75.

24 જય પાસેથી ₹ 10,000નું ફર્નિચર ખરીદ્યું અને ભરતિયું મળ્યું.

25 શાલ્વી કૉર્પોરેશને 50 % માલ પરત કર્યો. વસેકના પ્રમાણસર, મજૂરી ₹ 150 અને રેલવેનૂરના ₹ 400 મજરે આપ્યા. જમાચિઠ્ઠી નં. 6.

26 નિવાંજલ પાસેથી ₹ 10,000નો માલ રોકડેથી ખરીદ્યો.

30 ઋતુને ₹ 11,000નો માલ 5 % રોકડ વટાવે રોકડેથી વેચ્યો.

શ્રી અક્સાના ચોપડે પેટાનોંધ

ખરીદનોંધ

તારીખ	વેપારીનું નામ	આ. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹) માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક	કુલ રકમ (₹)
2019										
એપ્રિલ 1	જુવેરિયા ખાતે	21	–	9000	500	–	855	855	–	11,210
5	માનસી ખાતે	40	–	15,000	400	200	–	–	2808	18,408
	કુલ			**24,000**	**900**	**200**	**855**	**855**	**2808**	**29,618**

વેચાણનોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જા. ભ. નં.	ખા. પા. નં.	રકમ (₹) માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ સંકલિત વસેક	કુલ રકમ (₹)
2019										
એપ્રિલ 10	શાલ્વી કૉર્પોરેશન ખાતે	60	–	10,800	800	300	–	–	2142	14,042
15	કરન ખાતે	70	–	18,000	600	200	1692	1692	–	22,184
20	મારુફ ખાતે	75	–	10,000	100	100	918	918	–	12,036
	કુલ			**38,800**	**1500**	**600**	**2610**	**2610**	**2142**	**48,262**

ખરીદપરત નોંધ

તારીખ	વેપારીનું નામ	ઉ. ચિ. નં.	ખા. પા. નં.	રકમ (₹) માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક	કુલ રકમ (₹)
2019										
એપ્રિલ 17	માનસી ખાતે	8		7500	200	100	–	–	1404	9204
	કુલ			**7500**	**200**	**100**	**–**	**–**	**1404**	**9204**

વેચાણપરત નોંધ

તારીખ	ગ્રાહકનું નામ	જ. ચિ. નં.	ખા. પા. નં.	રકમ (₹) માલની ચોખ્ખી રકમ	રેલવે નૂર	મજૂરી	અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક	અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ રાજ્ય વસેક	આંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ સંકલિત વસેક	કુલ રકમ (₹)
2019										
એપ્રિલ 17	કરન ખાતે	5		9000	300	100	846	846	–	11,092
25	શાલ્વી કૉર્પોરેશન ખાતે	6		5400	400	150	–	–	1071	7021
	કુલ			**14,400**	**700**	**250**	**846**	**846**	**1071**	**18,113**

નોંધ : નીચેના વ્યવહારોની નોંધ થશે નહિ :

તા. 24 મિલકતની શાખ પર ખરીદી. ખાસ આમનોંધમાં નોંધાશે.

તા. 26 રોકડ ખરીદી કે જે રોકડમેળમાં નોંધાશે.

તા. 30 રોકડ વેચાણ કે જે રોકડમેળમાં નોંધાશે.

(5) લેણીહૂંડી નોંધ (Bills receivable book) : જ્યારે કોઈ વેપારીએ કોઈ ગ્રાહક પાસેથી નાણાં લેવાનાં હોય ત્યારે સામાન્ય રીતે હિસાબની પતાવટ માટે વેપારી ગ્રાહક પર જરૂરી રકમની હૂંડી લખે છે. ગ્રાહક આ હૂંડીનો સ્વીકાર નોંધીને તેને પરત કરે છે. જેના દ્વારા હૂંડી લખાય છે તેના માટે તે લેણીહૂંડી છે અને જેના દ્વારા હૂંડી સ્વીકારાય છે તેના માટે તે દેવીહૂંડી છે. જે વ્યક્તિ હૂંડી ધારણ કરતો હોય તેના માટે પણ તે લેણીહૂંડી છે.

જુદા જુદા ગ્રાહકો પાસેથી મળેલ લેણીહૂંડીની વિગતવાર નોંધ લેણીહૂંડી નોંધમાં કરવામાં આવે છે.

લેણીહૂંડી નોંધનો નમૂનો :

શ્રી ....ની લેણીહૂંડી નોંધ

બિલ નંબર	હૂંડી લખ્યા અને મળ્યા તા.	સ્વીકારનારનું નામ	મુદત	શરત	પાકતી તા.	ખા. પા.નં.	ચુકવણીનું સ્થળ	રકમ (₹)	રિમાર્ક

ઉપરના નમૂનામાં જોઈ શકાય છે કે લેણીહૂંડી નોંધમાં એક છેલ્લું ખાનું રિમાર્કનું રાખવામાં આવે છે. આ ખાનામાં હૂંડીનો નિકાલ કે ઉપયોગ કેવી રીતે થયો તે દર્શાવવામાં આવે છે. દા.ત., હૂંડી બૅન્કમાં વટાવી, હૂંડી કોઈ લેણદારને વેચાણશેરો કરી આપી વગેરે.

(6) દેવીહૂંડી નોંધ (Bills payable book) : આપણે જોઈ ગયા કે જે વ્યક્તિ દ્વારા અન્ય કોઈ વ્યક્તિએ તેના પર લખેલી હૂંડીનો સ્વીકાર કરવામાં આવે છે તે વ્યક્તિ માટે તે હૂંડી દેવીહૂંડી ગણાય છે.

જુદા જુદા વેપારીઓને આપેલ દેવીહૂંડીઓની વિગતવાર નોંધ દેવીહૂંડી નોંધમાં કરવામાં આવે છે.

દેવીહૂંડી નોંધનો નમૂનો

બિલ નંબર	હૂંડીના સ્વીકારની તા.	લખનારનું નામ	હૂંડી લખ્યા તા.	મુદત	શરત	પાક્યા તા.	ખા. પા.નં.	રકમ (₹)	રિમાર્ક

(7) રોકડમેળ (Cash Book) : આપણે જોયું કે અગાઉ આપેલ પેટાનોંધોમાં રોકડના વ્યવહારોની નોંધ કરવામાં આવતી નથી. કોઈ પણ સંસ્થા કે એકમના રોકડથી થયેલા વ્યવહારોની નોંધ કરવા માટે રોકડમેળ તૈયાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે રોકડમેળ ત્રણ પ્રકારે તૈયાર કરવામાં આવે છે :

(1) સાદો રોકડમેળ (2) બે ખાનાંવાળો રોકડમેળ (3) ત્રણ ખાનાંવાળો રોકડમેળ

હાલમાં ત્રણ ખાનાંવાળો રોકડમેળ એટલે કે રોકડ, વટાવ અને બૅન્કના વ્યવહારોનો સમાવેશ કરતો રોકડમેળ વધુ પ્રચલિત છે જેની વિસ્તૃત ચર્ચા આ પછીના પ્રકરણમાં કરવામાં આવેલ છે.

પેટારોકડમેળ એ રોકડમેળનો જ એક ભાગ છે. ધંધાના રોજબરોજના પરચૂરણ ખર્ચા જેવા કે સ્ટેશનરી ખર્ચ, તાર-ટપાલ ખર્ચ વગેરે નોંધવા માટે પેટારોકડમેળ બનાવવામાં આવે છે. તેની વિગતવાર ચર્ચા આ પછીના પ્રકરણમાં કરવામાં આવેલ છે.

(8) ખાસ આમનોંધ (Journal proper) : જે વ્યવહારોની નોંધ ઉપરના 7 પ્રકારની પેટાનોંધમાં થતી નથી તે વ્યવહારો નોંધવા માટે ખાસ આમનોંધ તૈયાર કરવામાં આવે છે. ખાસ આમનોંધમાં સામાન્ય રીતે હવાલાનોંધ, આખરનોંધ, ખાતાંની ફેરબદલીની નોંધ વગેરેનો સમાવેશ થાય છે. જેની વિગતવાર ચર્ચા રોકડમેળ પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

સ્વાધ્યાય

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) ઉધાર ખરીદીની નોંધ .... માં થાય છે.

(અ) ખરીદપરત નોંધ (બ) ખરીદનોંધ

(ક) રોકડમેળ (ડ) ખાસ આમનોંધ

(2) મિલકતની ઉધાર ખરીદીની નોંધ .... માં થાય છે.

(અ) ખરીદનોંધ (બ) ખાસ આમનોંધ

(ક) રોકડમેળ (ડ) દેવીહૂંડી નોંધ

(3) માલની રોકડ ખરીદીની નોંધ .... માં થાય છે.

(અ) રોકડમેળ (બ) ખાસ આમનોંધ

(ક) ખરીદનોંધ (ડ) લેણીહૂંડી નોંધ

(4) માલના ઉધાર વેચાણની નોંધ .... માં થાય છે.

(અ) ઉધારનોંધ (બ) જમાનોંધ

(ક) ખાસ આમનોંધ (ડ) લેણીહૂંડી નોંધ

(5) ઉધાર ખરીદેલ માલ પરત કરવામાં આવે ત્યારે માલની સાથે વેપારીને શું મોકલવામાં આવે છે ?

(અ) ઉધારચિઠ્ઠી (બ) જમાચિઠ્ઠી

(ક) લેણીહૂંડી (ડ) દેવીહૂંડી

(6) ઉધાર વેચેલ માલ પરત આવે ત્યારે માલની સાથે ગ્રાહક શું મોકલાવે છે ?

(અ) ઉધારચિઠ્ઠી (બ) જમાચિઠ્ઠી

(ક) લેણીહૂંડી (ડ) દેવીહૂંડી

(7) ખાસ આમનોંધમાં કયા વ્યવહારો નોંધવામાં આવે છે ?

(અ) માલની ઉધારખરીદી (બ) માલનું ઉધાર વેચાણ

(ક) મિલકતનું ઉધાર ખરીદ-વેચાણ (ડ) માલ પરત

(8) મનોજે ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો. વસેક 5 %. અડધી રકમ તાત્કાલિક ચૂકવી દેવામાં આવી. ખરીદનોંધમાં કઈ રકમથી નોંધ થશે ?

(અ) ₹ 10,000 (બ) ₹ 9000

(ક) ₹ 9450 (ડ) ₹ 4500

(9) નિલેશ મોબાઇલના ખરીદ-વેચાણનો ધંધો કરે છે. નિલેશે ₹ 25,000નું ફર્નિચર પંકજ માર્ટમાંથી ખરીદ્યું હોય, તો તેની ક્યાં નોંધ થશે ?

(અ) ખરીદનોંધ (બ) ખાસ આમનોંધ

(ક) દેવીહૂંડી નોંધ (ડ) રોકડમેળ

2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :

(1) પેટાનોંધો એટલે શું ?

(2) પેટાનોંધોના કેટલા અને કયા પ્રકાર છે ?

(3) ખાસ આમનોંધમાં કયા પ્રકારના વ્યવહારો નોંધાય છે?

(4) ઉધારચિઠ્ઠી એટલે શું ?

(5) જમાચિઠ્ઠી એટલે શું ?

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :

(1) પેટાનોંધ રાખવાથી થતા ફાયદાઓ જણાવો.

(2) ઉધારચિઠ્ઠી અને જમાચિઠ્ઠી વચ્ચેનો તફાવત જણાવો.

(3) ઉધારચિઠ્ઠીનો નમૂનો આપો.

(4) ખરીદનોંધ અને તેના પ્રકારો નમૂના સહિત સમજાવો.

(5) વેચાણનોંધ અને વેચાણપરત નોંધનો નમૂનો આપો.

4. નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી સુરેશના ચોપડામાં ખરીદનોંધ તૈયાર કરો :

2018

ઑક્ટો. 1 ₹ 10,000નો માલ દીપક પાસેથી એક માસની શાખ પર ખરીદ્યો.

3 ₹ 20,000નો માલ સરદાર સ્ટોર્સમાંથી 10 % વેપારી વટાવે ખરીદ્યો. ભરતિયા નંબર 116

7 ₹ 18,000નો માલ પંકજ પાસેથી રોકડેથી ખરીદ્યો.

15 રાજેશને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

20 ₹ 16,000 નું ફર્નિચર વ્યાસ ફર્નિચર માર્ટમાંથી એક માસની શાખ પર ખરીદ્યું.

21 રાજેશે ઑર્ડર મુજબનો માલ મોકલી આપ્યો અને રેલવેનૂરના ₹ 1000 ઉમેરીને બિલનંબર 350 મોકલી આપ્યું.

24 ₹ 14,000નો માલ 5 % રોકડવટાવે ખરીદ્યો.

25 નિલેશ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો અને અડધાં નાણાં તરત જ ચેકથી ચૂકવી આપ્યા.

26 ચિરાગ પાસેથી ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે ખરીદ્યો. નાણાં તરત જ ચૂકવી આપ્યા.

30 નીતિન પાસેથી ₹ 40,000નો માલ ખરીદ્યો. બિલનંબર 151.

5. નીચેના વ્યવહારો ઉપરથી શ્રી ગડા ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સના ચોપડે ખાનાંવાળી ખરીદનોંધ તૈયાર કરો. શ્રી ગડા ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સ ટી.વી., ફ્રિજ અને વૉશિંગ મશીનની લે-વેચનો ધંધો કરે છે.

2018

મે 1 શ્રી દયા ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સ પાસેથી 10 નંગ ટીવી ₹ 30,000 નંગ દીઠ, 5 ફ્રિજ ₹ 15,000 નંગ દીઠ અને 2 વૉશિંગ મશીન ₹ 18,000 નંગદીઠના ભાવે ખરીદ્યા. શાખનો સમય 1 માસ. ભરતિયા નંબર 100.

7 શ્રી તારક ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સમાંથી 5 નંગ ટીવી ₹ 25,000 નંગ દીઠ અને 10 ફ્રિજ ₹ 16,000 નંગ દીઠના ભાવે 10 % વેપારીવટાવે ખરીદ્યા. ભરતિયા નંબર 151 મળ્યું. અડધાં નાણાં તરત જ રોકડેથી ચૂકવી આપ્યાં.

12 શ્રી અંબે સાઇકલ સ્ટોર્સમાંથી ₹ 5000ની સાઇકલ ખરીદી.

20 શ્રી આત્મારામ ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સમાંથી 5 ફ્રિજ ₹ 20,000 નંગદીઠ અને 10 વૉશિંગ મશીન ₹ 15,000 નંગ દીઠના ભાવે 10 % વેપારીવટાવે ખરીદ્યા અને 5 % રોકડવટાવે તરત જ રકમ ચૂકવી આપી.

25 શ્રી બબિતાને 20 નંગ ટીવી નંગ દીઠ ₹ 28,000ના ભાવે અને 6 નંગ વૉશિંગ મશીન ₹ 21,000ના ભાવે મોકલી આપવા ઑર્ડર આપ્યો.

31 શ્રી ગોકુલધામ ઇલેક્ટ્રૉનિક્સ સ્ટોર્સ પાસેથી 5 નંગ ટીવી ₹ 30,000 નંગ દીઠ અને 5 વૉશિંગ મશીન ₹ 23,000ના ભાવે ખરીદ્યા. વેપારીવટાવ 10 %. ભરતિયા નંબર 123.

6. રાજકોટના અભિષેક સ્ટોર્સ કે જે લોખંડના વેપારી છે. તેમના ચોપડે ખર્ચની નોંધ સહિતની ખરીદનોંધ તૈયાર કરો. તેઓ વસેક, રેલવેનૂર, મજૂરી જેવા ખર્ચાઓ નોંધવા અલગ ખાનાં રાખે છે. કુલ 12 % વસેક દરના આધારે ખરીદનોંધ તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને ખરીદનોંધ લખો.

2019

એપ્રિલ 1 શાહરૂખ સ્ટોર્સ પાસેથી ₹ 50,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો, મજૂરીના ₹ 2000 અને રેલવેનૂરના ₹ 5000 તેમના ભરતિયા નંબર 51માં દર્શાવેલ છે.

5 દિપીકા પાસેથી ₹ 30,000નો માલ 5 % વેપારીવટાવે ખરીદ્યો. મજૂરી પેટે ₹ 500 અને રેલવેનૂરના ₹ 600 સાથે કુલ રકમ રોકડેથી તરત જ ચૂકવી દીધી.

20 ₹ 40,000 નો માલ મુંબઈ (મહારાષ્ટ્ર)ના અમિતાભ પાસેથી 10 % વેપારીવટાવે ખરીદ્યો. જેમાં મજૂરીના ₹ 1000 અને રેલવેનૂરના ₹ 2500 લેખે બિલ નં. 251 મળ્યું. અમિતાભને અડધાં નાણાં તરત જ ચૂકવી દીધાં.

25 ₹ 35,000નું યંત્ર એક માસની શાખ પર પૂજા પાસેથી ખરીદ્યું. યંત્ર લાવવાની મજૂરી ₹ 2000 થઈ જે રોકડમાં ચૂકવવામાં આવી.

30 ચેન્નઈ (તમિલનાડુ)નાં અનુષ્કા પાસેથી ₹ 25,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે ખરીદ્યો. ભરતિયા નંબર 44 મળ્યું અને રેલવેનૂરના ₹ 500 દર્શાવેલ છે.

7. નીચેના વ્યવહારો પરથી શ્રી પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ કે જે લોખંડના વેપારી છે તેમના ચોપડામાં વેચાણનોંધ તૈયાર કરો.

2018

જૂન 1 નેહાને ₹ 20,000નો માલ 3 માસની શાખ પર વેચ્યો અને સાથે બિલ નંબર 80 મોકલી આપ્યું.

8 વિધિ સ્ટોર્સને ₹ 10,000નો માલ 5 % વેપારીવટાવે વેચ્યો. મજૂરીના ₹ 400 સાથેનું બિલ નંબર 85 મોકલી આપ્યું.